
# યુગઋષિનું માર્ગદર્શન ચેતવણી અને વેદના



આત્મવિજ્ઞાનથી માંડી વ્યવહારિક અધ્યાત્મના દરેક ક્ષેત્રને સ્પર્શતા ગાગરમાં સાગર જેવા કિંમતી વિચારોને ક્રમબદ્ધ રીતે આપની સમક્ષ મૂકવામાં આવે.

## યુગઋષિનું માર્ગદર્શન
## ચેતવણી અને વેદના

આશા રાખવામાં આવે છે કે વાચકો આ વિચાર અમૃત વડે જાતે લાભ મેળવે અને બીજા અનેકો સુધી આ રોશની પ્રકાશને ફેલાવે.



**ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :**

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર

http://awgp.org

## જીવન જીવવાની કળા – અધ્યાત્મ

જીવન વિષયક અધ્યાત્મનો સંબંધ આપણા ગુણ, કર્મ તથા સ્વભાવ સાથે છે. આપણે પોતાની અંદર સદ્ગુણો વધારતા રહેવું જોઈએ. બ્રહ્મચર્ય, સચ્ચરિત્રતા, સદાચાર, મર્યાદાપાલન અને શિસ્તપાલનને જીવન જીવવાની કલાના નિયમો ગણવામાં આવ્યા છે. વ્યસન, અવ્યવસ્થા, અસ્તવ્યસ્તતા તથા આળસપ્રમાદ જીવન કલાના વિરોધી ગુણો છે. તેમનો ત્યાગ કરવાથી જીવન શ્રેષ્ઠ અને બળવાન બને છે. આપણાં કર્મો પણ ગુણો જેવા જ હોવા જોઈએ. ગુણ તથા કર્મોમાં જો વિરોધ હોય તો જીવનમાં શાંતિ મળી શકતી નથી કે પ્રગતિ પણ જઈ શકતી નથી. જો આપણામાં સત્યનિષ્ઠાનો ગુણ હોય, પણ તેનું જીવનમાં આચરણ કરવાનું સાહસ ના હોય તો કર્મ જીવનકલાને પ્રતિકૂળ ગણાય છે તથા તે ગુણ પણ મિથ્યા થઈ જાયછે.

આપણે બધા હંમેશા પરમાર્થી અને સેવાભાવી તો હોઈએ અને કમ?માં આપણી એ ભાવનાઓને મૂર્તિમંત પણ કરીએ, પણ જો સ્વભાવથી ક્રોધી, કઠોર અને નિર્બળ હોઈએ તો એ સદ્ગુણો અને સત્કર્મોની કોઈ કિંમત રહેતી નથી. જો પરોપકાર દ્વારા કોઈને સુખી કરીએ અને બીજા કોઈ ઉપર ક્રોધ કરીએ તો એક કર્મનું પુણ્ય બીજા કર્મના પાપથી નષ્ટ થઈ જશે. ગુણ, કર્મ અને સ્વભાવ એ ત્રણેયનું સામંજસ્ય હોવું તે એવી વિશેષતા છે, જે જીવન જીવવાની કલામાં મદદરૂપ બને છે.

લોકિક જીવનને સુવિકસિત તથા સુસંસ્કારી બનાવ્યા પછી જ આત્મિક કે અલૌકિક જીવનમાં પ્રવેશ કરવો જોઈએ. તેનું ઉલ્લંઘન કરનારને કદાપિ સફળતા મળતી નથી. લૌકિક જીવનની નિકૃષ્ટતા આત્મિક જીવનના માર્ગમાં મોટી અવરોધ બની જાય છે. માનવજાતની અનેક સમસ્યાઓને હલ કરવા અને સફળ જીવન જીવવા માટે અધ્યાત્મથી વધારે સારો બીજો કોઈ ઉપાય નથી.

-અખંડ જ્યોતિ, જાન્યુઆરી-૧૯૬૯

## અધ્યાત્મ દ્વારા વિચારોની શુદ્ધિ

માણસ કુમાર્ગે ચઢી જાય છે તેનું મુખ્ય કારણ એ છે કે અસત્ય કે બેઈમાનીની જેમ સત્કમોનો કોઈ તાત્કાલિક લાવળી સત્કર્મો માટે થોડોક ત્યાગ કરવો પડે છે અને કષ્ટ પણ સહેવું પડે છે. આથી લોકો સન્માર્ગે ચાલવાના બદલે કુમાર્ગે વળી જાય છે. પવિત્ર વિચારોવાળા લોકો પોતાનાં કર્મોનાં દૂરગામી પરિણામો અને તેમનાથી સમાજને થનારા હાનિલાભનો વિચાર કરવાને પોતનું કર્તવ્ય માને છે. એવા પવિત્ર આત્માવાળા લોકો પોતાને દુખ પડે, છતા સત્કર્મોથી વિમુખ થતા નથી. કુકર્મથી થતા મોટા લાભને જતો કરીને સત્કર્મોથી મળતા ઓછા લાભથી જ સંતુષ્ટ રહે છે. વિચારોના  આધારે જ માણસ સુખી કે દુખી થાય છે. તેથી વિચારોને જ સમાજનો નવરચના અને તેની સ્વસ્થતાનો આધાર માનવો તે આપણા બધાનું પરમ પવિત્ર કર્તવ્ય છે.

નિષ્પાપ સમાજની રચનાનો આધાર આપણા સદ્વિચાર છે. સદ્વિચારોનું સર્જન કરવાનો ઉપાય અધ્યાત્મ છે. અધ્યાત્મવાદનો આધાર પરમાર્થ અને પરહિત હોવો જોઈએ. જે જેટલો અધ્યાત્મવાદી હ શે એટલા જ ઊંડાણથી દરેક પ્રાણીમાં પોતાના આત્માને જોશે. પરમાર્થી મનુષ્ય બીજાઓને પોતાનાથી જુદા માનતો નથી. તે બીજા કોઈને દુખ દેવાનો વિચાર સરખો પણ કરતો નથી. તે બીજાઓની સેવા કરવા સદા તત્પર રહે છે. પારકાની સેવા અને પરોપકારના પથિકની પાસે ખરાબ વિચારો ફરકી પણ શકતા નથી.

સંસારનાં સાચાં સુખશાંતિ અને નિષ્પાપ સમાજની રચનાનું સ્વપ્ન ત્યારે જ સાકાર થઈ શકે કે જ્યારે આસ્તિકતાપૂર્ણ અધ્યાત્મવાદ દ્વારા વિચારોને શુદ્ધ કરીને કુકર્મો પર પ્રતિબંધ મૂકી દેવામાં આવે. વિચારોને અનુરૂપ જ કર્મો થાય છે અને કર્મો અનુસાર જ સુખદુઃખ પ્રાપ્ત થાય છે. સંસારમાં કાયમી અને સાચા સુખશાંતિનો બીજો કોઈ ઉપાય જણાતો નથી.

-અખંડ જ્યોતિ, જાન્યુઆરી-૧૯૬૯

## અમે પ્રેમનો સોદાગર

જો મારી કોઈ વિશેષતા તથા બહાદુરી હોય તો તે એટલી જ છે કે પ્રલોભનો અને અકર્મણ્યતાને દૂર કરીને દૈવી નિર્દેશોનું પાલન કરવા માટે મેં મારા તમામ સાહસ અને મનોબળને કામે લગાડયું. મારા ગુરુએ જ સુઝાડયું એવું જ વિચાર્યું અને જે કહ્યું તે જ કર્યું.

મેં જીવનમાં એક જ વસ્તુની કમાણી કરી છે – પ્રેમ. એક સંપત્તિ મેળવી છે- પ્રેમ. મેં એક જ રસ ચાખે છે અને તે છે પ્રેમનો રસ.  દરેકે વિશ્વાસ રાખવો જોઈએ કે મારી પાસે બીજું કાંઈ હોય કે ન હોય, પરંતુ અપાર પ્રેમ અને મમતાથી ભરેલું અંતઃકરણ અવશ્ય છે. જેમણે મને તલ જેટલો પ્રેમ કર્યો છે એના માટે મારા મનમાં પહાડ જેટલી મમતા પેદા થઈ છે.

લોકો મને ગમે તેવો માનતા હોય, ગમે તેવો સમજતા હોય, કોઈ તાંત્રિક, કોઈ લોકસેવક, કોઈ વિદ્વાન, કોઈ તપસ્વી, કોઈ તત્વદર્શી કે કોઈ પ્રતિભાનો પુંજ માનતું હોય, પરંતુ મારી સમજ પ્રમાણે હું મને એક અતિ સહૃદય, અતિ ભાવુક અને અતિશય પ્રેમાળ પ્રકૃતિનો એક નગણ્ય મનુષ્ય જ માનું છું. પ્રેમ કરવામાં, શીખવામાં અને શીખવવામાં મારી આખી જિંદગી જતી રહી. જો મેં કોઈ ધંધો કર્યો હોય તો એ જ છે કે મોંઘી કિંમતે પ્રેમ ખરીદ્યો અને સસ્તા ભાવે તેને વેચવાનો જ કર્યો છે.

મારી એક જ મુખ્ય સંપત્તિ છે – પ્રેમ. એના બળે જ તપ, સંતોષ વિવેક, સેવા, સ્વાધ્યાય, શ્રમ વગેરે સત્પ્રવૃત્તિઓને સ્થાયી રૂપે પ્રાપ્ત કરવાનો અવસર મળ્યો છે. આત્મવિશ્લેષણ, ચિંતન, મનન અને અંતરના મંથનના આધારે ખાતરીપૂર્વક કહી શકું છું કે મને જો કોઈ આંતરિક વિભૂતિઓ મળી છે અને એમની મદદથી બાહ્યજગતમાં થોડીક હલચલ પેદા કરવાનો અવસર મળ્યો હોય તો તેનું એકમાત્ર કારણ મારા અંતરમાં છલોછલ ભરેલો પ્રેમ જ છે. લોકોએ પ્રેમ કરતાં શીખવું જોઈએ. પોતાનામાં, પોતાના આત્મા અને જીવનમાં, કુટુંબમાં, સમાજમાં, કર્તવ્યમાં, ઈશ્વરમાં અને દસેય દિશાઓમાં પ્રેમ વિખેરવો અને તેના પ્રતિધ્વનિનું ભાવભર્યું અમૃત પીને ધન્ય થઈ જવું એ જ જીવનની સફળતા છે. -અખંડ જ્યોતિ, જાન્યુઆરી-૧૯૬૯

## આજના યુગની મુખ્ય જરૂરિયાત વિચારક્રાંતિ

બધી જ વિકૃતિઓ, દુખો, શોકસંતાપ, સંઘર્ષ, ઝઘડા, અભાવ, અપરાધો, રોગો, ક્ષોભ વગેરેનું એક માત્ર કારણ આપણું ચિંતન કલુષિત થઈ જવું એ જ છે. ખરાબ ચિંતન જ તમામ ઝઘડાઓનું મૂળ છે. દુર્બુદ્ધિ જ તમામ વિપત્તિઓને જન્મ આપે છે. ખરાબ વિચારો જ નારકીય પરિસ્થિતિ પેદા કરે છે. બધી જ સગવડો હોય, પરંતુ જો વિચાર પદ્ધતિ યોગ્ય ના હોય તો માણસને દુખ જ પ્રાપ્ત થાય છે અને તે બીજા લોકોને પણ દુખી કરતો રહેશે.

આપણી શારીરિક, માનસિક, આર્થિક, પારિવારિક, સામાજિક, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સમસ્યાઓનું કારણ લોકોનું ખરાબ ચિંતન જ છે. જો ભૂલનાં કારણોને સુધારવામાં ના આવે તો સુધારાના બધા પ્રયત્નો નકામાં સાબિત થશે. તેથી ખરેખર જો આજની સમસ્યાઓનું સમાધાન કરવું હોય તો સમગ્ર સંસારની અને ખાસ કરીને ભારતના લોકોની ચિંતનપદ્ધતિને સુધારવી પડશે. એનાથી જ નૈતિક તથા સાંસ્કૃતિક પુનરુત્થાન થઈ શકશે. વિશ્વશાંતિનો આના સિવાય બીજો કોઈ માર્ગ નથી.

આજના યુગમાં એક સર્વતોમુખી વિચારક્રાંતિની જરૂર છે. તે આજે કરવામાં આવે કે હજાર વર્ષ પછી, એના સિવાય બીજો કોઈ માર્ગ નથી. સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો અને સાચો ઉકેલ શોધવાનો જ્યારે પણ પ્રયત્ન કરવામાં આવશે ત્યારે ફકત એક જ નિષ્કર્ષ નીકળશે, એક જ માર્ગ જણાશે કે લોકમાનસની વર્તમાન વિચારપદ્ધતિને બદલવી પડશે. લોકોના સ્વતંત્ર ચિંતન અને વિવેકને જાગ્રત કરવા પડશે કે જેથી દરેક બાબત પર ગુણદોષની દૃષ્ટિએ વિચાર કરવાનું અંતને યોગ્યતાની કસોટીએ કસીને દરેક કાર્ય કરવાનું સાહસ જીવંત થઈ જાય.

આજે આપણે પરંપરાઓ, અંધવિશ્વાસ, મૂઢ માન્યતાઓ, દુરાગ્રહો અને આંધળા અનુકરણ દ્વારા આપણી જીવનદિશા નક્કી કરીએ છીએ. જો વિવેક અને ઔચિત્યની કસોટી પર કસવામાં આવે તો મોટા ભાગની માન્યતાઓ અને નીતિઓને બદલવાની તથા સુધારવાની ફરજ પડશે. આ વિવશતાને સ્વેચ્છાથી સુધારવાની પ્રક્રિયામાં બદલી નાખવાના પ્રયાસને વિચારક્રાંતિ કહી શકાય. વર્તમાન નારકીય પરિસ્થિતિઓને ભાવિ સતયુગના રૂપમાં બદલવાનો આ એક જ ઉપાય છે. આજે આ જ જ્ઞાનરૂપી ગંગાનું અવતરણ કરવા માટે ભગીરથ પ્રયત્નો કરવાની જરૂર છે.
-અખંડ જ્યોતિ, ઓગસ્ટ ૧૯૬૯

## માત્ર સાંભળશો જ નહિ, કંઈક કરો પણ ખરા

આપણે આપણા દર્દને સ્વજનોના અંતઃકરણમાં સ્થાપી શકીએ, આપણી આગની ચિનગારી પરિજનોની અંદર પ્રજ્વલિત કરીએ એમાં જ એમનું સાચું હિત છે અને સમાજનું પણ કલ્યાણ છે. નહિ તો પૂજાપાઠના એકાકી પ્રયાસ રેતીમાંથી તેલ કાઢવા જેવા નકામાં સાબિત થશે.

આજે બધું મોટી સંખ્યામાં ધર્મવ્યવસાયીઓ આવી જ પ્રવૃત્તિઓમાં મગ્ન રહીને ફકત બ્રાહ્માંડબર કરે છે. જો ભજનપૂજનથી જ આત્મકલ્યાણ થતું હોત તો આવડી મોટી ધર્મસેના ફકત ભારતનું જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વનું ઉત્થાન અને ઉદ્ધાર કરવામાં સફળ થઈ ગઈ હોત. ખરેખર તો એવું જોવા મળે છે કે આ વિશાળ સંપ્રદાય પોતાની જાતને છેતરી રહ્યો છે અને ઉપહાસનું કારણ બની ગયો છે. મારી એવી અભિલાષા છે કે આપણા સ્વજનો તથા પરિજનોમાં નવનિર્માણ માટે કંઈક કરવાની સક્રિયતા પેદા કરી દઉં.

મેં મારું સમગ્ર જીવન જે મિશન માટે ખર્ચી નાખ્યું, જેના માટે હું આજીવન પ્રકાશ તથા પ્રેરણા આપતો રહ્યો તેનું થોડું ઘણું સક્રિય રૂપ તો દેખાવું જોઈએ. મારા પ્રત્યે આસ્થા અને શ્રદ્ધા વ્યકત કરનારા પરિજનો શું મારા અનુરોધનો અમલ કરશે ખરા ? શું મારા પગલુ પગલે આગળ વધી શકશે ખરા ? એ પણ જોવું જોઈએ કે જેથી મને ખાતરી થાય કે મેં સાચા સાથીઓના રૂપમાં પરિવારનું સર્જન કર્યું છે કે નહિ. આ પરખથી વસ્તુ સ્થિતિ પ્રત્યક્ષ થઈ જશે અને હું આપણા પરિવાર સાથે જોડાયેલા પશ્નોની યથાર્થતા કે નિરર્થકતા વિશે કોઈ યોગ્ય નિષ્કર્ષ પર પહોંચી શકીશ.

-અખંડ જ્યોતિ, ઓગસ્ટ ૧૯૬૯

## પ્રથમ ચરણ વિચારક્રાંતિ, પછીથી સંઘર્ષ

નવનિર્માણ માટે હજુ ઘણું કામ કરવાનું છે. વિચારોનો પ્રસાર તો એનાં બીજ વાવવા સમાન છે. એના વગર આગળનું કામ ચાલી શકે નહિ. વિચારોની ઉપયોગિતા, મહત્તા, શક્તિ અને તેની અનિવાર્યતાનું રહસ્ય દરેકના મગજમાં ઠાંસીઠાંસને ભરવાનું છે અને લોકોને બતાવવાનું છે કે મનુષ્યની મહાનતા અને સમાજની પ્રખરતા તેની વિચારપધ્ધતિમાં જ રહેલી છે. પરિસ્થિતિ બગડવાનો કે સુધરવાનો આધાર વિચાઅરો જ છે. વિવેકના પ્રકાશમાં એ જોવું જોઈએ કે આપણામાં કેટલા નકામા અને બિનઉપયોગી વિચારો રહેલા છે અને તેમણે આપણી કેટલી દુર્ગતિ કરી છે. આપણે એક તત્વદર્શીની જેમ વસ્તુસ્થિતિનું વિશ્લેષણ કરવું જોઈએ અને નિર્ણય કરવો પડશે કે કયા આદર્શો અને શ્રેષ્ઠ તત્વોને અપનાવવા જોઈએ કે જેથી વર્તમાન નારકીય પરિસ્થિતિઓને દૂર કરીને ઉજ્જવળ ભવિષ્યના સોનેરી સ્વપ્નોને સાકાર કરી શકાય. વિચારક્રાતિનું મૂળ આ સ્વતંત્ર ચિંતન જ છે.

પછીના ચરણમાં અનેક સંઘર્ષાત્મક કાર્યો કરવા પડશે. યુગપરિવર્તન અને ધરતી પર સ્વર્ગનું અવતરણ કરવા માટે અગણિત પ્રયાસો કરવા પડશે. તેની બહુમુખી વ્યાપક યોજના મારા મગજમાં છે. તેની થોડીક ઝાંખી સો સૂત્રી યોજનામાં કરાવી છે. તે મારો રચનાત્મક પ્રયાસ હશે. સંઘર્ષાત્મક માર્ગ એક તરફ છે. તેના પ્રમાણે અનિચ્છનીયતા, અનૈતિકતા તથા અસામાજિકતા વિરુદ્ધ ઘેરાવ કરવાથી માંડીને સમગ્ર બહિષ્કાર કરવા જેવી પ્રવૃત્તિઓ સામેલ છે. તેનાથી દુષ્ટતા તથા ઉચ્છૃંખલતાનાં મૂળિયાં ઉખડી જશે. જાગ્રત અને સમર્થ લોકોની એક સ્વયંસેવક સેના જીવ હથેળીમાં રાખીને ઉભી થઈ જાય તો આજે ચારેય બાજુ અનૈતિકતાની જે બોલબાલા છે તે તણખલાની જેમ ઉડીને કયાંય જતી રહેશે. જો કે આ તો પછીની વાત છે. આજે તો વિચારક્‍રાંતિનું પ્રથમ ચરણ ભરવાનું છે. અત્યારે તો ખરાબ પ્રવૃત્તિઓમાં રાચતા લોકોને જગાડવાના છે.

-અખંડ જ્યોતિ, ઓગસ્ટ ૧૯૬૯

## અમે અને મિશન એક જ છીએ

જીવનની એક જ દિશામાં ચાલતા રહેવાથી, વિચાર અને પ્રક્રિયાનો એક જ પ્રવાહ વહેવાથી, આત્મા અને પરમાત્માની એક સંયુકત પ્રેરણાનો અનુભવ કરતા રહેવાથી, કર્તવ્ય અને ધર્મના એક જ નિર્દેશનું પાલન કરવાથી હવે મારું વ્યક્તિત્વ નિર્દિષ્ટ લક્ષ્ય સાથે તન્મય અને એકાકાર થઈ ગયું છે. મારું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ કે સત્તા નથી.

જેઓ મને પ્રેમ કરતા હોય તેમણે આપણા મિશનને પણ પ્રેમ કરવો જોઈએ. જે આપણા મિશનની ઉપેક્ષા કે તિરસ્કાર કરે છે તે મારો પણ તિરસ્કાર અને ઉપેક્ષા કરે છે. વ્યીકતગત રૂપે કોઈ ભલે મારી ગમે તેટલી ઉપેક્ષા કરે, પણ જો તે આપણા મિશન પ્રત્યે શ્રદ્ધાવાન હોય અને એના માટે કંઈક કરતો હોય તો તે મારી ઉપર અમૃતવર્ષા કરી રહ્યો છે, મને ચંદનનો લેપ લગાડી રહ્યો છે, પરંતુ જો કોઈને ફકત મારા વ્યક્તિત્વ પ્રત્યે જ શ્રદ્ધા હોય, મારા શરીરનો જ મોહ હોય, તેની જ પૂજા કે પ્રશંસા કરતો હોય અને મિશનને એક બાજુએ મૂકી દેતો હોય તો તે મારા પ્રાણનો તિરસ્કાર કરીને ફકત મારા શરીરને પંખો નાખે છે.

લોકોની દૃષ્ટિએ વ્યક્તિગત પૂજા પૂરતી છે. મિશનની ઝંઝટમાં પડવાની જરૂર નથી, પરંતુ મારી દૃષ્ટિએ શરીરપૂજા તો માત્ર મૂતિપૂજા જ છે. દેવપૂજા તો શ્રદ્ધાયુકત પ્રાણપ્રવાહ સાથે વહેવાથી જ થાય છે. હુ તો મિશનને આગળ વધતું જોઈને જ પ્રસન્ન અને સંતુષ્ટ થાઉં છું. એમાં જ મારો તમામ આનંદ અને ઉલ્લાસ કેન્દ્રીભૂત થઈ ગયો છે.

કોઈની સાથે મારી કેટલી નિકટતા છે તેની પરખ એ બાબતથી કરુ છું કે તેણે મારી સાથે ખભેખભા મેળવીને મારો કેટલો ભાર ઓછો કર્યો અને મારા પગલે પગલે ચાલીને મારી સાથે કેટલી યાત્રા કરી.

મારા માટે નિંદા અને સ્તુતિ સમાન છે. જયારે મારું અલગ વ્યક્તિત્વ રહ્યું જ નથી, તે મિશનનમાં જ ભળી ગયું છે, તો પછી તે મૃતપ્રાય શરીરનો મને શો મોહ હોય ? પછી એની પૂજા, પ્રશંસા કે અભ્યર્થનાનો મારી ઉપર શો પ્રભાવ પડે ? કામનાઓ, આકાંક્ષાઓ અને અભાવની સાંસારિક મર્યાદા જ ખલાસ થઈ ગઈ હોય, તો પછી તેની પ્રાપ્તિમાં શો રસ પડે ? મારી સંપૂર્ણ સરસ્તા અને લક્ષ્ય મિશનમાં જ છે અને તેની ઉત્સાહવર્ધક પ્રવૃત્તિઓથી જ મને ઉલ્લાસ અને સંતોષ મળે છે.

-અખંડ જ્યોતિ, ઓગસ્ટ ૧૯૬૯

## અમે સ્વર્ગ અને મોક્ષ મેળવી ચૂકયા

માણસને ધન, માન, સ્ત્રી, પુત્ર વગેરે સુખનાં સાધનો મળી જાય તેમાં તેનું સાચું હિત નથી, પરંતુ તેનો અંતરાત્મા સદ્ગુણોથી સંપન્ન બને તથા તે માત્ર પોતાનું જ નહિ, પણ બીજા અસંખ્ય લોકોનું કલ્યાણ કરતાં પૂર્ણતાના પરમ લક્ષ્યને પ્રાપ્ત કરે એમાં જ રહેલું છે. આપણે આપણા સ્વજનોના સાચા હિતેચ્છુ બનવું જોઈએ. તેમને તેમની વર્તમાન પ્રવૃત્તિઓ તથા વિચારો સુધી સીમિત નહિ રહેવા દઈએ, વાસના અને તૃષ્ણાના કાદવમાં ખૂંપેલા અને પેટ પ્રજનનની જાળમાં ફસાયેલા નહિ રહેવા દઈએ. તેઓ ઉન્નતિ કરે અને પ્રકાશવાન બનીને વિશ્વમાં પોતાનો પ્રકાશ દૂર દૂર સુધી ફેલાવે તે માટે તેમને મદદ કરીશું.

તપ કરવાનું કારણ આ જ છે. મારે સ્વર્ગે જવું નથી. મેં સ્વર્ગ મેળવી લીધું છે અને તે મારા દૃષ્ટિકોણમાં સંપૂર્ણ રૂપે વ્યાપેલું છે. મારે મુક્તિ જોઇતી નથી. તે પણ મેં મેળવી લીધી છે. તૃષ્ણા અને વાસનાનાં, લોભ અને મોહનાં અને અહંકાર તથા અજ્ઞાનનાં બંધનો કપાઈ જતા જીવ મુક્ત બની જાય છે. મરવા કે જીવવા સાથે મોક્ષનો કોઈ સંબંધ નથી. હું જીવતો છું, એમ છતાં કોઈ બંધનમાં બંધાયેલો નથી. જ્યારે કોઈ બંધન જ રહ્યું નથી, તો પછી મોક્ષની કયા જરૂર રહી ? મારે સિદ્ધિઓ પણ જોઇતી નથી.

ચમત્કારો પ્રત્યે મને નફરત છે. તેને તો હું બાળબુદ્ધિની એક કૌતુકક્રીડા માનું છું. ઉચ્ચ કક્ષાના લોકો માટે ચમત્કારી બનવું તે હાસ્યાસ્પદ છે. ઈશ્વરના અસંખ્ય  ચમત્કારોની જેમને ડગલે ને પગલે અનુભૂતિ થતી નથી એવા લોકો જ તુચ્છ ચમત્કારોને મહત્વ આપે છે અને હલકા લોકો જ એવા છીછરા આધાર દ્વારા અણસમજુ લોકોની શ્રદ્ધા મેળવે છે. ઉચ્ચ લોકોનો માર્ગ જુદો જ છે. મને રિધ્ધિસિધ્ધિઓ પ્રત્યે કોઈ આકર્ષ નથી. આત્માની ઉત્કૃષ્ટતા સંસારની સૌથી મોટી સિદ્ધિ છે. તેની અંદર બધું જ આવી જાય છે. મારી આવી માન્યતાના કારણે મને સ્વર્ગ, મુક્તિ કે સિદ્ધિ માટે કંઈ પણ કરવાની ઇચ્છા થતી નથી.

-અખંડ જ્યોતિ, ઓગસ્ટ ૧૯૬૯

## ચમત્કારોમાં રસ ના લેશો

કેટલાક લોકો ચમત્કારિક સાધનાઓનું વિધાન જાણવાની અને પ્રગતિ માટે આશીર્વાદ મેળવવાની ઇચ્છા રાખે છે. એમને હું હંમેશા કહું છું  કે માગવાથી નહિ, પણ પાત્રતા કેળવવાથી જ મળે છે. ચમત્કારિક સાધનાઓનાં વિધાન હું જાણું છું. તે જણાવવામાં પણ કોઈ વાંધો નથી, પરંતુ તે સાધના કરનાર સાધક ફકત કર્મકાંડ સુધી સીમિત રહેવાના બદલે પોતાની ભાવનાઓને પણ આધ્યાત્મિક બનાવે તો જ તેને સફળતા મળે છે. ફકત વિધાન કે કર્મકાંડથી કોઈ સિદ્ધિ મળતી નથી. તે માટે સાધકની મનોભૂમિ ઉચ્ચ હોવી જરૂરી છે. એની અનિવાર્ય શરત ઉદાર, પરોપકારી, નિઃસ્વાર્થ અને સહૃદય બનવું તે છે.

જેઓ કંજૂસ, અનુદાર, નિષ્ઠુર, સ્વાર્થી અને લુચ્ચા હોય તેમને કોઈ ઉચ્ચ આધ્યાત્મિક વિભૂતિનો લાભ મળી શકતો નથી. એ જ રીતે માત્ર બોલીને કે કલમથી લખીને આશીર્વાદ આપી શકાતા નથી. તેની પાછળ જો તપની પૂંજી જોડવામાં આવી હોય તો જ વરદાન સફળ થાય છે. ગમે તેના માટે તપની પૂંજી ખર્ચી શકાય નહિ.

ગાય પોતાના જ વાછરડાને દૂધ પિવડાવે છે. બીજાં વાછરડા માટે તેના આંચળમાં દૂધ ઊતરતું નથી, એ જ રીતે આશીર્વાદ પણ પોતાના જ વર્ગ અને પ્રકૃતિના લોકો માટે વરસે છે. ફકત ચાલાકી અને ખુશામતના આધારે કોઈનું તપ લૂંટી લેવાનો પ્રયત્ન  સફળ જતો નથી. આ તથ્યોના આધારે હું જે પ્રેમીજનો ચમત્કારિક વિધાનોની જાણકારી તથા આશીર્વાદ મેળવવાની ઇચ્છા રાખે છે તેમને એક જ વાત સમજાવું છું કે જો તેઓ ખરેખર સફળતા મેળવવા ઇચ્છતા હોય તો તેમણે એક જ વાત  સમજાવું છું કે જો તેઓ ખરેખર સફળતા મેળવવા ઇચ્છતા હોય તો તેમણે પોતાની આંતરિક સ્થિતિને ઉચ્ચ બનાવવી જોઈએ. એ ઊંચાઈ વધી શકે તે માટે હું તેમને જ્ઞાનયજ્ઞ જેવાં પવિત્ર કાર્યોની સાધના કરવાનો તથા એમાં સક્રિય ભાગ લેવાનો અનુરોધ કરું છું.

લોકકલ્યાણ, પરમાર્થ અને યુગની માગ પૂરી કરવાનું કર્તવ્ય નિભાવવા માટે જ નહિ, પરંતુ આધ્યાત્મિક લાભ મેળવવા માટે જરૂરી પાત્રતા પેદા કરવાની દૃષ્ટિએ પણ મારું માર્ગદર્શન જરૂરી છે. મોટા પરિવર્તનો માટે મોટી કાર્યપદ્ધતિઓ અપનાવવી પડે છે. આપણે નાનામોટા અનેક આંદોલનો શરૂ કરવા પડશે, સંઘર્ષ કરવા પડશે, પ્રશિક્ષણ સંસ્થાઓ ચલાવવી પડશે તથા રચનાત્મક કાર્યો માટે વિશાળકાય સંસ્થાનોનું સર્જન કરવું પડશે. એ ખૂબ વ્યાપક અભિયાનમાં લાખો મનુષ્યોના શ્રમ સહયોગ, ત્યાગ, બલિદાન, સૂઝ તથા પુરુષાર્થનો ઉપયોગ કરવામાં આવશે.

-અખંડજ્યોતિ, સપ્ટેમ્બર-૧૯૬૯

## પરિવર્તન થઈને જ રહેશે – પશ્ચાતાપથી બચો

ભારતના સ્વતંત્રતા આંદોલનમાં કેટલી જનશક્તિ તથા ધનશક્તિ ખર્ચાઈ હતી તે બધા જાણે છે. તે ફકત ભારત અને તેના રાજનૈતિક ક્ષેત્ર સુધી જ સીમિત હતી. આપણા અભિયાનનું કાર્યક્ષેત્ર સમગ્ર વિશ્વ છે અને પરિવર્તન ફકત રાજનીતિમાં નહિ, પરંતુ વ્યક્તિ તથા સમાજના દરેક ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તન કરવાનું છે. એ માટે કેટલાક સર્જનાત્મક તથા સંઘર્ષાત્મક મોરચા ખોલવા પડશે એની કલ્પના દીર્ઘદૃષ્ટિવાળો કોઈપણ મનુષ્ય કરી શકે છે. વર્તમાન અસ્તવ્યસ્તતાને સુવ્યવસ્થામાં બદલવી તે એક મોટું કામ છે. માનવીની વિચારણા, દિશા, આકાંક્ષા, અભિરુચિ અને પ્રકૃતિને બદલી નાખવી, નિકૃષ્ટતાના બદલે ઉત્કૃષ્ટતાની સ્થાપના કરવી અને તે પણ પૃથ્વી પર રહેતા સાડા છ અબજ લોકોમાં એ ખરેખર ખૂબ મોટું અને ઐતિહાસિક કામ છે. એમાં અગણિત વ્યક્તિઓ, અનેક આંદોલન તથા અનેક તંત્રોની સમન્વય થશે. આ એક અવશય ભાવી પ્રક્રિયા છે.

મહાકાળ તેને પોતાની રીતે કરી રહ્યા છે. કોઈપણ માણસ જોઈ શકશે કે આજની વૈજ્ઞાનિક પ્રગતિની જેમ કાલે ભાવનાત્મક પ્રગતિ માટે પણ પ્રબળ પ્રયત્નો થશે અને એમાં એક એકથી ચઢિયાતાં વ્યક્તિત્વો તથા સંગઠનો ગજબની ભૂમિકા ભજવશે. આ કોઈ સ્વપ્ન નહિ, પરંતુ સચ્ચાઈ છે. આગામી દિવસોમાં દરેક જન તેને મૂર્તિમંત થતી જોશે. આને ભવિષ્યવાણી ના માનવી જોઈએ. એ એક હકીકત છે. તેને હું મારી આંખો પર લગાવેલા દૂરબીનથી પ્રત્યક્ષ જોઈ રહ્યો છું. થોડા સમય પછી દરેક જણ તેને પ્રત્યેક્ષ જોશે.

આગામી દિવસોમાં સમગ્ર સંસારનું પરિવર્તન કરી નાખનારું એક ભયંકર તોફાન વિદ્યુતગતિથી આગળ વધી રહ્યું છે. તે આ સડી ગયેલી દુનિયાને સમર્થ, પ્રબુદ્ધ, સ્વસ્થ અને સમુન્નત બનાવીને જ જંપશે.

આગામી સમયમાં જે સોનેરી ઉષાનો ઉદય થવાનો છે તેના સ્વાગતની તૈયારીમાં આપણે લાગી જવું જોઈએ. આપણો જ્ઞાનયજ્ઞ એવા જ પ્રકારનો શુભારંભ છે, મંગલાચરણ છે. અસુરતાને કચડી નાખીને માનવતાની સ્થાપનાનો સંકલ્પ ઈશ્વરીય પ્રેરણાનું પ્રતીક છે. તેની વ્યાપકતા તથા સફળતા નક્કી જ છે. કોઈ વ્યક્તિના સાહસની રાહ જોયા વગર તે પોતાના માર્ગ પર આગળ વધતો રહેશે. તે વાવાઝોડું પોતાના વેગથી આગળ વધતું રહેશે. પ્રશ્ન એટલો જ છે કે જેમને કોઈ મહત્વની ભૂમિકા ભજવવાની છે તેઓ જાગ્રત થયા કે પછી અવસાદની મૂર્છામાં પડી રહીને પોતાને કલંક અને પ્રશ્ચાત્તાપના ભાગીદાર બનાવવાનો દુર્ભાગ્યપૂર્ણ ખેલ ખેલતા રહ્યા. -અખંડજ્યોતિ, સપ્ટેમ્બર, ૧૯૬૯

## ભાગેડુ સૈનિકની દુર્દશાથી બચો

આપણે ભાગ્યશાળી છીએ કે સસ્તામાં આપણું કામ થઈ રહ્યું છે. અસલી કામ અને મોટો ત્યાગ તથા બલિદાન તો હવે પછી આગળ આવનારા લોકોને આપવા પડશે. આપણા માથે જ્ઞાનયજ્ઞનું સમિધાદાન અને આજ્યાહુતિ હોમનું માત્ર પ્રથમ ચરણ જ આવ્યું છે. આકાશને આંબતી જવાળાઓમાં આહુતિઓ આપવાનું કામ હવે પછી આવનારા લોકો કરશે. આપણે પ્રચારપ્રસારની સામાન્ય પ્રક્રિયાઓ પૂરી કરીને સસ્તામાં છૂટી ગયા. રચનાત્મક અને સંઘર્ષાત્મક અભિયાનોનો બોજ તો હવે પછી આગળ આવનારા લોકો પર પડશે. કોઈ પણ પ્રબુદ્ધ વ્યક્તિ નવનિર્માણના આ મહાભારતમાં ભાગીદાર બન્યા વિના રહી શકશે નહિ. જો એવા લોકો કૃપણતા અપનાવશે તો તે તેમને બહુ મોંઘી પડશે. યુદ્ધના મેદાનમાંથી ભાગી જનારા સૈનિકોની જે દુર્દશા થાય છે એવી જ ખરાબ દશા એમની પણ થશે. ઘણા લાંબા સમય પછી યુગપરિવર્તનનું પુનરાવર્તન થઈ રહ્યું છે. રિઝર્વ ફોર્સના સૈનિકો ઘણા સમય સુધી મોજમજા કરતા રહે અને જ્યારે યુદ્ધનો પ્રસંગ આવે ત્યારે છુપાતા ફરે તો તે અયોગ્ય છે. પરિજનો એકાંતમાં બેસીને પોતાની વસ્તુસ્થિતિ પર વિચાર કરે. તેઓ કીડીમંકોડા જેવું જીવન જીવવા નથી જન્મ્યા. તેમની પાસે જે આધ્યાત્મિક સંપત્તિ છે તે અકારણ નથી. હવે તેનો અભીષ્ટ કાર્યમાં ઉપયોગ કરવાનો સમય આવી ગયો છે,  તેથી તેના માટે આગળ આવવું જ જોઈએ.

આગામી આજની જ્ઞાનયજ્ઞ નાનકડો છે. તેની સામાન્ય જવાબદારી આપણા ખભે આવી છે. યુગનિર્માણની વિશાળકાર્ય પ્રક્રિયામાં એ તો બીજ વાવવા સમાન છે. તેનું શ્રેય તથા સુઅવસર આપણને મળ્યાં છે તો એ માટે ઉત્સાહપૂર્વક આગળ આવવું જોઈએ. જ્ઞાનયજ્ઞના આ નાનકડા કાર્યક્રમને આગળ વધારવા માટે આપણે આપણી જવાબદારી નિભાવવી જોઈએ અને નિષ્ઠા તથા ઉલ્લાસપૂર્વક આગળ આવવું જોઈએ. આપણો જ્ઞાનયજ્ઞ અધૂરો ના રહેવો જોઈએ.

આજે વિવેકનું સ્થાન અવિવેક લઈ લીધું છે. તે અવિવેકને દૂર કરવાનો છે. દસેય દિશાઓમાં અજ્ઞાનની જ બોલબાલા થઈ જાય અને જ્ઞાન બિચારું એક ખૂણામાં વલખાં મારતું રહે તે યોગ્ય નથી. લોકોના મનમાં અત્યાચાર પ્રત્યે આકર્ષણ થાય અને આદર્શવાદનો તેઓ તિરસ્કાર કરે તે અસહ્ય છે. માનવજીવનમાં પશુપ્રવૃત્તિઓને સ્થાન મળે તે દુર્ભાગ્ય છે. નૈતિક તથા સાંસ્કૃતિક પુનરુત્થાનની પ્રક્રિયાને વ્યાપક બનાવવા માટે જ્ઞાનયજ્ઞ અનિવાર્ય છે. તે આ યુગનું સૌથી મોટું અભિયાન છે.

-અખંડજ્યોતિ, સપ્ટેમ્બર, ૧૯૯૯

## અમારી શપથને પૂરો કરીને જ જંપીશ

આદર્શોની ચર્ચા તો બહુ થતી રહે છે, પરંતુ વ્યવહારમાં ક્યાંય તેનાં દર્શન થતાં નથી. જે વિચારવામાં અને કરવામાં આવે છે તે નિકૃષ્ટ કોટિનું હોય છે. વાસના અને તૃષ્ણા સિવાય જો બીજી કોઈ આકાંક્ષા જ ના જાગે તો એવા માનવસમાજને નરપશુઓનું ઝુંડ જ કહેવો જોઈએ. એવી પરિસ્થિતિમાં માણસે અસંતોષની આગમાં  બળવું પડે છે અને સમાજે અનેક વિપતિઓ અને સમસ્યાઓમાં ફસાઈને સર્વનાશના ખરાબ પરિણામો ભોગવવા પડે છે. આજે આપણે વ્યક્તિ તથા સમાજને એ ભયંકર સમસ્યાઓમાં ફસાયેલા અને દુખી પણ જોઈ રહ્યા છીએ.

આ સ્થિતિને એમ ને એમ ચાલવા દઈ શકાય નહિ. ઘણા સમયથી જે દિશામાં ચાલી રહ્યા છીએ તેમાં આગળ વધવામાં જોખમ છે. આજે આપણે સર્વનાશના આરે આવીને ઊભા છીએ. જો એ તરફ થોડાક જ આગળ વધીશું. અનીતિ અને અજ્ઞાનમાં ફસાયેલો સમાજ સામૂહિક આત્મહત્યા કરી બેસશે. હવે આપણે પાછાં ફરવું પડશે. સામૂહિક આત્મહત્યા થાય તે આપણે ઇચ્છતા નથી. નરકની આગમાં બળવાનું આપણને સ્વીકાર્ય નથી. માનવતાને નિકૃષ્ટતાના કલંકથી નહિ રહેવા દઈએ. પતન અને વિનાશનું નિવારણ કરવું જ પડશે. દુર્બુદ્ધિ અને દુષ્પ્રવૃતિઓને હવે સહન કરી શકાય નહિ. અજ્ઞાન અને અવિવેકની સત્તાને શિરોધાર્ય કરી શકાય નહિ. હું આ પરિસ્થિતિઓને બદલને જ જંપીશ. હું સોગંદપૂર્વક પરિવર્તનના માર્ગે ચાલી રહ્યો છું અને જયાં સુધી સામર્થ્યનું એક ટીપું પણ હશે ત્યાં સુધી ચાલતો જ રહીશ. અવિવેકને દૂર કરીશ. જયાં સુધી વિવેકની સર્વત્ર સ્થાપના ના થાય ત્યાં સુધી ચેનથી બેસું નહિ. ઉત્કૃષ્ટતા તથા આદર્શવાદના પ્રકાશ કિરણોને દરેક અંતઃકરણ સુધી પહોંચાડીશ. માનવીની ચેતનાને વાસના તથા તૃષ્ણાના કાદવમાંથી બહાર કાઢીશ. માનવ સમાજને કાયમ માટે દુર્ભાગ્યગ્રસ્ત રાખી ના શકાય. તેને મહાન આદર્શોને અનુરૂપ બદલાવાની ફરજ પાડીશ. તેને બદલીને જ જંપીશ. આ ધરતી પર સ્વર્ગનું અવતરણ અને મનુષ્યમાં દેવત્વનો ઉદય કરવાનો છે. એ માટે હું ભગીરથ તપ કરીશ. આ જ મહાન શપથ અને વ્રતને જ્ઞાનયજ્ઞના રૂપમાં પરિવર્તિત કરવામાં આવ્યાં છે. અનીતિ અને અનૌચિત્યના ગંદા રોગથી વિશ્વમાનવને મૂકત કરીશ. જ્ઞાનયજ્ઞનો પ્રકાશ આખા વિશ્વમાં ફેલાશે. વિચારક્રાંતિનો નિર્મળ પ્રવાહ દરેક માણસના મનને સ્પર્શ કરશે.

-અખંડજ્યોતિ, ઑક્ટોબર-૧૯૬૯

## જો ચિંતનની દિશા બદલાશે તો દુનિયા બદલાશે.

આપણું મહાન અભિયાન આગળ વધશે, એટલું જ નહિ, તે અવશ્ય સફળ પણ થશે. જો માણસનો દૃષ્ટિકોણ ઉચ્ચ બનશે તો તે દેવોની જેમ શાંતિ પ્રાપ્ત કરશે. જો આદર્શોની સ્થાપના થશે તો સમાજમાં સ્વર્ગીય પરિસ્થિતિઓ સ્થપાશે. આજની વિકૃતિઓ, સમસ્યાઓ તથા મૂંઝવણો દૈવી પ્રકોપ નથી. તે માણસોએ પેદા કરેલી છે. પથભ્રષ્ટ થવાના કારણે જ આપણે આ વિપત્તિઓ ઊભી કરી છે. હવે આપણે સાચા માર્ગે ચાલીશું અને સોનેરી સતયુગ જેવી પરિસ્થિતિઓને પાછી લાવીશું. તેમાં રહીને આપણો તથા સમગ્ર સમાજનો ઉત્કર્ષ કરીશું. આ સસ્યશ્યામલા ધરતી કપર સુખસગવડોની ખોટ નથી. શ્રમ, ધન અને મગજને આજે દ્વેષ, દુર્ભાવ તથા વિનાશ પાછળ વાપરીએ છીએ એના બદલે હવે પ્રેમ, સહયોગ અને નિર્માણ માટે તેનો સદુપયોગ કરીશું તો ધરતી પર સ્વર્ગનું અવતરણ થતાં બહુ વાર નહિ લાગે. ફકત દિશા બદલવાની જ જરૂર છે. જો વિચારવાની રીત બદલાઈ જશે તો બધું જ બદલાઈ જશે. હું લોકોને સાચી રીતે વિચારવા માટે વિવશ કરીશ. ઈન્દ્રિયોની તૃપ્તિ અને સંતાનો માટે દોલત ભેગી કરવાની ક્ષુદ્રતાથી જો માણસને બચાવી શકાય અને તેની શકિતઓનો ઉપયોગ લોકકલ્યાણ માટે કરવા તરફ જો તેને આગળ વધારી શકાય તો તુચ્છ જણાતા આજના નરપશુ આવતી કાલે અંગદ, હનુમાન, હરિશ્ચંદ્ર, પ્રહલાદ, શિબિ, દધીચિ, શિવાજી, પ્રતાપ, ભીમ અર્જુન, તિલક, ગાંધીજી, દયાનંદ, શંકરાચાર્ય, બુદ્ધ, મહાવીર, લક્ષ્મીબાઈ તથા દુર્ગાવતી જેવી ભૂમિકાઓ ભજવી શકે છે. માત્ર તેમના મોહ અને અજ્ઞાનને દૂર કરવાની જ જરૂર છે. ફકત વિચારવાની દિશા જ બદલવાની છે. આપણો જ્ઞાનયજ્ઞ એના માટે જ છે.

કલ્પનાનાં ઉડ્ડયનો અને વાણીની શૂરવીરતા મન મનાવવા માટે ઉપયોગી બની શકે, પણ તેમનો અમલ થાય ત્યારે જ કંઈક કહેવા યોગ્ય થઈ શકે છે. કાર્ય કર્યા વગર કશું મળતું નથી. આત્મસંતોષ, આત્મકલ્યાણ અને આત્મવિકાસની દૃષ્ટિએ લોકકલ્યાણ માટે થોડો ત્યાગ અને પુરુષાર્થ કરવા જરૂરી છે. યુગપરિવર્તનના આ પવિત્ર સમયમાં આપણે કર્તવ્યપાલન માટે વધારે ઉત્સાહ અને સાહસપૂર્વક આગળ આવવું જોઈએ. જ્ઞાનયજ્ઞનું પ્રથમ ચરણ પ્રચાર છે અને બીજું ચરણ પરિવર્તન છે. પ્રેરક વિચારો પરિવર્તનકારી કાર્યો સાથે જોડાઈ જાય તો જ તેમની સાર્થકતા છે. તેથી આપણામાંના દરેકે પોતાની જવાબદારી અને કર્તવ્યોને પૂરાં કરવા જોઈએ.

-અખંડજ્યોતિ, ઑક્ટોબર-૧૯૯૯

## પેટપ્રજનનના નકામાં પ્રયત્નોમાં જીવન ના વેડફાય

નવનિર્માણની મશાલ આપણા પ્રિય પરિજનોને સોપતાં મને સંતોષ થાય છે. ઘણા સમયથી હું જે જવાબદારી નિભાવતો આવ્યો છું તેને હું મારા અનુયાયીઓ, પ્રશંસક, શ્રદ્ધાળુ અને આત્મીય પરિજનોને વારસામાં સોંપી રહ્યો છું.

વ્યકિત માત્ર શરીર નહિ, પરંતુ આત્મા પણ છે. તેની જવાબદારી માત્ર કુટુંબ પૂરતી જ નથી, પરંતુ સમગ્ર સમાજ સુધી ફેલાયેલી છે. માત્ર ઈન્દ્રિયોને જ નહિ, પરંતુ અંતઃકરણને પણ તૃપ્ત કરવું જોઈએ. ભૌતિક જીવનને જ સર્વસ્વ ના માનવું જોઈએ. આત્મિક જીવનની મહત્તા અને જરૂરિયાતને પણ સમજવી જોઈએ. મારા ઉદ્બોધનની કોની ઉપર કેટલી અસર થઈ તે હું કહી શકું એમ નથી, પરંતુ જો અસર થઈ હશે તો તેણે સો વાર વિચારવું પડશે કે તેની વર્તમાન પ્રવૃતિઓ સંતોષકારક તથા પૂરતી નથી. તેણે આગળ આવીને મહત્વ પૂર્ણ કાર્યો કરવા જોઈએ, જે તેને વધારે આત્મિક શાંતિ તથા સંતોષ આપી શકે.

દરેક જણ આવું કરી શકે છે. ફકત આત્મબળના અભાવના કારણે જ માણસ પરમાર્થનાં કાર્યો કરી શકતો નથી, જે દેવોને પણ દુર્લભ એવા માનવજીવનના અમૂલ્ય અવસરને સાર્થક બનાવી શકે. સાત્વિક દૃષ્ટિએ જોતા ખાતરી થાય છે કે અત્યાર સુધી આપણે નકામાં કાર્યો કરી રહ્યા હતા અને આ જીવનની હીરામોતી જેવી અમૂલ્ય ક્ષણોને એમ જ વેડફી નાખી. તુચ્છ પ્રાણીઓ કપણ પોતાની સામાન્ય જરૂરિયાતો પૂરી કરી લે છે. સમજદાર મનુષ્ય પણ જો એમાં જ રચ્યોપચ્યો રહે તો તેને એક મોટું દુર્ભાગ્ય જ માનવું  જોઈએ. મેં પરિજનોને સમજાવ્યું છે કે તેમનું જીવન પણ એવું તુચ્છ ના રહેવું જોઈએ. પેટ અને પ્રજનન કોઈ બહુ મોટી બાબત નથી. જો માણસનો ઉદ્દેશ્ય એટલો જ હોય તો તેને પશુજીવન જ કહેવાશે. જીવન અમૂલ્ય છે. તેને નકામાં કાર્યો પાછળ વેડફી નાખવું તે એવી મોટી ભૂલ છે કે તેના માટે રોજ આંસુ સારવા પડશે કે અદ્દભુત માનવજન્મ મળ્યો તેને મેં આત્મકલ્યાણમાં ખર્ચવાના બદલે નિરર્થક પશુ પ્રવૃત્તિઓમાં વેડફી નાખ્યો. આગામી દિવસોમાં આ પશ્ચાત્તાપના અગ્નિમાં તમારે શેકાવું પડશે. મેં તમને આ હકીકતની જાણ કરી છે. આ ચેતવણીની કોની પર કેટલી અસર પડી અને કેટલા લોકોએ તેને નકામો બકવાસ કહીને મોં ફેરવી લીધું તેની ખબર નથી. આપણે આ બાબત પર ગંભીરતાથી ચિંતન કરવું જોઈએ.

-અખંડજ્યોતિ, નવેમ્બર-૧૯૬૯

## અમારી સિદ્ધિઓ તપશ્ચર્યાનું ફળ છે.

દરેક દિશામાં સફળતા અને પ્રગતિ થવાનો આધાર કઠોર સાધના પર રહેલો છે. આધ્યાત્મિક પ્રગતિ માટે પણ એ જ સિદ્ધાંત લાગુ પડે છે. સૃષ્ટિની શરૂઆતથી લઈને આજ સુધી દરેક આત્મબળ સંપન્ન માણસે તપશ્ચર્યાનું અવલંબન લેવું પડયું છે. દેવશક્તિઓના વરદાન વિનંતી, કાલાવાલા કે થોડાક કર્મકાંડ માત્રથી મળી શકતા નથી. સાધકે પોતાની પાત્રતા સાબિત કરવી પડે છે. ઉપાસનાની સાથે સાથે સાધના પણ કરવી પડે છે. દરેક પ્રગતિશીલ અને મહત્વાકાંક્ષી મનુષ્ય માટે તપશ્ચર્યા કરવી અનિવાર્ય છે. તેના વગર કોઈના વરદાન કે આશીર્વાદ માત્રથી કોઈ મહત્વની સફળતા મળી શકતી નથી.

તપની મહત્તા ખૂબ છે. આ સંસારમાં જે કાંઈ મહત્વપૂર્ણ થઈ રહયું છે તેની પાછળ તપશ્ચર્યાની શક્તિ જ રહેલી છે. આપણા મિશનના સંકલ્પનું જો કોઈએ મૂલ્યાંકન કરવું હોય તો તેણે સ્પષ્ટ સમજી લેવું જોઈએ કે મારા વ્યક્તિગત પ્રયાસ અને જનસહયોગથી આગળ રહેલી તપશ્ચર્યાને જ શ્રેય આપવું જોઈએ, જે એક મહાન શક્તિના રૂપમાં પ્રગટ થયેલી જોવા મળે છે.

લોકકલ્યાણ, ભાવનાત્મક નવનિર્માણ અભિયાન, નૈતિક તથા સાંસ્કૃતિક પુનરુત્થાન આંદોલન ઉપરાંત આપણા વિશાળ પરિવારની નાની મોટી સમસ્યાઓને સરળ બનાવીને તેમની ઇચ્છિત જરૂરિયાતોને પૂરી કરવામાં મદદ કરી શકે તેને સિદ્ધિ કે ચમત્કાર કહેવામાં આવે તો પણ ખરેખર તો તે તપશ્ચર્યાનું જ ફળ છે. આધ્યાત્મિકતા નિરર્થક નથી. તેની જેઓ કસોટી કરવા માગતા હોય તથા પ્રત્યક્ષ સાબિતી જોવા ઇચ્છતા હોય તેમણે મારી સિદ્ધિઓને ગંભીરતાપૂર્વક જોવી જોઈએ. ભૌતિક સાધનોથી જે શક્ય નહોતું તે આત્મબળથી શક્ય બન્યું. આ હકીકતને સમજીને દરેકે વિશ્વાસ કરવો જોઈએ કે સાધના તથા તત્વજ્ઞાન નિરર્થક જતા નથી. તેની સાબિતી રૂપે મારું પ્રમાણ રજૂ કરી શકાય. સાહિત્યસર્જન, લોકજાગૃતિ, સંગઠન, પરિવર્તનની પ્રક્રિયા, વ્યક્તિત્વની પ્રખરતા તથા બીજાઓને અદ્દભુત મદદ કરવાનું મારા દ્વારા શક્ય બન્યું તેનું એક જ કારણ છે - આધ્યાત્મિકતા તથા તપશ્ચર્યાની શક્તિ. તે શક્તિ મેળવવા માટે જો ધ્યાનપૂર્વક મારા ટૂંકા જીવનની સિદ્ધિઓની સમીક્ષા કરવામાં આવે તો અવિશ્વાસુ લોકોમાં પણ વિશ્વાસ અને ઉત્સાહનો સંચાર થઈ શકશે.

-અખંડજ્યોતિ, ડિસેમ્બર-૧૯૬૯

## સાવધાન, નવો યુગ આવી રહયો છે

કોઈ મહત્વનું કાર્ય ફકત વિચાર કરવાથી જઈ શકતું નથી. તેના માટે શક્તિની જરૂર પડે છે. સાંસારિક કાર્યોમાં ધનબળ, શરીરબળ, બુદ્ધિબળ, જનબળ તથા યોગ્ય પરિસ્થિતિ અને સાધનોની જરૂર પડે છે. ફકત વિચારો કરવાથી કોઈ સફળતા મળતી નથી.

સૂક્ષ્મ જગતને જનમાનસને પ્રભાવિત કરવા યોગ્ય બનાવવા માટે, આપત્તિઓ તથા પ્રતિકૂળતાઓને સુવિધાઓ તથા અનુકૂળતામાં બદલવા માટે પ્રચંડ આત્મબળની જરૂર પડે છે. તેને તપશ્ચર્યા દ્વારા જ વધારી શકાય છે. હજુ ઘણું કામ કરવાનું બાકી છે. અનૈતિક, અસામાજિક તથા તુચ્છ વર્તમાન પરિસ્થિતિ હવે ઝાઝો સમય ટકી નહિ શકે, યુગનિર્માણનું મહાન આંદોલન પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સંસારના દરેક માણસને પ્રભાવિત કરશે, તેને ઢંઢોળશે, જગાડશે અને જે યોગ્ય તથા વિવેકપૂર્ણ હશે તેને અપનાવવાની ફરજ પાડશે.

નજીકના ભવિષ્યમાં જ આવું થતું જોવા મળશે. તેનાથી યુગપરિવર્તનનો પ્રત્યક્ષ અનુભવ થશે. એ દરમ્યાન મહત્વની ઘટનાઓ બનશે, ભારે સંઘર્ષ થશે. પાપ પણ વધશે અને તેની પ્રતિક્રિયા નવેસરથી વિચારવા અને નવી નીતિ અપનાવવા માટે લોકોને વિવશ કરશે. દરેકે બદલાવું જ પડશે. માણસે પોતાની રીતભાત બદલવી પડશે. યુગનિર્માણની વર્તમાન ચિનગારીઓ વિશ્વવ્યાપી દાવાનળની જેમ પ્રચંડ બનશે અને તેની આગમાં આજની અનીતિ તથા અનિચ્છનીયતા બળીને ખાખ થઈ જશે. ઊગતા સૂર્યની જેમ નવો યુગ થોડા જ સમયમાં પોતાની અરુણિમા પ્રગટ કરશે. એક નવા આંદોલનને જન્મ આપીને, તેને ગતિશીલ બનાવીને તે મોરચાની કમાન મજબૂત યોદ્ધાઓના હાથમાં સોંપીને હું જઈ રહયો છું. નવા નવા શૂરવીરો એમાં જોડાતા જશે અને યુગનિર્માણનું આંદોલન પોતાની નિર્ધારિત ગતિથી સુવ્યવસ્થિત રીતે આગળ વધતું જશે.

જે હાથોમાં નવનિર્માણની મશાલ સોંપવામાં આવી છે તથા લોકનાયકોની જે એક વિશાળ સેના ઊમટી રહી છે તેને જરૂરી બળ, સાહસ તથા સાધનો પૂરાં પાડવાનું કામ  હજુ બાકી છે. પૂરતી શક્તિ વગર તેઓ કરી પણ શું શકે ? તેમના માટે જરૂરી શક્તિ ભેગી કરવાનું આવશ્યક હતું, તેથી તે સાધનો ભેગાં કરવાને વધારે મહત્વપૂર્ણ માનીને મારે એ માટે કામે લાગી જવું પડશે. આપણે બધાએ આત્મબળ મેળવવા માટે સામૂહિક સાધનામાં લાગી જવું જોઈએ.
-અખંડજ્યોતિ, ડિસેમ્બર-૬૯

## અમારી તપશ્ચર્યાનો હેતુ- કુશળ નેતૃત્વની પૂર્તિ

આજનું લોકનેતૃત્વ સાવદુર્બળ છે. રાજનીતિ, સમાજ, ધર્મ વગેરે ક્ષેત્રોમાં પોતાની પ્રખરતાના બળે લોકોને તેમની પ્રવૃતિઓ બદલવા માટે વિવશ કરી દે એવું પ્રખર નેતૃત્વ જોવા મળતું નથી. વાચાળતા, લોકૈષણા અને છળછદ્મનો આધાર લઈને ચાલવા સ્વાર્થી અને સંકીર્ણ લોકો ખરાબ પ્રવૃત્તિઓને બદલવામાં સમર્થ હોતા નથી. તેઓ ધન, યશ તથા પદ તો મેળવી શકે છે, પરંતુ આંતરિક પ્રખરતા વગર યુગપરિવર્તનની જરૂરિયાત પૂરી થઈ શકતી નથી. આજે પરિસ્થિતિની માંગ છે કે દરેક ક્ષેત્રમાં પ્રખર નેતૃત્વનો ઉદય થાય. તે આત્મબળની પ્રખરતાથી જ શક્ય બને છે. મારી તપશ્ચર્યાનો ઉદ્દેશ્ય એક એવા લોકસેવક વર્ગને પેદા કરવાનો છે કે જે પોતાના ચરિત્ર, વ્યક્તિત્વ, આદર્શ તથા પ્રભાવથી એવા લોકનેતૃત્વના અભાવને દૂર કરી દે. અત્યારે મહાપુરુષોની એક મોટી શૃંખલા અવતરવી જોઈએ, જે યુગપરિવર્તનની મહાન સંભાવનાને સાકાર કરી શકે. મનુષ્ય મહાન છે. જો તેનામાં મહાનતાનું યોગ્ય પ્રમાણ પ્રગટ થઈ શકે તો તે સાચા અર્થમાં ભગવાનનો પુત્ર અને પ્રતિનિધિ સાબિત થઈ શકે. આગામી દિવસોમાં એવા ભાગીરથોની જરૂર પડશે. જેઓ સંસારનો કાયાકલ્પ કરવામાં તથા શાંતિની ગંગાનું અવતરણ કરાવવામાં સમર્થ તથા સફળ બની શકે.

અમારી તપશ્ચર્યાનું પ્રયોજન સંસારના દરેક દેશમાં, દરેક ક્ષેત્રમાં ભાગીરથોનું સર્જન કરવાનું છે, તેમના માટે પૂરતી શક્તિ તથા સાધનો ભેગાં કરવાનું છે. સાધનસામગ્રી અને હથિયારો વગર સૈન્ય લડી શકતું નથી. નવનિમાર્ણ માટે આગળ આવવા નેતૃત્વ માટે હું પડદાની પાછળ રહીને જરૂરી શક્તિ તથા યોગ્ય પરિસ્થિતિ પેદા કરીશ. થોડાંક વર્ષોમાં જ દરેક દિશામાં અને દરેક ક્ષેત્રમાં સુયોગ્ય લોકસેવકો પોતપોતાનું કાર્ય આશ્ચર્યજનક કુશળતા તથા સફળતાપૂર્વક કરતા જોવા મળશે. શ્રેય તેમને જ મળશે. યુગનિર્માણ આંદોલન કોઈ સંસ્થા નહિ, પરંતુ એક દિશા છે. તેથી અનેક કામ માટે અનેક સંગઠનો તથા પ્રક્રિયાઓનો ઉદય થશે. ભાવિ પરિવર્તનનું શ્રેય યુગનિર્માણ આંદોલનને મળે તે જરૂરી નથી. તેનાં અનેક નામરૂપ હશે. એનાથી કોઈ ફેર પડવાનો નથી. મૂળ હેતુ તો વિવેકબુદ્ધિની સ્થાપના અને સત્પ્રવૃત્તિઓ વધારવાનો છે. તેથી દરેક દેશ, દરેક સમાજ, દરેક ધર્મ તથા દરેક ક્ષેત્રમાં આ તત્વોનો સમાવેશ કરવા માટે નવા નેતૃત્વનો ઉદય થવો જરૂરી છે. અમે આ અત્યંત મહત્વની જરૂરિયાતને પૂરી કરવા માટે ઉગ્ર તપશ્ચર્યાની મદદ લઈશ. -અંખડજ્યોતિ, ડિસેમ્બર-૧૯૬૯

## અધ્યાત્મને વિજ્ઞાન દ્વારા પ્રમાણિત કરીશ

વિજ્ઞાને ઈશ્વર અને આત્માના અસ્તિત્વને માનવાનો ઇન્કાર કર્યો, તેથી જોતજોતામાં આખા વિશ્વમાં નાસ્તિકતાની હવા ફેલાઈ ગઈ. પ્રબુદ્ધ લોકોએ એ વાતને બરાબર પકડી લીધી. જો વિજ્ઞાનના આધારે જ આધ્યાત્મિક બાબતોનું પ્રતિપાદન, પરીક્ષણ અને પ્રત્યક્ષીકરણ થઈ શકે તો આજના નાસ્તિક અને અવિશ્વાસુ લોકો કાલે અવશ્ય આસ્તિક અને ધર્મને માનનારા બની શકે છે. આપણે ધર્મ અને અધ્યાત્મને, ઈશ્વર અને આત્માના અસ્તિત્વને એ જ આધારે સાબિત કરવા પડશે અને એ શક્ય પણ છે. સત્યને કોઈ પણ કસોટી દ્વારા કસી શકાય છે. વાસ્તવિકતા સાચી જ સાબિત થાય છે. એના માટે પ્રયત્ન કરવાની જ જરૂર છે. તપસાધના એ કાર્યને ખૂબ સારી રીતે પૂરું કરી શકે છે અને કરશે. હું આ બાબતને એવા સ્તરે પહોંચાડીશ કે સંસારના વિચારશીલ લોકોને અધ્યાત્મના ગૌરવ, સચ્ચાઈ અને ઉપયોગિતાનો સ્વીકાર કરીને તેની શરણમાં આવવું પડશે.

પ્રાચીનકાળમાં અધ્યાત્મ વિજ્ઞાનની અનેક શાખાઓ હતી, પરંતુ આજે તે લુપ્ત થઈ ગઈ છે. તે વખતે યોગમાર્ગના સાધકો પોતાના શરીર, મન અને અંતઃકરણને જીવનસાધના દ્વારા ઉત્કૃષ્ટ બનાવતા હતા. તે વખતે ચમત્કારિક અધ્યાત્મ વિદ્યાઓની ખેતી થતી હતી. લોકો ધીરે ધીરે આળસુ, અસંયમી, સ્વાર્થી અને સંકીર્ણ થતા ગયા. સાધનાના સિદ્ધાંતોને જાણવાથી આત્મબળ મેળવી શકાતું નથી. મંત્રતંત્રમાં હલકા સ્તરના લોકો થોડીક સિદ્ધિ મેળવી લે તો તેનાથી હલકા પ્રયોજનો જ પૂરા થઈ શકે છે અને તેમની સ્થિરતા તથા સફળતા પણ થોડોક સમય જ ટકે છે. આ જ કારણે લોકોને પ્રયોગ કરવા છતાં અધ્યાત્મ વિજ્ઞાનના ચમત્કારી લાભોથી વંચિત રહેવું પડે છે. ધૂર્તતાના આધારે સિદ્ધિ કે ચમત્કાર બતાવવાની છેતરપિંડી તો ઘણા લોકો કરતા રહે છે અને ભોળા લોકોને છેતરતા રહે છે, પરંતુ વાસ્તવમાં આત્મબળ પ્રાપ્ત કરીને તેનો ઉપયોગ સાબિત કરવાનો પડકાર સ્વીકારી શકે એવા લોકો નહિવત્ છે. અધ્યાત્મ વિજ્ઞાન જ્યાં સુધી પોતાની વાસ્તવિકતાને પ્રત્યક્ષ તથા પ્રમાણિત ન કરે ત્યાં સુધી તેની માન્યતા સિદ્ધ થતી નથી. જો તેને સાબિત કરી શકાય તો આપણે સતયુગની જેમ સમસ્ત માનવજાતિને અધ્યાત્મની શરણમાં લાવવામાં સફળ થઈ શકીશું.

-અખંડજ્યોતિ, ડિસેમ્બર-૧૯૬૯

## સૃજનસૈનિક બનો, ઊંચું વિચારો

દરેક પરિજન હવે સૃજનસૈનિકની ભૂમિકા નિભાવવામાં પછાળ ના રહે. યુગનિર્માણ પરિવારના દરેક પરિજને પોતાની વિશિષ્ટ સ્થિતિનું મૂલ્યાંકન કરવું જોઈએ અને પોતે એક વિશેષ ઉદ્દેશ્યથી અવતરિત થયો છે એમ માનવું જોઈએ. પોતે જાગરૂક રહે અને મૂર્છિત લોકોને અથવા દિવાસ્વપ્ન જોનારા મૂઢમતિ લોકોને જગાડવાની જવાબદારી સંભાળે. વાવાઝોડામાં આમતેમ ઊડતાં પાંદડાંની જેમ પોતે કોઈ ઉદ્દેશ્ય વગર રખડતા ફરવાનું નથી, પરંતુ સમુદ્રમાં રહેલી દીવાદાંડી જેવા બનવાનું છે. દીવાદાંડી રાત્રિના અંધકારમાં પ્રકાશે છે અને પોતાના પ્રકાશ દ્વારા ત્યાંથી નીકળતાં જહાજોને ડૂબતાં બચાવે છે. આપણે પણ આ લક્ષ્યને આપણા જીવનમાં તથા દૃષ્ટિકોણમાં રાખવાનું છે અને તે પ્રમાણે પોતાનો જીવનક્રમ નક્કી કરવાનો છે.

વ્યકિત અને સમાજ જે રીતે દુઃખદ પરિસ્થિતિઓથી ઘેરાતાં જાય છે એ જોતાં ભવિષ્ય અંધકારમય લાગે છે. આપણે ખરેખર જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યાં છીએ. એક બાજુ સર્વનાશ અટ્ટહાસ્ય કરી રહ્યો છે, તો બીજી બાજુ માનવતા અવાચક બની ગઈ છે. મૃત્યુએ પૂરા ઠાઠમાઠથી પોતાનો સરંજામ ભેગો કરી લીધો છે. અમારું શું થશે એવી દ્વીધાથી લોકો મુઝાયેલા છે. શું આગામી દિવસોમાં આપણું અસ્તિત્વ રહેશે કે પછી તેની ઇતિશ્રી થવાનો સમય આવી ગયો છે ? આજે વ્યકિત અને સમાજ જે માર્ગે ચાલી રહ્યાં છે તે ભયંકર છે. દરેક ક્ષેત્રમાં પરિસ્થિતિઓ ગૂંચવાતી જાય છે અને અવરોધોએ આગળનો માર્ગ બંધ કરી દીધો છે. આપણો વિવેક પણ કર્તવ્યવિમૂઢ થઈને હતપ્રભ થઈ ગયો છે. ખબર નથી પડતી કે આગળ જતા શું થશે.

આવા વિષમ સમયમાં જાગરૂક આત્માઓની વિશેષ જવાબદારી છે. યુગનિર્માણ પરિવારે આ આપત્તિકાળમાં વિશેષ ભૂમિકા નિભાવવાની છે. તેણે સામાન્ય નરકીટકોની જેમ ફકત પેટપ્રજનન માટે જીવવાનું નથી. આપણે આપણી વિશિષ્ટ સ્થિતિનો વારંવાર વિચાર કરવો જોઈએ. આપણે ઊંચા ઊઠીને વિચારવું જોઈએ ઉચ્ચ આદર્શોની સ્થાપના થાય એવું કંઈક તો કરવું જ જોઈએ. જાગરૂક બન્યા વગર હવે કામ ચાલવાનું નથી.

-અખંડજ્યોતિ, જૂન-૧૯૭૧

## ધર્મનું શિક્ષણ ગળે કેમ નથી ઊતરતું ?

નશાખોર, જુગારી, ચોર, લબાડ તથા લંપટ લોકો બીજા અનેક લોકોને પોતાના જેવા બનાવી દે છે, પરંતુ ધર્મનું શિક્ષણ અત્યંત શ્રેયસ્કર હોવા છતાં લોકોના ગળે ઊતરતું નથી, ધર્મોપદેશકોને સાચા અનુયાયીઓ મળતા નથી. તેઓ પ્રશંસા તથા દક્ષિણા તો મેળવી લે છે, પરંતુ બીજા લોકો એમનું અનુકરણ કરે એવો પ્રભાવ પેદા કરી શકતા નથી. એવું નથી કે સાંભળનારા એમની ઉપેક્ષા કરે છે અથવા તો જે કહેવામાં આવે તે સારગર્ભિત નથી હોતું. જો એવું જ હોત તો લોકો સાંભળવા જ ના આવત. પછી ધર્મોપદેશકોને દક્ષિણા અને પ્રશંસા પણ ના મળત.

ધર્મોપદેશ ગળે નથી ઊતરતો એનું કારણ એ છે કે સાંભળનારાંઓના અંતરમાં એક સૂક્ષ્મ પરીક્ષક ચેતના પોતાની સહજ બુદ્ધિથી ઉપદેશ આપનારના મર્મસ્થળને પારખે છે. જો ત્યાં વાણી અને વર્તનમાં અંતર જણાય તો તેનાથી છદ્મનો સ્પષ્ટ આભાસ થઈ જાય છે. એનાથી સાંભળનારનું અંતઃકરણ સતર્ક થઈ જાય છે અને આત્મરક્ષા માટે એવો ઘેરો બનાવી લે છે, જેનાથી કોઈ છેતરનારની જાળમાં ફસાતાં બચી જવાય. આ સૂક્ષ્મ અવરોધોના કારણે શ્રોતા તથા વકતા વચ્ચે ઊંડી ખાઈ બની જાય છે, આથી તેઓ એકબીજાથી દૂર જ રહે છે.

તે પોતાની જાતને પ્રભાવિત કરી શકે છે તે જ બીજાઓને પણ પ્રભાવિત કરી શકે છે. તેનું જ અનુકરણ બીજા લોકો કરે છે. અનેક ધર્મોપદેશકોએ કષ્ટ સહન કરીને, ત્યાગ તથા બલિદાન દ્વારા અસંખ્ય અનુયાયીઓ ઉભા કર્યા છે. બુદ્ધ અને મહાવીરના અનુયાયીઓ પોતાની સુખસગવડોને લાત મારીને સત્પ્રયોજનો માટે જીવ હથેળીમાં રાખીને આગળ આવ્યા હતા. તેમની તપશ્ચર્યાએ જ તેમનામાં એટલી બધી પ્રખરતા પેદા કરી હતી કે તેઓ સંસારના જે ખૂણામાં ગયા ત્યાં તેમણે પરિવર્તનનો ચમત્કાર કરી દીધો.

## પ્રતિભાશાળી લોકનાયકોની જરૂર

આજના યુગનું સૌથી મોટું કાર્ય એ જ છે કે લોકમાનસ પર પ્રભાવ પાડી શકે એવા પ્રતિભાશાળી લોકનાયકો તૈયાર કરવા તેઓ જેટલા વધારે પ્રમાણમાં તૈયાર થશે એટલાં જ પ્રમાણમાં લોકમાનસ ઉત્કૃષ્ટ બનતું જશે. એનાથી પ્રચલિત લોકપ્રવાહ બદલાશે. બરબાદી અને ધ્વંસમાં ખર્ચાતી શક્તિ જ્યારે સર્જનાત્મક કાર્યો કરવા લાગશે તો ખૂબ ઝડપથી સર્જનાત્મક પ્રવૃત્તિઓ પણ શરૂ થઈ જશે. દરેક માણસ જ્યારે ઉત્થાન વિશે વિચારશે, સત્કારોમાં રત રહેશે તો અપેક્ષિત નવનિર્માણ અસંખ્ય આધારે આપોઆપ ઊભા થતા જશે. માણસની ઉત્પાદન શક્તિ અપાર છે. તેની પાસે સામર્થ્યની કોઈ કમી નથી. સાધનો પણ વિપુલ પ્રમાણમાં છે. આજે આ બધી જ શક્તિઓ બરબાદ થઈ રહી છે. તેમનો ઉપયોગ ઝઘડા તથા વિનાશ માટે થઈ રહ્યો છે. એના જ કારણે ચારેય બાજુ ભયંકર સમસ્યાઓ સર્જાઈ છે. જો લોકમાનસના પ્રવાહને બદલી શકાય અને બરબાદી તથા વિનાશને વિકાસમાં બદલી નાખવામાં આવે તો ઉજ્જ્વળ ભવિષ્યના અવતરણમાં ઝાઝી વાર નહિ લાગે.

લોકમાનસને તથા યુગના પ્રવાહને બદલી શકે એવી પ્રતિભાઓની આજે ખૂબ જ જરૂર છે. જો આવી વિભૂતિઓ મળી જાય અને તેઓ ભગીરથ જેવી તપસાધના કરે તો નવયુગનો પતિતપાવન પ્રવાહ ગંગાની જેમ આ ધરતી પર અવશ્ય વહેલા લાગશે. આ યુગભાગીરથો બીજે ક્યાંયથી નહિ મળે. વાનપ્રસ્થ પરંપરાને પુનર્જીવિત કરીને જ તેમને તૈયાર કરવા પડશે. ગૃહસ્થો રૂપી નરરત્નો આ રીતે જ મળી શકશે.

## ઈશ્વરી કાર્યમાં મદદ કરવા તમારો જન્મ થયો છે

સૂર્યોદય થતા પહેલા અંધકાર ગાઢ હોય છે. દીવો હોલવાતા પહેલાં તેની જ્યોત મોટી થઈ જાય છે. મરતી વખતે માણસોનો શ્વાસ વધારે તીવ્ર થઈ જાય છે. અત્યારે પણ કંઈક આવું જ થઈ રહ્યું છે. અસુરતા પોતાનું આધિપત્ય જાળવી રાખવા માટે અનેક પ્રપંચ કરી રહી છે તથા જોરદાર સંઘર્ષ કરી રહી છે. ભૂતકાળમાં પણ આવું થતું હતું. એનાથી નિરાશ થવાની જરૂર નથી. રાત્રિ પૂરી થતાં જે રીતે દિવસ ઊગે છે એ જ રીતે નવયુગનું આગમન પણ નક્કી જ છે. આ સંધિકાળ છે. એમાં યુગનિર્માણ પરિવારના સભ્યોએ પોતાની વિશેષ જવાબદારીને સમજવાની છે. એ દેવાત્માઓ ઈશ્વરના કાર્યમાં મદદ કરવા માટે જન્મ્યા છે. આ હકીકત બરાબર ધ્યાનમાં રાખવાની છે. સમય તો અવશ્ય બદલાશે. ભગવાનની ઇચ્છા પૂરી થઈને જ રહેશે. જો આપણે આપણા કર્તવ્યની ઉપેક્ષા કરીશું તો આપણે જ ખોટમાં રહીશું. વિશિષ્ટ આત્માઓ જો પોતાની જવાબદારીને ભૂલી જાય તો પછી તેમને ઈશ્વર, સમાજ તથા પોતાના અંતરાત્મા સામે લજ્જિત થવું પડશે. કાર્ય તો એના ક્રમ પ્રમાણે પૂરું થવાનું જ છે. યુગપરિવર્તનના પુણ્યદાયક સમયમાં પોતાનાં કર્તવ્યોને પુરા કરીને જ આપણે શ્રેયના અધિકારી બની શકીશું. સેતુબંધ બાંધવામાં રીંછવાનરોની, ગોવર્ધન ઊંચકવામાં ગોવાળિયાઓની, ધર્મચક્ર પ્રવર્તનમાં બૌદ્ધ ભિક્ષુઓની અને સ્વતંત્રતા આંદોલનમાં સત્યાગ્રહીઓની જે ભૂમિકા હતી એવું જ સાહસ આ યુગપરિવર્તનના પાવન સમયમાં આપણે કરી બતાવવાનું છે. આ સમય ઉપેક્ષા કે આળસ કરવાનો નથી. અત્યારે આપણી જાગરૂકતા અને સક્રિયતા બીજાઓને અનુકરણ કરવા યોગ્ય હોવી જોઈએ.

## આગલી હરોળના દીપક, કારતૂસ અને બીબાં બનો

જે શક્તિના આધારે નવયુગનું નિર્માણ થવાનું છે તે આત્મબળ છે. આજે તેનો જ ઉદ્દભવ થવાનો છે. જો પરિજનો પોતાને દીપકની જેમ સળગાવશે તો એકથી બીજો દીવો સળગશે અને અંધકારને પડકાર ફેંકનારી દિવાળીનું ઉત્સાહપૂર્ણ પર્વ આપણી સામે હાજર થશે. આજે આપણું કર્તવ્ય એ જ છે કે પોતાને વધારે આત્મબળ સંપન્ન બનાવીએ અને આપણને વિશેષ રૂપે જે ભૂમિકા ભજવવા માટે મોકલ્યા છે તેનો નિર્વાહ કરીએ. આપણે પવિત્રતા અને પ્રખરતા વધારવી જોઈએ. આપણે પહેલા બદલાવું જોઈએ કે જેથી યુગ બદલાય. જો આપણે સુધરીશું તો જ યુગ સુધરશે. આપણે આગલી હરોળમાં ચાલવું જોઈએ. ભગીરથ શંખ વગાડતા વગાડતા આગળ ચાલતા હતા અને ગંગા તેમની પાછળ પાછળ વહેતી હતી. નવા યુગના દેવમાનવો કેવાં હશે એનું ઉદાહરણ પોતાના રૂપમાં રજૂ કરીને જ બીજા લોકોને તેનું અનુકરણ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે. પહેલાં બીબું તૈયાર કરવું પડે છે, પછી જ તેમાં મૂર્તિઓને ઢાળી શકાય છે. ગોળીબાર કરતા પહેલાં કારતૂસ બનાવવા પડે છે. આપણે આગલી હરોળના દીપક, કારતૂસ અને બીબાં બનવાનું છે.

આ યુગ પરિવર્તનનો પાવન સમય છે. યુગદેવતાએ આપણને બધાને ઢંઢોળ્યા છે. મૂર્છા છોડીને નવયુગની આરતી ઊતારવા માટે થાળ સજાવવાનું આમંત્રણ આપ્યું છે. આનાકાની કર્યા વગર યુગના પોકારને અનુરૂપ પોતાના ચિંતન અને પ્રયાસોમાં પ્રખરતા લાવવી જોઈએ.

સાધના, સ્વાધ્યાય, સંયમ અને સેવા એ ચારેય આત્મનિર્માણનાં ચરણ છે. એમને અપનાવવાથી જ સાચા અર્થમાં આત્મબળ સંપન્ન બની શકાય. આ માટે જેમના પ્રયાસો ઢીલાપોચા હોય તેમણે એમાં તીવ્રતા લાવવી જોઈએ. જેઓ એ માર્ગે વળ્યા છે તેમણે એમાં ગતિ વધારવી જોઈએ. લોકમાનસના ભાવનાત્મક શુદ્ધિકરણને આજના યુગની સૌથી મહત્વની જરૂરિયાત માનીને જ્ઞાનયજ્ઞ માટે, વિચારક્રાંતિ માટે ઉત્સાહપૂર્વક લાગી જવું જોઈએ. આ વિષમ સમયમાં આજ સૌથી મોટી સેવા છે.

## ગુણ, કર્મ તથા સ્વભાવની શુદ્ધિ

બીજાઓની મદદ મેળવવા માટે તેમના દરવાજા ખખડાવવાનો જેટલો પ્રયત્ન કરવામાં આવે છે એટલો જ પ્રયત્ન પોતે સ્વાવલંબી બનવા માટે કરીએ તો વધારે સફળતા મળે છે.

એક જ દેવતા એવા છે, જેમની સાધનાનું પરિણામ અવશ્ય મળે છે. તે શક્તિશાળી મહાદેવ છે - આત્મદેવ. આત્મદેવની ઉપાસનાનો અર્થ છે પોતાના ગુણ, કર્મ સ્વભાવને શુદ્ધ અને પવિત્ર બનાવવા. મનુષ્યમાં અપાર શક્તિઓ રહેલી છે. થોડોક શરત છે કે એ માટે તત્પરતાપૂર્વક ઉત્કૃષ્ટ પ્રયાસ કરવો. મહામાનવોના જીવનમાં ડગલે ને પગલે આ જ હકીકત જોવા મળે છે. તેમણે પોતાના ગુણ, કર્મ અને સ્વભાવને વ્યવસ્થિત અને ઉત્કૃષ્ટ બનાવવાનો પ્રયાસ કર્યો છે. જયાં સુધી આત્મવિજયની તપસ્યા પૂરી રીતે ફળદાયી ના બને ત્યાં સુધી તેમણે પ્રયત્નો ચાલુ જ રાખ્યા.

આળસ તથા પ્રમાદ એ બે દુર્ગુણો માણસની શક્તિનો સૌથી વધારે નાશ કરે છે. અસ્તવ્યસ્ત અને અવ્યવસ્થિત લોકો અમૂલ્ય સમયને વેડફતા રહે છે. એના પરિણામે તેમનું સૌભાગ્ય પણ ગુમ થઈ જાય છે. પુરુષાર્થી, શ્રમશીલ, મનસ્વી અને કર્મપરાયણ મનુષ્યો નિરંતર આત્મનિર્માણમાં  સંલગ્ન રહીને થોડાક સમયમાં જ એટલાં બધા સુયોગ્ય અને સક્ષમ બની જાય છે કે પોતાની યોગ્ય આકાંક્ષાઓને સહજ રીતે પૂરી કરી શકે.

ઈમાનદાર, ભલા અને ચારિત્રવાન માણસ બનવું તે એક બહુ મોટી પ્રાપ્તિ છે. તે પ્રામાણિકતાના આકારે બીજાઓનો પ્રેમ તથા સદ્દભાવ સહજ રીતે મેળવી શકાય છે. આતંકવાદી અને ઉદ્ધડ વ્યક્તિ જેટલી અહંકારી બને છે એના કરતાં અનેકગણું સન્માન વિનયશીલ અને સુસંસ્કારી વ્યક્તિ પ્રાપ્ત કરી શકે છે. સ્વાવલંબનની સાધના કરનારા લોકો જ પોતાના મનોરથ પૂરા કરવાનું વરદાન પ્રાપ્ત કરે છે. આ હકીકતને જેટલી વહેતી સમજીએ એટલું જ શ્રેયસ્કર છે.      -અખંડજ્યોતિ, એપ્રિલ-૧૯૭૩

## વર્તમાનમાં કેન્દ્રિત રહેતાં શીખો

પ્રતિકૂળતા જોઈને સંતુલન ના ખોશો. રાત અને દિવસની જેમ માનવજીવનમાં પ્રિય તથા અપ્રિય ઘટનાઓ બનતી રહે છે. એ બંને પ્રકારની અનુભૂતિઓના કારણે જ જીવનની શોભા તથા સાર્થકતા છે. અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓના કારણે મળતી સુવિધા કે અગવડોનું માનવના સદ્ગુણો જેટલું મહત્વ નથી. પુરુષાર્થ, સાહસ, ધીરજ, દીર્ઘદૃષ્ટિ, સંતુલન જેવા સદ્ગુણોની પરીક્ષા તથા વિકાસ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં જ થઈ શકે છે. જો સદાય અનુકૂળતા જ રહે તો પછી એક જ ઘરેડમાં જીવન જીવતા લોકો ગુણોની દૃષ્ટિએ પાછળ જ રહેશે. અનુકૂળ સ્થિતિનો લાભ લઈને સગવડનાં સાધનો વધારીએ અને પ્રતિકૂળતાના પથ્થર સાથે તેમને ઘસીને પોતાની પ્રતિભાને તીક્ષ્ણ બનાવીએ તે યોગ્ય અને જરૂરી છે.

કેટલાક લોકો પ્રતિકૂળ પરિસ્થિતિમાં માનસિક સમતોલન ગુમાવી બેસે છે અને ખૂબ દુખી રહે છે. એકવાર પ્રયત્ન કરવાથી જો કષ્ટ દૂર ના થાય કે સફળતા ના મળે તો નિરાશ થઈ જાય છે. કેટલાક લોકો તો વળી ભવિષ્યમાં વિપતિ આવવાની શંકાથી ઘેરાયેલા રહે છે. અગવડનું સમાધાન શોધવાને બદલે, પુરુષાર્થ તથા ઉપાય કરવાના બદલે તેઓ ચિંતા, ભય, નિરાશા, શંકા, ઉદ્વિગ્નતા વગેરેમાં ફસાઈને પોતે જ એક નવી આપત્તિ ઊભી કરે છે.

ચિંતાગ્રસ્ત રહેતા લોકો નિશ્ચિત લોકો કરતાં વધારે ખોટમાં રહે છે. મગજ સમસ્યાઓમાં જેટલું અટવાયેલું રહેશે એટલું જ તે સમસ્યાઓ ઉકેલવામાં અસમર્થ બની જશે. ક્રોધી, આવેશગ્રસ્ત, ઉત્તેજિત તથા આક્રોશથી ભરેલું મગજ વિક્ષુબ્ધ થઈ જાય છે. હકીકતો પર વિચાર કરીને તેઓ યોગ્ય નિષ્કર્ષ કાઢી શકતા નથી. ચિંતાનું કારણ દૂર થતું નથી. ઊલટું એવા લોકોનું શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય પણ બગડી જાય છે. આમ તેમને બમણું નુકસાન થાય છે. પોતાને અસક્ત, અસહાય, અપંગ કે અનાથ માનવાથી જ ચિંતાગ્રસ્ત મનઃસ્થિતિનું નિર્માણ થાય છે. સાહસિક માણસ મુશ્કેલીઓને પોતાના પુરુષાતન માટે એક પડકાર માને છે. આત્મવિશ્વાસુ લોકો પોતાના પુરુષાર્થથી મોટી મોટી મુશ્કેલીઓને અને સંતુલનથી કામ લે તો તેને કોઈ ને કોઈ માર્ગ અવશ્ય મળી આવે છે. જો વર્તમાનમાં કેન્દ્રિત રહેવાનું શીખી લેવામાં આવે તો ચિંતા કરવાનું કોઈ કારણ નહિ રહે અને તેની જરૂર પણ નહિ જણાય. જેને બદલી ન શકાય તેને શાંતિપૂર્વક સહન કરવું જોઈએ. મુશ્કેલીના સમયે વધારે સાહસ અને પુરુષાર્થની જરૂર પડે છે. આજે મોટી જવાબદારીઓ જોઈને ચિંતાની આગમાં બળવામાં અને અસહાય બનીને બેસી રહેવામાં બુદ્ધિમાંની નથી. -અખંડજ્યોતિ, એપ્રિલ-૧૯૭૩

## દરેક કામ પૂરા મન તથા શ્રમથી કરો

શરીરમાં શક્તિનો અભાવ નથી. તે પ્રચુર પ્રમાણમાં છે. જો તેનો યોગ્ય રીતે સદુપયોગ કરવામાં આવે તો સામાન્ય રીતે લોકો જેટલું કામ કરે છે તેના કરતાં બમણું કામ તો સહેલાઈથી કરી શકાય. સારા હેતુઓ માટે જેટલી શક્તિ ખર્ચાય છે એના કરતાં વધારે શક્તિ નકામાં કાર્યોમાં ખર્ચાતી રહે છે. જો ધ્યાન રાખવામાં આવે તો શક્તિના એ દુરુપયોગને અટકાવી શકાય છે અને સાર્થક કાર્યોમાં તેનો સદુપયોગ કરી શકાય છે.

કેટલાક લોકો જીવનમાં આવતી ચડતીપડતીને બહુ મોટા સ્વરૂપમાં જુએ છે અને તેનાથી ખૂબ ઉત્તેજિત અને ઉદ્વિગ્ન થઈ જાય છે. માનસિક ઉદ્વેગથી જેટલી શક્તિ નષ્ટ થઈ જાય છે તેનો જો સર્જનાત્મક ચિંતનમાં ઉપયોગ કરવામાં આવે તો તેનાથી અપાર જ્ઞાનવૃદ્ધિ થઈ શકે છે અને વર્તમાન સ્થિતિ કરતાં ઊંચે ઊઠવામાં તથા આગળ વધવામાં સફળતા મળે છે. જે માણસ જેટલો માનસિક તણાવ તથા દબાણ અનુભવશે એટલું જ તેનું શરીર અને મન રોગી બની જશે. એની સાથે સાથે અર્ધરુગ્ણ તથા અસ્તવ્યસ્ત કહેવામાં તેની વિકૃતિઓ ઊભી થશે. આવી મનઃસ્થિતિવાળો માણસ પોતાના માટે તથા પોતાના સાથીઓ માટે એક સમસ્યા બની જાય છે. તે પોતે શાંતિથી રહેતો નથી અને બીજાઓને પણ શાંતિથી રહેવા દેતો નથી.

જ્યારે પણ કામ કરવાનું હોય ત્યારે પૂરા મન, શ્રમ, મનોયોગ, દિલચસ્પી અને તત્પરતાથી કરવું જોઈએ. જો ખૂબ તન્મયતાથી કામ કરવામાં આવે તો તે સારું થશે અને વધારે પ્રમાણમાં થશે. સંશોધકો અને વૈજ્ઞાનિકો આવું જ કરે છે. જ્યારે તેઓ પોતાનું કામ કરે છે ત્યારે તેમાં ખોવાઈ જાય છે. તેમને બીજી કોઈ વાત સૂઝતી નથી.

બિનજરૂરી કાર્યોમાંથી શક્તિ બચાવીને તેનો ઉપયોગી કાર્યોમાં સદુપયોગ કરવો, હળવા મનથી પરંતુ પૂરી દિલચસ્પીથી કામ કરવું, શ્રમ અને આરામનું સમતોલન જાળવવું વગેરે એવા સૂત્રો છે, જેમને અપનાવવામાં આવે તો સારું અને વધારે કામ કરી શકાય છે. જે લોકો પોતાના શારીરિક તથા માનસિક સમતોલનનું ધ્યાન રાખી ઉપયોગી અને મહત્વનાં કાર્યોમાં પોતાનું ધ્યાન પરોવે છે. તેઓ જ સફળ અને ઉન્નત જીવન જીવી શકે છે.
-અખંડજ્યોતિ, એપ્રિલ-૧૯૭૩

## યુગનિર્માણની પ્રક્રિયા વિશ્વવ્યાપી બનશે

યુગનિર્માણ પરિવાર અત્યારે ભારતમાં માનવજાતના ભાગ્યનું નિર્માણ કરનારું અભિયાન લાગે છે, પરંતુ આગામી સમયમાં તે વિશાળ બનીને સર્વત્ર ફેલાશે. ત્યારે કોઈ એક સંસ્થા કે સંગઠનનું નિયંત્રણ કે નિર્દેશ નહિ ચાલે. કરોડોની સંખ્યામાં જુદાજુદા સ્તરના એવા જ્યોતિઃપુંજ પ્રગટ થશે કે તેમની અપાર શક્તિથી થનારા કાર્યો અનુપમ અને અદ્ભુત કહેવાશે.

આ મહાન પરિવર્તનના સૂત્રધાર મહાકાળ જ છે. તેઓ જ સમય પ્રમાણે પોતાના તાંડવનૃત્યને તીવ્રતમ કરતા જશે. તાંડવનૃત્યથી પેદા થયેલી ગગનચુંબી જાજ્વલ્યમાન જ્વાલાઓ જૂનાને નવામાં ફેરવી નાખવાની ભૂમિકા કેવી રીતે નિભાવશે તેની કલ્પના કરવાનું સામાન્ય બુદ્ધિવાળા મનુષ્યો માટે બહુ મુશ્કેલ છે. જે થવાનું છે તે થઈને જ રહેશે. યુગ બદલાવવાનો જ છે. આજની ગાઢ અંધકારભરી રાત્રિ આવતીકાલના સોનેરી સૂર્યોદયમાં બદલવાની જ છે.

યુગનિર્માણ પરિવારનું સંગઠન આ ઉદ્દેશ્યને પૂરો કરવા માટે જ થયું છે. મેં મારી તીક્ષ્ણ દૃષ્ટિથી સુસંસ્કારી આત્માઓને શોધ્યા છે. તેમની પાસે પૂર્વસંચિત આત્મબળ રૂપી સંપતિ પહેલેથી જ પૂરતા પ્રમાણમાં છે. ગાયત્રી યજ્ઞોના બહાને, સત્સાહિત્ય દ્વારા આકર્ષીને તથા વ્યક્તિગત સંપર્કથી એ મોતીઓને ભેગાં કરીને માળા ગૂંથી છે. પ

રિવર્તન ભારત પૂરતું જ સીમિત નહિ રહે કે ફકત હિંદુઓ સુધી જ તે મર્યાદિત નહિ રહે. આખા વિશ્વનું પરિવર્તન થવાનું છે. બધી જ જાતિઓનું નિર્માણ થશે. ધરતી પર સ્વર્ગનું અવતરણ અને મનુષ્યોમાં દેવત્વનો ઉદય કોઈ દેશ, ધર્મ કે જાતિ પૂરતો સીમિત નહિ રહે. યુગનિર્માણની પ્રક્રિયા વિશ્વવ્યાપી બનશે અને વિકસિત થશે.

-અખંડજ્યોતિ, એપ્રિલ-૧૯૭૩

## આત્મબળવાળા આત્માઓ આગળ આવે

યુગનિર્માણ પરિવારના સભ્યોએ એવું વિચારવું જોઈએ કે તેઓ સામાન્ય વ્યક્તિ નથી, પરંતુ વિશેષ છે. એમણે વિશેષ ફરજ અને જવાબદારી નિભાવવાની છે. આ ફરજથી વિમુખ રહેનાર ખોટના ભયથી કે પોતાના અંગત જીવનમાં સુખસગવડમાં કમી આવવાના ભયથી કદાચ બચી જાય, પરંતુ એના બદલે ભગવાનના પોકારથી, અંતઃપ્રેરણા અને યુગના પોકારનો અનાદર કરવાથી આત્મા પોતાને જ ધિક્કારે છે એનાથી એ કોઈ પણ રીતે બચી શકશે નહિ. આ આત્મદંડ એમને એટલો ભારે પડશે કે એ પોતાની જાતને માફ નહિ કરી શકે.

યુગપરિવર્તનના સમયમાં ભગવાન પોતાના વિશેષ પાર્ષદોને મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવવા માટે મોકલે છે. યુગનિર્માણ પરિવારના પરિજનો નિશ્ચિતરૂપે આ શૃંખલાની મજબૂત કડી છે. એમને ભગવાને ખૂબ કાળજીપૂર્વક સુક્ષ્મ દૃષ્ટિથી શોધીને પ્રેમરૂપી સૂત્રમાં પરોવ્યા છે. આમ તો બધા જ આત્માઓ ઈશ્વરના સંતાનો છે, પણ જેમણે પોતાની જાતને તપાવી છે, પોતાને ઘડયા છે એમને ઈશ્વરનો વિશેષ પ્રેમ તથા કૃપા મળતાં રહે છે. એનો બદલો ભૌતિક સુખસગવડતાના રૂપમાં નથી મળતો. આ લાભ પ્રવીણતા અને કર્મપરાયણતાના ફળસ્વરૂપે આસ્તિક કે નાસ્તિક બંને મેળવી શકે છે. ભગવાન જેને પ્રેમ કરે છે એને પરમાર્થનાં કાર્યો કરવા માટે અંતઃસ્કુરણા અને સાહસિકતા જેવા વરદાનો આપે છે. યુગનિર્માણ યુગ પરિવર્તનના ખૂબ મહત્વપૂર્ણ અવસર પર એમને હનુમાન તથા અંગદ જેવી વિશેષ ભૂમિકા ભજવવા માટે આ જન્મ મળયો છે. યુગપરિવર્તનનાં કાર્યોમાં અસાધારણ રુચિ અને કંઈક કરી છૂટવાની અંતઃપ્રેરણા સતત થતી રહે છે. આપણે આ તથ્યને સમજવું જોઈએ અને આળસ, પ્રમાદમાં એક પણ પળ ગુમાવ્યા વગર પોતાના સ્વરૂપ અને લક્ષ્યને સતત યાદ રાખવા જોઈએ. પોતાના અવતરણના પ્રયોજનને પૂરું કરવા માટે સતત કાર્યશીલ રહેવું જોઈએ. આ કામ કર્યા વગર યુગનિર્માણ પરિવારના સભ્યને શાંતિ મળી શકતી નથી. અંતરાત્માની ઉપેક્ષા અને અવજ્ઞા કરીને કે લોભમોહના કાદવમાં ફસાઈ રહીને લાભ મેળવવા ઇચ્છે તો પણ એના મનનું અંતર્દ્વંદ્વ એને મોટી સફળતા મેળવવા દેતું નથી. દુનિયાદારીની જંજાળમાં ફસાનારા તથા આંધળું અનુકરણ કરનારાઓમાંથી આપણે પોતાની જાતને અલગ કરી આપણો રસ્તો નક્કી કરવો પડશે. આગલી હરોળમાં આવનારને જ શ્રેય પ્રાપ્ત કરવાનો અવસર મળે છે. મહાન પ્રયોજનો માટે ભીડ તો પાછળ આવતી રહે છે અને એ પોતાના અનુગામીઓથી ઓછું નહિ, પણ કંઈક વધારે કામ કરે છે, પણ ત્યારે શ્રેય અને સૌભાગ્યનો અવસર વીતી ગયો હોય છે. ગુરુદેવ ઇચ્છતા હતા કે યુગનિર્માણ પરિવારના આત્મબળ સંપન્ન આત્માઓ આ દિવસોમાં આગળ આવે અને આગલી હરોળમાં ઉભા રહેનારાની, યુગનિર્માતાઓની ઐતિહાસિક ભૂમિકા નિભાવે.. અખંડજ્યોતિ, એપ્રિલ-૧૯૭૩

## સિદ્ધિઓ વિભૂતિઓની માત્ર છાયા

યુગપરિવર્તનની આ પૂર્વવેળાએ સારાં પ્રયોજનોની પૂર્તિ માટે એવી આત્મબળ સંપન્ન વિભૂતિઓની જરૂર પડશે, જે ભૌતિક સાધનોથી નહિ, પણ પોતાના આત્મબળથી માણસોના મનને દુખદાયક પ્રવાહમાંથી બદલવાનું સાહસ કરી શકે. આ કાર્યો વ્યાયામશાળાઓ કે પાઠશાળાઓ પૂરાં કરી શકતી નથી કે શસ્ત્રો યા અર્થસાધનો પૂરાં કરી શકતા નથી. એના માટે સૌથી આગળ ચાલનારા લોકનાયકોની જરૂર પડશે, જે મનસ્વી અને તપસ્વી બનવામાં પોતાનું ગૌરવ સમજે અને જેમની મહત્વાકાંક્ષાઓ ભૌતિક લાભની મોટાઈથી દૂર રહી આત્મિક મહત્તા પર કેન્દ્રિત હોય. ભૌતિક લાભોથી લલચાઈને લોભમોહનાં બંધનોમાં બંધાયેલી વ્યક્તિ આ સ્તરના લાભથી વંચિત રહે છે.

માણસમાં દેવત્વના ઉદય અને ધરતી પર સ્વર્ગના અવતરણની આ પુણ્ય ઘડી છે. એમાં મહામાનવોએ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવી પડશે. તેમણે જ આગેવાની લઈને અનેક લોકોને આ માર્ગે ચાલવાની પ્રેરણા આપવી પડશે. ઇતિહાસના આકાશમાં આવા જ મહામાનવો પ્રકાશિત નક્ષત્રની જેમ અનંતકાળ સુધી ચમકતા રહે છે. એમના માટે આ સમય સુવર્ણકાળ જેવો છે. મહાકાળે એમનું જ આહ્વાન કર્યું છે. યુગના આત્માએ એમને જ પોકાર્યા છે. આવી સત્તાઓ અત્યારે હાજર જ છે. દુર્ભાગ્યે એમના પર મલિનતાનું આવરણ ચઢી ગયુ છે. એના અંધકારમાં તેઓ પોતાનું કર્તવ્ય શું છે એ સમજી શકતા નથી અને તેથી તેઓ તે તરફ પોતાનાં કદમ આગળ વધારી રહયા નથી. એ કાર્ય માટે એમનામાં પહેલેથી જ પાત્રતા રહેલી છે.

પાત્રતા વિકસિત કરવા માટે આપણે બધાએ સાહસ કરવું પડશે. ગુરુદેવે પોતે પણ એના માટે મૂલ્ય ચૂકવ્યું છે. જેમને ઉચ્ચકક્ષાનો પ્રકાશ મળશે તેઓ પોતે જ દેવોપમ રીતિનીતિ અપનાવવા માટે વ્યાકુળતા અનુભવશે. પશુ જેવું જીવન જીવવું એમના માટે શક્ય નહિ બને. પ્રભુનાં પ્રયોજનો માટે જેટલું આત્મસમર્પણ કરશે એટલાં પોતાને પ્રકાશિત અનુભવી શકશે.

મહાન વ્યક્તિઓ વૈભવશાળી હોય છે. સિદ્ધિઓ તો વિભૂતિઓની છાયામાત્ર હોય છે. મહામાનવો વૈભવનો પોતાના માટે ઉપયોગ કરતા નથી. એ એમની મહાનતા અને ઉદારતા છે. તેઓ સ્વાર્થ છોડીને પરમાર્થ તરફ આગળ વધે છે. પરમાર્થપરાયણતા તથા શ્રેયના માર્ગે જનાર પોતાની તપસાધના, ત્યાગ તથા બલિદાનથી શરૂઆત કરે છે, પરંતુ બદલામાં એટલું બધું મેળવે છે કે પોતે ધન્ય બની જાય છે અને પોતાના યુગના ઇતિહાસમાં ચિરસ્મરણીય અને અભિનંદનને પાત્ર બની જાય છે. -અખંડજ્યોતિ, ફેબ્રુઆરી-૧૯૭૩

# યુગનિર્માણના પરિવારજનો પાસે મોટી આશાઓ

યુગપરિવર્તનના મહાન પ્રયોજનની પૂર્તિ માટે જે પૂંજીની સૌથી પહેલી અને સૌથી વધારે માત્રામાં જરૂર છે તે છે ભાવના. ભાવનાઓના જાગરણનો વિકાસ કર્યા વગર યુગધર્મની માંગને પૂરી કરી શકાતી નથી. આ યુગનિર્માણ પરિવારની હારમાળામાં આવી જ કડીઓ જોડવામાં આવી છે, જેમાં જન્મોજન્મથી ભેગી કરેલી ભાવસંપતિનો મોટાભાગનો હિસ્સો જોડાયેલો છે. જેમનામાં મહાન બની શકવાની ભાવનાનાં તત્વો મોજૂદ છે તેમનું સંગઠન યુગનિર્માણ પરિવારના રૂપમાં થયું છે. જો આવું ન હોત તો યુગનિર્માણનું આટલું મહાન કાર્ય કેવી રીતે થઈ શકતું ? એનો મુખ્ય આધાર ભાવના છે.

બીજના અંકુરના રૂપમાં જે ભાવસંપદા યુગનિર્માણ પરિવારના સભ્યોમાં રહેલી છે એને વિકસાવવી અને પરિપકવ કરવી એ આજની સૌથી મોટી જરૂરિયાત છે. પરિજનોએ પોતાના સંબંધમાં હજારવાર વિચારવું જોઈએ કે તેઓ સામાન્ય જીવજંતુના વર્ગથી ઉચ્ચકક્ષાના છે. જે માત્ર પેટ અને પ્રજનન માટે જીવે છે, અહંકાર અને માયામાં ફસાયેલા છે એમને ધન, ભોગવિલાસ અને અહંકારની પૂર્તિ સિવાય બીજું કશું દેખાતું નથી. એવા ધરતી પર બોજ બનનાર લોકોની ગણતરી અંધકારમાં ભટકતા અસુરોમાં જ થાય છે, પછી ભલે તેઓ ગમે તેટલા વૈભવશાળી કેમ ન હોય. યુગનિર્માણના પરિજનો જો આવા સ્તરનું જીવન જીવે તો એમના આદર્શ તથા આધ્યાત્મિકતાને માત્ર આડંબર જ માનવામાં આવશે. જો એમનું જીવન આવી નિમ્ન કક્ષા સુધી સીમિત રહે તો એને દુર્ભાગ્યપૂર્ણ જ કહી શકાય. આપણા પરિવારના સભ્યો જો મહામાનવોની, યુગનિર્માતાઓની દિશામાં આગળ ન વધ્યાં તો એવું કહેવું પડે કે હિમાલય જ જમીનદોસ્ત થઈ ગયો, સમુદ્રને સુકાવાની ઘડી આવી ગઈ. સામાન્ય માણસ પતન  તરફ જાય એ સહન થઈ શકે, પણ જો આત્મબળ સંપન્ન મહામાનવો નરપશુ જેવું જીવન જીવે તો એ સમગ્ર માનવજાત માટે અને એ વિભૂતિઓ માટે શાપરૂપ ગણાય. આવું આપણે થવા દેવું જોઈએ નહિ. આવી કાયરતાથી તો ઈશ્વરની આજ્ઞાની, વિશ્વના માનવોના ઉજ્જવળ ભવિષ્યની, ગુરુદેવના યુગનિર્માણનાં સ્વપ્નોની અને જીવન લક્ષ્યની અવગણના થઈ ગણાશે.   -અખંડજ્યોતિ, માર્ચ-૧૯૭૩

## પરિજનો યુગનિર્માણીની પાત્રતા કેળવે

યુગનિર્માણ પરિવારના દરેક પરિજને પોતાની ભાવનાનું મૂલ્યાંકન કરવું જોઈએ, એનો વિકાસ કરવો જોઈએ. ચિંતનમાં ઉત્કૃષ્ટતા અને વ્યવહારમાં આદર્શવાદનો સમાવેશ કરવો જોઈએ. વ્યાવહારિક આધ્યાત્મિકતા આ જ છે. ઈશ્વરની પૂજાઅર્ચના પૂરતી નથી, પણ ભગવાનને આપણી અંદર આત્મસાત્ કરવા જોઈએ. એમને જીવનરૂપી સંપતિના ભાગીદાર બનાવવા જોઈએ અને એમના સંકેતો અનુસાર આપણી સંપત્તિ એમને સમર્પિત કરવી દેવી જોઈએ. મોટાઈની મહત્વાકાંક્ષાઓથી દૂર રહેવું જોઈએ અને મહાન બનવા માટે દોષ દુર્ગુણોનો ત્યાગ કરવો જોઈએ. આવી વિચારધારા પ્રમાણે જીવનમાં આગળ વધવું જોઈએ. દેવમાનવો જેવી ભાવનાના વિકાસ માટે સ્વાધ્યાય, સત્સંગ અને મનનચિંતન સતત કરતા રહેવું જોઈએ અને એટલું સાહસ કરવું જોઈએ કે આંતરિક દુર્બળતા અને બહારના અવરોધો સામે મજબૂત મનથી લડી શકાય. તે યુગનિર્માણ પરિવારના દરેક વ્યક્તિમાં ઉદાહારણ રૂપ હોવું જોઈએ. આપણે આ મિશનના સામાન્ય સમર્થનકર્તા સદસ્ય જ બની રહેવું જોઈએ નહિ, પણ એક ડગલું આગળ વધીને સર્જનસેનાના એક એવા સૈનિક બનવું જોઈએ કે જેમની પાછળ અનુયાયીઓની એક મોટી કતાર હોય, જે આપણા કદમમાં કદમ મેળવીને આગળની પંક્તિમાં ઊભી રહેલી દેખાય.

ભાવનાની શક્તિ જેટલી વિકસિત થશે, પરિપકવ હશે એટલી જ પ્રતિભા ખીલી ઊઠશે. પ્રતિભાશાળી પ્રખરતા બધાને આકર્ષતિ, પ્રભાવિત અને મંત્રમુગ્ધ કરી દે છે. દરેક વ્યક્તિ પ્રતિભાશાળી બનવા ઈચ્છે છે કારણ કે વિભિન્ન ક્ષેત્રોની સફળતા મોટેભાગે પ્રતિભાવાનોને જ મળે છે.

જો યુગનિર્માણ પરિવારના સભ્યો પોતાની ભાવનાની અંદર પરિપકવતા લાવી શકે અને સાહસ તેમજ વિવેકની સાથે એકાગ્રતા તેમજ કર્મઠતાનો સમન્વય કરી દે તો એમનું વ્યક્તિત્વ ખૂબ ઝડપી પ્રગતિ કરી શકે. એમની કાર્ય કરવાની પદ્ધતિમાં ચમક અને ઝડપ જોવા મળશે. માનવજાતના ભવિષ્ય નિર્માણના આ અભિયાનમાં વિભૂતિઓની શક્તિ પૂરતા પ્રમાણમાં ભેગી કરવાથી તે શકય બનશે. આપણે આપણા વિશેષ વ્યક્તિત્વ અને વિશેષ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખવા પડશે. આપણી ભાવનાનો વિકાસ કરીએ, એમાં સુધારો લાવીએ. ચિંતનમાં ઉત્કૃષ્ટતા અને આચરણમાં આદર્શનો સમાવેશ કરવાની જો તત્પરતા હોય તો યુગનિર્માણીમાં સાર્થકતા તથા ક્ષમતા ચોકકસ પેદા થશે. આ બધી સિદ્ધિ મેળવીને આપણો નાનો પરિવાર એ મહાન ભૂમિકા સહજ રીતે ભજવી મેળવી શકશે કે જેના માટે એમનો જન્મ થયો છે. -અખંડજ્યોતિ, માર્ચ ૧૯૭૩

## કર્તવ્ય પ્રત્યેની તત્પરતામાં જ સંતોષ માનો

આપણે કર્તવ્ય કર્મને આપણું લક્ષ્ય બનાવીએ અને એના માટે કરેલા પુરુષાર્થને સફળતા જેટલો આનંદ તેમજ ભેટ સમજીએ. ખરેખર કર્તવ્ય પૂરું કરવામાં ઉત્સાહ અને આનંદમાં મગ્ન રહેવાની નિષ્ઠા જ એક ઉચ્ચ કોટિની ભાવનાત્મક સફળતાછે. જેણે આ સફળતાને આનંદદાયક અને સંતોષજનક માની લીધી તેને દેખીતી સફળતા મળે કે ન મળે એની ચિંતા રહેતી નથી. તે પોતાના પ્રખર પુરુષાર્થની ઉત્કૃષ્ટતાને જ સફળતા માનીને સંતોષ અનુભવે છે અને સારા કે ખરાબ પરિણામને ખેલાડીની જેમ હાર કે જીતને હસતા હસતા સ્વીકારી લે છે.

કર્તવ્યકર્મમાં નિષ્ઠાવાન રહેવું તે માનવીય પુરુષાર્થની ચરમસીમા છે. ઈચ્છિત ભૌતિક પરિણામ દેવોને આધીન છે. અનેક અજાણ્યા કારણો સફળતા મળવામાં મદદરૂપ કે બાધક હોય છે. તેથી આટલાં પુરુષાર્થ કરવાથી અમુક સમયમાં આટલી સફળતા મેળવી શકશે એવું અનુમાન ભાગ્યે જ સાચું પડે છે. ઘટનાઓ કઈ રીતે બનતી જાય છે તે કોઈ જાણતું નથી. આવી પરિસ્થિતિમાં અનિશ્ચિતને નિશ્ચિત માનીને ચાલનારાઓને આગામી દિવસોમાં નિરાશ પણ થવું પડે. ફળની આશા જયારે નિરાશામાં ફેરવાઈ જાય છે ત્યારે માણસને અતિશય દુખ થાય છે.

સફળતા માટે એક ચોકકસ લક્ષ્ય નકકી કરો, તેના માટે પ્રબળ પુરુષાર્થ કરો, સાધનો ભેગાં કરો, એમ છતાં જો ઈચ્છિત ફળ ન મળે તો તેના માટે પણ તૈયાર રહો. જો મનોરથ પૂરો ના થાય તો પણ ખિજાયા કે નિરાશ થયા વગર તેનો સ્વીકાર કરો, પોતાની હિંમત અને સાહસને તૂટવા ના દેશો.

જે લોકો કર્તવ્યને પોતાની મર્યાદા અને તેના માટે જે તત્પરતા રાખવામાં આવી હતી તેને સંતોષજનક માને એવા લોકોની માનસિક સ્થિતિ જ સમતોલ રહે છે. સફળતાને મનુષ્યના ગૌરવની કસોટ ના માની શકાય. તેની કર્તવ્યનિષ્ઠા સાથે જ તેની પ્રતિષ્ઠા જોડાયેલી હોય છે. જેમણે ઉચ્ચ આદર્શો માટે કષ્ટો સહન કર્યા અને સારા ઉદ્દેશ્ય માટે જેમણે પોતાનું બલિદાન આપી દીધું હોય એવા મહામાનવોને અસફળ વ્યક્તિઓની યાદીમાં ગણી ન શકાય. એવી પરિસ્થિતિમાં કોઈ વિવેકહીન માણસ તેમને અસફળ કે કમભાગી માનશે અને સર્વસ્વનો ત્યાગ કરનારા બલિદાનીઓને પણ એ શ્રેણીમાં જ ગણશે. તેની આવી માન્યતાને બુદ્ધિમત્તાપૂર્ણ ગણી શકાય નહિ. -અખંડજ્યોતિ, જુલાઈ-૧૯૭૪

## કમી છે તો બસ આપણા પ્રયત્નોની

હંમેશા એવું નથી બનતું કે ઓળખીતાં અને સહયોગીઓ જ મળે. જયાં પહેલેથી જ મિશનનું કાર્ય થઈ રહ્યું છે ત્યાં જઈને કાર્ય કરવા માટે લાગી જવું તે પ્રતિભાશાળી ધર્મપ્રચારક માટે કોઈ ગૌરવની વાત નથી. તૈયાર કરેલા સ્ટેજ ઉપર બેસીને માઇક પકડી લાંબી પહોળી વાતો કરે એવા મહત્વાકાંક્ષી લોકો દરેક શેરી કે મહોલ્લામાં મળી રહે છે. આવા જ ધંધાને આપણા લોકો પણ અપનાવી લે તો પ્રતિભાશાળીઓની પરખ કેવી રીતે થાય ? ખરેખર શ્રેય વકતાઓને નહિ, પણ આયોજકો મળે છે, દોડાદોડી, આયોજન માટે સૂઝ-સમજણ અને સતત સમય આપીને સાથીદારોના સહયોગથી વસ્તુઓ ભેગી કરવાની જેમણે વ્યવસ્થા કરી છે એમનાં જ ખરેખર વખાણ થવા જોઈએ. કાર્ય પ્રત્યે નિષ્ઠા તો એમની જ હોય છે.

સત્પ્રવૃતિઓ અને સદ્ભાવનાઓ યોગ્ય રીતે જનતા સામે રજૂ કરવામાં આવે તો લાગશે કે માણસની અંદર રહેલું દેવત્વ હજુ પણ જીવંત છે. એને જાગૃત અને વિકસિત કરી શકાય છે. સત્પ્રયોજનની પ્રેરણા આપનાર જો લોકોના માનસને સમજતા હોય, એને સાચી રીતે સ્પર્શતા હોય, તો આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ કે જનતાએ સત્પ્રવૃત્તિઓને અપનાવવાનું અને એમાં સહયોગ આપવાનું બંધ નથી કર્યું. આ દિશામાં પ્રયત્ન કરનારને સમર્થન અને પ્રોત્સાહન કમી પડતી નથી. કમી માત્ર કાર્યકર્તાઓની નિષ્ક્રિયતા તથા મનોબળની જ હોય છે. જો પ્રચારકોની નિષ્ઠા અને પ્રયત્ન પ્રખર હોય તો જનમાનસને પતનમાંથી ઉત્થાનની દિશામાં વાળવામાં ચોક્કસ સફળતા મળે છે. બૌદ્ધ પ્રચારકો ઊંડી શ્રદ્ધાનો આધાર લઈને પોતાના મિશન અને સંકલ્પ માટે જીવતા રહ્યા, એના માટે જ પોતાના પ્રાણનો ઉપયોગ કર્યો. મુશ્કેલીઓને એમણે મુશ્કેલી ના માની, ભૂખતરસ અને ઠંડીગરમીની પરવા કર્યા વગર મોતની સામે ઝઝૂમતાં ઝઝૂમતાં તેઓ શબ્દભેદી બાણની જેમ લક્ષ્યની દિશામાં આગળ અધ્યા હતા અને ધરતી પર રહેતા લોકોને મહાન ધર્મના ધ્વજ નીચે લાવવામાં સફળ થયા હતા. આપણી લગન પણ જો આવી હોય તો બધું જ કાર્ય શક્ય અને સરળ થઈ જાય, જેને અખાપણે કઠિન અને અશક્ય માનીએ છીએ તેના માટે ખરા મનથી પ્રયત્ન કરવાની જરૂર છે.

## પરિજનો ભાવના શુદ્ધિકરણમાં લાગી જાય

માણસની બુદ્ધિ અને શકિત અપાર છે, જરૂરિયાતો ઓછી છે. જો પોતાની વિચારવાની અને કાર્ય કરવાની પદ્ધતિને સુધારી લેવામાં આવે તો કોઈ વસ્તુનો અભાવ લાગશે કે નહિ કે કોઈને કોઈ ફરિયાદ કરવી પડશે નહિ. આ જ વાત સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓના સંબંધમાં પણ છે. મુશ્કેલીઓ છે જ નહિ, પણ પેદા કરવામાં આવી છે. ન્યાય અને યોગ્યને સ્વીકારી લેવામાં આવે. અધિકાર કરતાં કર્તવ્ય, ફરજને વધારે સમજવામાં આવે તો મુશ્કેલમાં મુશ્કેલ દેખાતી સમસ્યાઓનું સમાધાન થઈ શકે છે. એનાથી વિપરીત, શકિત અને છળકપટથી બીજાઓને દબાવવાથી તાત્કાલિક લાભ ભલે મળી જાય, પરંતુ પાછળથી જ્યારે  વિદ્રોહ ફાટી નીકળે તો અનીતિપુર્વક મેળવેલ લાભની જગ્યાએ ઘણી મોટી ખોટ સહન કરવી પડશે.

સસ્તી અને નકામી સેવા તો કેટલાય ભાવુક લોકો કરે છે, પણ આપણે દીર્ઘદ્રષ્ટાઓની ભૂમિકા ભજવવી જોઈએ. વ્યકિત અને સમાજને નિરંતર સમાપત કરનારી આપત્તિઓને જળમૂળથી ઉખાડી નાખવાની દૂરદર્શિતાનો ઉપયોગ કરવો જોઈએ. સુખશાંતિનો મજબૂત પાયો નાખવો જોઈએ. એ વાત સ્પષ્ટ છે કે દુર્બદ્ધિને દૂર કર્યા વગર, માણસના મનમાં ભાવનાત્મક ઉત્કૃષ્ટતાનું બીજારોપણ કર્યા વગર વ્યકિત અને સમાજની એકપણ સમસ્યાને હલ કરી શકાશે નહિ.

યુગનિર્માણ યોજના અંતર્ગત ભાવનાત્મક શુદ્ધિકરણ માટે જે રીતે વિચારક્રાંતિ, નૈતિકક્રાંતિ તથા સામાજિક ક્રાંતિની ત્રિવેણી શરૂ કરી છે એને આગળ વધારવા માટે આપણે બધાએ ભાવનાત્મક રીતે એમાં જોડાઈ જવું પડશે. જ્ઞાનયજ્ઞના આ આલોકને વધારેમાં વધારે ફેલાવવો પડશે. અંધકારનો લાભ લઈને છુપાઈને બેઠેલી વિકૃતિઓ અને મુશ્કેલીઓને દૂર ભગાડી દેવી પડશે. માનવીય સેવાસાધનાનો આ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આધાર પહેલા પણ હતો, પણ આજે તો તે આ યુગની અનિવાર્ય જરૂરિયાત બની ગયો છે. આપત્તિકાળના વિશિષ્ટ કાર્યની જેમ એની પૂર્તિ માટે ખરા મનથી લાગી જવું પડશે. ઈશ્વર ભકિતથી લઈને આત્મકલ્યાણ અને પરમાર્થ પ્રયોજનના બધા હેતુઓ એક જ માર્ગે ચાલવાની પૂર્ણ થઈ શકશે.

## આધ્યાત્મિક આદર્શો પ્રમાણે જીવન જીવો

યુગનિર્માણ પરિવારના પરિજનોએ વિશેષ રીતે વિચાર કરવો જોઈએ કે શું આપણે અધ્યાત્મના સાચા અનુયાયી બનવાની હિંમત કરી શકીશું ? જો આવો ઉત્સાહ અંતઃકરણમાં પેદા થાય તો એ તરફ આગળ વધવું જોઈએ. આદર્શોની ચર્ચા કરવાથી નહિ, પણ એમને જીવનમાં ઊતારવાથી સાચું કાર્ય થાય છે. આપણે ધ્યાન રાખવું જોઈએ કે વ્યક્તિગત દોષ-દુર્ગુણોને એક એક કરીને છોડી શકાતા નથી. બધા જ દોષદુર્ગુણો લોભ અને મોહની આસપાસ ફર્યા કરે છે. સંકુચિતતા અને સ્વાર્થપરાયણતારૂપી માખી જયાં સુધી ઊડી જાય નહિ ત્યાં સુધી દુર્ભાવના અને દુષ્પ્રવૃત્તિઓનું આવરણ જેમનું તેમ રહેશે. આપણે વિચારવું જોઈએ કે પેટ અને પ્રજનન માટે વાસના અને તૃષ્ણા માટે આપણી બધી ભાવનાઓ ભરેલું જીવન શું ઈશ્વર માટે, આદર્શો માટે સમર્પિત ન થઈ શકે ? જો હા હોય તો કેટલું ? કેવી રીતે ? આજે જ આપણે એ તથ્ય પર હજારવાર વિચારવું જોઈએ, આત્મચિંતન કરવું જોઈએ અને જો અંતઃજાગરણ થઈ જાય તો કાલથી જ આપણો સમય, શ્રમ અને મનોયોગને અત્યારના યુગની માંગ માટે વાપરવા જોઈએ. સ્વાર્થ પર જેટલો અંકુશ મૂકી શકાય એટલાં પ્રમાણમાં વધારે પરમાર્થ થઈ શકે છે. સાદગી, સંયમ અપરિગ્રહ અને સંતોષની આધ્યાત્મિક આસ્થા વધારી શકાય એનાથી આપણી પાસે એટલો બધો વૈભવ જોવા મળશે, જે યુગદેવતાના ચરણોમાં સમર્પિત કરીને અધ્યાત્મને તથા પોતાને સાચા અર્થમાં પ્રકાશપુંજ સિદ્ધ કરી શકાય.

આજે ભાવનાશીલ તથા પ્રબુદ્ધ આત્માઓની દસેય દિશાઓમાં માગ થઈ રહી છે. એમની આંતરિક અને બાહ્ય શકિતઓને લોકમંગળ માટે વાપરવામાં આવે તો નરકને સ્વર્ગમાં બદલવાનું શક્ય બની જશે. અધ્યાત્મના સ્વરૂપને સમજાવવામાં યુગનિર્માણ યોજનાને સફળતા મળે અને જો એ કોઈ એવી વ્યકિતઓને ઘડી શકે, જે પોતાના જીવનને આધ્યાત્મિક આદર્શોને અનુરૂપ બનાવી શકે, તો સમજવું જોઈએ કે યુગનિર્માણ યોજનાનો અત્યાર સુધીનો પ્રયાસ અને મહેનત સાર્થક થયા. આ સફળતા માટે પ્રબુદ્ધ પરિજનો પાસે ઐતિહાસિક પ્રગતિની અપેક્ષા છે.

## આદર્શવાદી પરંપરાનો સહારો લો

લોકો બહુ નકામાં છે. લોકપ્રવાહ પતન અને નરકની દિશામાં વહી રહ્યા છે. તમે એમની સાથે ના ચાલો, એના પ્રવાહમાં ના વહો, એમની સલાહ ના લો, નહિ તો એમની સાથે સાથે તમે પણ પતનની ખાઈમાં ઊંધા મોઢે પડશો. એમાંથી બહાર નીકળવું ખૂબ મુશ્કેલ છે. લોકો તમારી પ્રશંસા કરે તો સમજવું કે તમે કોઈ નિંદાનો આધાર પકડીને ઊભા છો, કોઈ તમારી હાંસી ઉડાવે તો સમજવાનું કે તમે વિવેકશીલતાનો પરિચય આપવાની શરૂઆત કરી દીધી છે. માછલી પાણીના વહેણથી ઊલટી દિશામાં દોડવાનું સાહસ કરે છે. તમે લોકપ્રવાહથી ઊલટા ચાલો, તમારો આદર્શ રજૂ કરો અને પ્રકાશપુંજ બનો. માયા અને ભ્રાંતિનું સૌથી મોટું લક્ષ્ય એ છે કે મનુષ્ય લોકોનું મોઢું તાકે, એમની પ્રશંસા સાંભળવાની આશા રાખે. લોકોએ ક્યારેય કોઈને સાચી સલાહ આપી નથી. પોતાના સગાંસંબંધીઓને કદાચ મોટા બનવાની સલાહ આપી શકે. એમને મોટાઈ ગમે છે, પછી ભલેને તે ખોટા રસ્તેથી કેમ ન મેળવી હોય ? જેમણે મહાન બનવું હોય તેઓ પહેલું પગલું એ ભરે કે પોતાના અંતરાત્માને, પોતાના ભગવાનને અને પોતાની આદર્શવાદી પરંપરાને પૂરતી માને. જ્યારે આ ત્રણેયનું મિલન થાય, પછી જ લોકોની સલાહની ઉપેક્ષા કરવાની હિંમત ભેગી થશે, અત્યારે આનાથી ઓછી સાધનાથી કોઈ સાચો અધ્યાત્મવાદી બની શકે નહિ. આત્મબલનો અર્થ છે-દિવ્ય પ્રયોજનોમાં આગળ વધવા માટે બધા જ અવરોધોને કચડી નાખવાનું પ્રચંડ શૌર્ય અને અતૂટ સાહસ. આપણે આત્મબળ વધારવું જોઈએ અને દેવમાનવની ભૂમિકા ભજવવા માટે આગળ આવવું જોઈએ.

સફળતાનું પ્રથમ પગથિયું સમર્થનના રૂપમાં સામે આવે છે. એ છે સંતોષ, પણ એનાથી કોઈમોટો હેતુ સિદ્ધ થશે નહિ. વાત ત્યા બનશે, જ્યારે લોકો એ માર્ગ પર ચાલવાની શરૂઆત કરશે. ક્યારે અધ્યાત્મવાદીઓ આગળ આવે અને લોકોને અનુભવ કરાવે કે આ ક્ષેત્રમાં પ્રવેશ કરનાર દેવમાનવો કેવાં હોય છે. જે જીવંત પ્રતિમાઓના દર્શન કરીને લોકો નક્કર  પ્રેરણા પ્રાપ્ત કરશે અને એમના સાંનિધ્યમાં આવી એમની જાતને એવા બીબામાં ઢાળવાનાં પ્રયત્ન કરશે. સહકારને સાકાર કરવા માટે જરૂરી છે કે એ આદર્શને લોકો પોતાના વ્યવહારમાં ઉતારે અને પ્રેરણાની પ્રત્યક્ષ પ્રતિમા બને બીજાઓને અનુભવનું સાહસ આપે. -અખંડજ્યોતિ, ફેબ્રુઆરી-૧૯૭૫

## આદર્શો છોડીને ઉન્નતિ ના જોઈએ

આજના સામાજિક રીતરિવાજો વિચિત્ર છે. એમાં આદર્શવાદી પ્રમાણ સતત ઘટતું જાય છે અને વ્યક્તિગત સ્વાર્થીપણું ખૂબ વધતું જાય છે. અત્યારે એવી આદર્શ વ્યક્તિઓ અને ઘટનાઓ બહુ જ ઓછી માત્રામાં જોવા મળે છે, જેમની રીતિનીતિનું અનુકરણ કરતા  કરતા શુદ્ધ જીવન જીવન શકાય. જયાં પણ નજર કરવામાં આવે ત્યાં લોકો આપણી પોતાની કે પારકી વિચિત્ર રીતિનીતિનું અનુકરણ કરતા જોવા મળશે, જેમાં વાસના, તૃષ્ણા અને અહંકાર જેવાં નિકૃષ્ટ તત્વો  જ જોવા મળે છે. લોભની લાલચે લોકોની આંખોને પહોળી કરી દીધી છે. એમને તરતનો લાભ જ પ્રભાવિત કરે છે. દૂરગામી પરિણામો વિશે વિચારવાની ક્ષમતા જ જાણે સમાપત થઈ ગઈ છે. આવી દશામાં ધનની લાલચ જ જોવા મળે છે, સાથે સાથે આંતરિક ખોખલાપણું ખૂબ વધતું જાય છે. અત્યારનો સમાજ આવા લોકોથી ભરેલો છે. તેઓ પોતે બળી રહ્યા છે અને એમનું અનુકરણ કરનારાઓની પણ એવી જ દુર્ગતિ થાય છે. ઉન્નતિ ખૂબ કરવી જોઈએ, પણ આદર્શોના ભોગે નહિ.

નવજીવનની દિશામાં આગળ વધવા માટે આવા લોકોનું અનુકરણ કરવું ના જોઈએ, જે જીવનના સ્વરૂપને, લક્ષ્યને અને ઉપયોગને સમજવામાં અસમર્થ હોય અને સંપત્તિની મૃગતૃષ્ણાને સંતોષવા માટે આત્મઘાતી પ્રવૃત્તિઓને અપનાવવા મરણિયા બન્યા હોય. આંધળું ઘેટું પોતે તો ખાડામાં પડે છે અને એની પાછળ ચાલનારા ટોળાની પણ એવી જ દુર્ગતિ કરે છે. માનવીને લાયક જીવન જીવવા અને એનાં સત્પરિણામો મેળવવા માટે આપણે લોકોનું આંધળું અનુકરણ કરવાના બદલે જુદો જ માર્ગ અપનાવવો પડશે અને  આપણી રીતિનીતિ નક્કી કરતી વખતે આદર્શવાદી પરંપરાઓને જ મહત્વ આપવું પડશે. એના માટે સ્વતંત્ર ચિંતન અપનાવવાની જરૂર છે. આપણી રીતિનીતિ એવા શુદ્ધ ચિંતનના આધારે જ નક્કી  કરવી પડશે, જે માનવજીવનને સાર્થક બનાવવા માટે વિવેકપૂર્ણ સમાધાન રજૂ કરવી હોય. વિવેક કહે છે કે આજની સ્થિતિ વિશે દરેક જાગૃત આત્માએ જીવનની સમસ્યાઓ વિશે નવી રીતે જ વિચારવું પડશે. આત્મા, પરમાત્મા અને આદર્શવાદી પરંપરાઓ આ ત્રણ સલાહકારોને પૂછીને નીતિ નક્કી કરવાનું સાહસ કરવું પડશે. લાખો લોકોની સલાહ એક પલ્લામાં અને આત્મા, પરમાત્મા તથા આદર્શવાદી પરંપરાને બીજા પલ્લામાં મૂકવામાં આવે, તો આ ત્રણેયની સલાહ વધારે શ્રેષ્ઠ સાબિત થશે.

-અખંડજ્યોતિ, નવેમ્બર-૧૯૭૫

## પરિસ્થિતિ મનઃસ્થિતિનો પડઘો

ચિંતન અને કર્તવ્યમાં સમાયેલી વિકૃતિઓને ઓળખવાનો પ્રયત્ન કરવો જોઈએ. એમને જડમૂળમાંથી ઉખાડી કાઢવા માટે સાહસની જરૂર છે. નકામાને આપણી અંદરથી શોધીને બહાર ફેંકી દઈ એના સ્થાને સત્પ્રવૃત્તિઓને સ્થાપિત કરવા માટે શૌર્યસાહસની જરૂર પડે છે. અધ્યાત્મની ભાષામાં એનું નામ આત્મબળ કે બ્રહ્મવર્ચસ છે. યોગ અને તપની સાધના એની પ્રાપ્તિ માટે કરવામાં આવે છે. જેને જેટલા પ્રમાણમાં આ દિવ્ય વરદાન મળે છે તે આંતરિક વિભૂતિઓ અને બહારની સંપત્તિઓથી એટલાં પ્રમાણમાં સુસંપન્ન બનતો જાય છે. રિદ્ધિ અને સિદ્ધિ એ આત્મિક તથા ભૌતિક સફળતાઓનું નામ છે. એકને દુર્ભાગ્યગ્રસ્ત અને બીજાને સૌભાગ્યશાળી સમજીએ છીએ, પણ શારીરિક રચના અને ઈશ્વરીય કૃપામાં કોઈ ભેદભાવ જોવા મળતો નથી. આની પ્રાપ્તિમાં તો બધા જ લોકો સમાન છે. માણસ માણસ વચ્ચે જોવા મળતા અંતરમાં એમની માનસિક સ્થિતિ જ મુખ્ય કારણ છે. પરિસ્થિતિ તો મનઃસ્થિતિનું પરિણામ માત્ર છે.

સાધનો વધારે કે ઓછાં હોઈ શકે, શારીરિક ક્ષમતામાં પણ થોડું અંતર હોઈ શકે, પણ આત્મસત્તાનો ઈશ્વરીય અંશ બધામાં સરખો છે. આમ પરમ જ્યોતિની સ્વાભાવિક પવિત્રતા અને દિવ્યતા પર મલિનતાનું આવરણ ચઢવા દેવામાં ન આવે તો માત્ર આંતરિક સુસંપન્નતાના આધારે દરેક દૃષ્ટિથી સફળ કહી શકાય એવું શ્રેષ્ઠ જીવન જીવી શકાય છે. ભૌતિક સુવિધાઓ ભૌતિક પ્રગતિમાં સહાયક બને છે, પણ આત્મિક સંપત્તિની દૃષ્ટિએ દરેક માણસ પરિપૂર્ણ છે. મુશ્કેલી એક જ છે કે ચિંતનની નીચતા અને કર્તવ્યમાં ભ્રષ્ટતાને લીધે અંતઃકરણમાં દોષદુર્ગુણો જમા થઈ જાય છે અને પછી ભુલભુલામણીના ખરાબ રસ્તામાં ફસાઈ જવાને લીધે ડગલે ને પગલે ઠોકરો ખાવી પડે છે અને મુશ્કેલીઓ વેઠવી પડે છે. જયાં આંતરિક વિભૂતિઓ હશે ત્યાં ભૌતિક સંપત્તિ એની પાછળ પાછળ આપમેળે ચાલી આવશે.

-અખંડજ્યોતિ, નવેમ્બર-૧૯૭૫

## જીવનની શુદ્ધિ જ આત્માનો સાક્ષાત્કાર છે

ગુણ, કર્મ અને સ્વભાવમાં ઉચ્ચસ્તરનાં તત્વોનો સમાવેશ કરવો એ નવા જીવનની દિશામાં આગળ વધવાનો મુખ્ય આધાર છે. એના માટે સ્વાધ્યાય અને આત્મચિંતનની દરરોજ જરૂર પડે છે. દૈનિક કાર્યક્રમમાં, શારીરિક અને માનસિક પ્રવૃત્તિઓમાં તથા વર્તણુંકમાં જરૂરી ફેરફાર કરવો પડે છે. આપણે આપણી જાત સાથે લડવું અને આપણી જાતને પ્રશિક્ષિત કરવી, આ બંને કર્મનિષ્ઠાનું નામ જ શાસ્ત્રકારોએ યોગ અને તપ જણાવ્યું છે. એના માટે કેટલાં બધાં ઉપાસનાત્મક કર્મકાંડ બતાવ્યાં છે. ઈશ્વર ભક્તિનો મુખ્ય હેતુ વ્યક્તિત્વનો સર્વતોમુખી પરિષ્કાર છે. એ જ જીવનનું લક્ષ્ય છે. અપૂર્ણતાથી પૂર્ણતા તરફ આગળ વધવા માટે દોષદુર્ગુણોનું સંશોધન અને શુદ્ધીકરણના માર્ગે ચાલવું પડે છે. ઉદ્ભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓ જે ગતિએ જીવનક્રમમાં આગળ વધે છે એટલી ગતિએ વ્યક્તિત્વમાં દેવત્વનો સમાવેશ થતો જશે. એ જ વિકાસક્રમથી આંતરિક મહાનતા અને ભૌતિક સફળતાનો માર્ગ મોકળો થશે.

સદ્ભાવના અને સત્પ્રવૃતિઓ વ્યક્તિત્વના કલ્પવૃક્ષને ખાતરપાણીની જેમ સીંચવાનું અને વૃદ્ધિ કામ કરે છે, પણ તે માત્ર ભણવા અને વિચારવા સુધી સીમિત નથી. એના માટે સક્રિય રીતે સતત ઇલાજ કરવો પડે છે. પરમાર્થ એનું જ નામ છે. આત્મીયતાનો વિકાસ અને વિસ્તાર કરવા માટે બીજાના દુઃખોમાં ભાગ પડાવીએ અને આપણાં સુખીને વહેંચીએ તે જરૂરી છે. આપણો અહંકાર જયાં સુધી રહેશે ત્યાં સુધી જીવનમાં દૈવી સંપત્તિનો પ્રવેશ થશે નહિ. કૃપણતા અને લાલસા જ અનેક પાપો અને અત્યાચારોને જન્મ આપે છે. ઉદાર વ્યક્તિ ધનની દૃષ્ટિએ અભાવગ્રસત રહેવા છતાં પણ પોતાના સમ, શ્રમ, મન, પ્રભાવ, સલાહ, પ્રેમ તથા સહયોગથી બીજાને મદદ કરી શકે છે. એનાથી અસહ્ય પીડા અને પતનમાંથી છુટકારો સરળ રીતે મળી શકે છે. બીજાની અપેક્ષાએ ઉદાર વ્યક્તિ વધારે સંતોષ અને સન્માનની બહુ મૂલ્યવાન ભેટ મેળવી શકે છે. આ તથ્યો પર ધ્યાન આપવામાં આવે તો દરેક વ્યક્તિને મહામાનવોના મહાન માર્ગ પર ચાલવાનો મોકો મળે છે. અને એક એક ડગલું આગળ વધતાં વધતાં જીવનના લક્ષ્યની પૂર્ણતા સુધી પહોંચી શકાય છે.

સદ્ભાવના અને સત્પ્રવૃતિઓથી ચિંતન અને કર્તવ્યને શણગારી શકાય છે. એના માટે પોતાની જાતને નવેસરથી સુધારવી અને સજાવવી પડે છે. ઘણું બધું ભૂલવું અને ઘણું બધું અપનાવવું પડે છે. બંને મોરચા પર ધીરજ અને સહાસપૂર્વક સતત પ્રયાસ કરતા રહેવાનું નામ સાધના છે. જીવનસાધના જ ખરેખર યોગ, તપ, ધર્મ અને અધ્યાત્મનું કેન્દ્ર બિન્દું છે. જીવનનું શુદ્ધીકરણ અને આત્માના સાક્ષાત્કારમાં શબ્દોનું જ અંતર છે. ઉચ્ચસ્તરની રીતિનીતિ અપનાવીને જ પરમાત્માની નજીક પહોંચવા માટે આત્માની ગતિ તીવ્ર બની શકે છે.

-અખંડજ્યોતિ, નવેમ્બર-૧૯૭૫

## યુગની માંગ- લોકોના મનનું શુદ્ધીકરણ

નવજીવનને પ્રાપ્ત કરવા માટે આત્માના શુદ્ધીકરણ ઉપરાંત બીજું ચરણ છે - ઉદાર વ્યવહાર. આપણી ઇચ્છાઓ સંકુચિત સ્વાર્થ પૂરતી સીમિત રહેવી જોઈએ નહિ. પોતાનું અને પોતાના કુટુંબનું પેટ ભરવું જરૂરી છે, પરંતુ એનાથી આગળ પણ વિચારવું જોઈએ. લોભ અને મોહના ચક્કરમાં પડયા રહેવાથી કામ ચાલશે નહિ. દેશ, ધર્મ, સમાજ અને સંસ્કૃતિ પ્રત્યેની આપણી ફરજ અને જવાબદારીનો વિચાર પણ કરવો જોઈએ. અત્યારની જરૂરિયાત છે કે વ્યક્તિગત મહત્વાકાંક્ષાઓ, લાલચ તથા ઇચ્છાઓને થોડા સમય માટે અભરાઈએ ચઢાવી દેવી જોઈએ અને સમાજની ઉન્નતિ માટે પોતાના ધર્મનું પાલન કરતાં કરતાં લોકનિર્માણ માટે પોતાની શક્તિનો ઉપયોગ કરવો જોઈએ.

લોકમાનસનું શુદ્ધીકરણ એ આજના યુગની મોટી જરૂરિયાત છે. સમુન્નત દ્રષ્ટિના અભાવને લીધે પ્રતિભાશાળી અને સાધન સંપન્ન લોકો પણ માત્ર વિનાશલીલા રચવામાં પડયા છે. જ્યારે ઉત્કૃષ્ટ ચિંતનવાળી વ્યક્તિઓ અભાવગ્રસ્ત હોવા છતાં પોતાની ફરજ મહામાનવની જેમ બજાવે છે. વ્યક્તિ અને સમાજની સામે અગણિત મુશ્કેલીઓ અને દુખો આવીને ઉભા છે. મુશ્કેલીઓ હલ થતી નથી, આપત્તિઓ વધતી જાય છે. બહાર શાંતિ નથી કે અંતરમાં સંતોષ નથી. આ સદ્દભાવનાના દુકાળને નાથવા માટે યુદ્ધ સ્તરે પ્રયત્ન કરવો જોઈએ.

આ બધું જીવનક્રમમાં ઉદારતાનો સમાવેશ કરવાથી જ અશક્ય બનશે. સ્વાર્થ પર અંકુશ મૂકયા વગર પરમાર્થ માટે સાધનો કે સમયનો સદુપયોગ થઈ શકશે નહિ. ચિંતનમાં રહેલી ઉદારતા વ્યસ્ત માણસ પાસે પરમાર્થનાં કાર્યો માટે ઘણો બધો સમય કઢાવી લે છે અને સાધન વગરના માણસો પણ આશ્ચર્યચક્તિ કરી દે એવા કામો કરી બતાવે છે. મોટાઈની તૃષ્ણા જેટલી ઓછી થશે એટલો મહાનતામાં ઝડપી વધારો થતો રહેશે.

આપણે પશુપક્ષીઓની જેમ પેટપ્રજનન માટે જીવવું જોઈએ નહિ. ઉત્કૃષ્ટતા અને આદર્શવાદને અપનાવીને નવું જીવન મેળવા માટે આગળ આવવું જોઈએ. એમાં જ માનવજીવનની સાર્થકતા રહેલી છે.

-અખંડજ્યોતિ, નવેમ્બર-૧૯૭૫

## જીવનને નીરસ બનાવવાની ભૂલ-અવિદ્યા

મનુષ્ય જીવનની ગરિમાને સમજી ના શકીએ તો એનાથી મોટું કોઈ દુર્ભાગ્ય નથી. સૃષ્ટિનાં બધાં જ પ્રાણીઓની સરખામણીમાં માણસને જે મળ્યું છે એને અમૂલ્ય જ કહી શકાય. પરમપિતાએ પોતાના મોટા પુત્રને જે જવાબદારી સોંપી છે એનું દરેક કાર્ય અદ્ભુત છે. સામાન્ય દૃષ્ટિએ તો આપણે પેટ અને પ્રજનનમાં સતત વ્યસ્ત તથા અગણિત સમસ્યાઓથી ઘેરાયેલા અને સંકટોના દલદલમાં ફસાયેલા જીવો છીએ. બીજા પ્રાણીઓ નિર્વાહ અને સુરક્ષાની સમસ્યા પોતાના પુરુષાર્થથી હલ કરે છે અને શાંતિનું જીવન જીવે છે. માણસ મનની સમસ્યાઓ, મહત્વાકાંક્ષાઓ, મનોવિકારો અને પ્રતિકૂળ પરિસ્થિતિઓથી એટલો દુખી રહે છે કે દિવસો પસાર કરવા મુશ્કેલ બની જાય છે. જિંદગી રૂપી લાશને બહુ મુશ્કેલીથી ઢસડે છે.આશ્ચય થાય છે કે બીજાં પ્રાણીઓની સરખામણીમાં આટલો બધો સાધન સંપન્ન માણસ આ સુઅવસરની દરેક ક્ષણ ઉલ્લાસથી વિતાવવાને બદલે શોકસંતાપથી ભરેલા નીરસ અને નિરર્થક દિવસોમાં કેમ ગુજારે છે ?

આ દુર્ભાગ્ય ના તો ઈશ્વરે આપેલું છે કે ન પરિસ્થિતિથી પેદા થયું છે. જો એવું જ હોત તો દરેકના ભાગ્યમાં આવી જ સ્થિતિ હોત. ઈશ્વરને પોતાનાં બધાં જ સંતાનો સરખાં જ વહાલા છે. એમણે બધાંને લગભગ સમાન ક્ષમતા અને પ્રતિભા આપી છે કે વિવેકનો ઉપયોગ કરી તેઓ પોતે સુખશાંતિથી જીવે અને પોતાના સંપર્કક્ષેત્રમાં આનંદરૂપી અમૃત વરસાવત રહે. પરિસ્થિતિઓ પોતાની રીતે ઠંડીગરમીની જેમ બદલાતી રહે છે. એનાથી લાભ કે નુકસાન મેળવવાનું કામ પોતાનું છે. વિશ્વનો ઘટનાક્રમ આપણી ઇચ્છા પ્રમાણે ચાલે એ અશક્ય નથી. અસંખ્ય પ્રાણીઓની પરસ્પર વિરોધી અગણિત ઇચ્છાઓ હોય છે. બધાને સંતુષ્ટ કરી શકાય એવું તો શક્ય નથી. માનવજીવનમાં દરેક ક્ષણે મળતી પ્રસન્નતા, આશા, સફળતા અને સંતોષની જગ્યાએ ઉદ્વિગ્નતા, દુખ અને નિરાશા જ  જો મળતી હોય, તો સમજવું જોઈએ કે ક્યાં મોટી ભૂલ થઈ રહી છે. જીવનને નીરસ અને નિરર્થક બનાવનારી ભૂલને અધ્યાત્મની ભાષામાં અવિદ્યા કે માયા જ કહેવામાં આવે છે. -અખંડજ્યોતિ, નવેમ્બર-૧૯૭૫

## ધર્મ-અધ્યાત્મનું ગૌરવ સમજવું જોઈએ.

આજનો આપણો ધર્મ અને અધ્યાત્મ એટલાં નિમ્ન કક્ષાનાં છે, જેના પરિણામ સ્વરૂપે નાસ્તિકતા જેવો મહારોગ ફેલાયો છે. ધર્મ શું છે ? અમુક વંશ અને અમુક વેશધારીઓને લૂંટફાટનો ખુલ્લેઆમ પરવાનો આપી દીધો છે. ધર્મ એટલે શું ? કુરિવાજો, મૂઢમાન્યતાઓ તથા અંધશ્રદ્ધાનો રાફડો. અધ્યાત્મ શું છે ? પૂજાપાઠનો થોડોક ઢોંગ રચીને દેવતાઓ અને ઈશ્વરને પોતાના વશમાં કરી લેવા અને એમની પાસે યોગ્ય અયોગ્ય મનોકામનાઓ પૂરી કરાવવા તેમને માંકડાની જેમ નચાવવાનું દુઃસ્વપ્ન. આજનું અધ્યાત્મ લગભગ જાદુમંતરના નિમ્ન સ્તર સુધી પહોંચી ગયું છે. કેટલાક લોકો ઉંધાછતાં કર્મકાંડો કરીને શેખચલ્લી જેવી કલ્પનાઓ કરી સ્વપ્નલોકમાં વિચરે છે અને ચમત્કારી સિદ્ધિઓની લાલચ રોખ છે. આવા ધૂની અથવા મનના મેલા સમુદાયના હાથમાં શું આવી શકે ? કશું જ નહિ. દુઃખોથી ઘેરાયેલા નકટા લોકો સંપ્રદાયના ગુણો ગાતા રહે છે અને પોતાની ભૂલો પર પડદો પાડતા રહે છે. આ છે આજના કહેવાતા ઢોંગી અધ્યાત્મવાદીઓની ઉઘાડી તસ્વીર, જેને જોઈને આપણું માથું શરમથી નીચું નમી જાય છે. આ લોકોનો, આટલો શ્રમ, સમય, ધન અને મન જો સાચા અધ્યાત્મ માટે વપરાયાં હોત તો તેઓ પોતે ધન્ય બની ગયા હોત અને એમના પ્રકાશ અને જ્ઞાનથી આખું વાતાવરણ બદલાઈ ગયું હોત.

અધ્યાત્મ કોઈને સ્વર્ગમાં મોકલતું નથી, પણ સાધકને ગમે ત્યાં સ્વર્ગ બનાવી દેવાનું સામર્થ્ય આપે છે. તેથી આપણે અધ્યાત્મનું ગૌરવ સમજવું જોઈએ. શારીરિક વાસનાઓ અને મનની તૃષ્ટાઓની તૃપ્તિ ઝંખે છે અને એના માટે આપણે સમય, શ્રમ અને મનોયોગ નકામો વેડફી નાખીએ છીએ. આત્માની ભૂખ અને પોકારની આપણે સાવ જ ઉપેક્ષા કરીએ છીએ. એના પોકારને સાંભળ્યો ના સાંભળ્યો કરવાથી કેટલી હાની સહેવી પડે છે એ વાસનાના ગુલામ એવા નરરૂપી જીવજંતુઓ આપે સમજી શકતા નથી. આપણે આપણી દૃષ્ટિ અને વિચારવાની દિશા બદલવી જોઈએ.

-અખંડજ્યોતિ, ફેબ્રુઆરી-૧૯૭૫

## વિચારક્રાંતિ અભિયાનનું અંગ બનો, સંઘશક્તિ ભેગી કરો

એ તથ્ય આપણે બધાએ સારી રીતે સમજી લેવું જોઈએ કે યુગનિર્માણ અભિયાનની સફળતા કે નિષ્ફળતા પર જ મનુષ્યજાતિના ભવિષ્યનો આધાર છે. માનવીય સભ્યતાના જીવનમરણનો ફેંસલો આ પ્રયાસોની સફળતા સાથે જોડાયેલો છે. એનું મહત્વ આજે ભલે સમજવામાં ના આવે, પણ એ નક્કી છે કે લોકોના મનની નીચી વિચારધારામાંથી એમને છોડાવીને શુદ્ધીકરણ કરાવ્યા વગર એમનું કલ્યાણ કરવું અશક્ય છે.

વિકૃત ચિંતનમાંથી મુક્તિ અને માણસના મનમાં શુદ્ધ, પવિત્ર દૃષ્ટિકોણની સ્થાપના કરવી એ જ આપણું વિચારક્રાંતિ અભિયાન છે. એ જ છે આ યુગનું સર્વોપરી મહત્વપૂર્ણ ધર્માનુષ્ઠાન-જ્ઞાનયજ્ઞ. યુગનિર્માણ યોજનાના પ્રયત્નો આ સંકલ્પ સાથે જોડાયેલા છે. એણે પોતાના પ્રભાવ ક્ષેત્રમાં એક જ વાત ગળે ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. તમારા મનમાં પુણ્ય પરમાર્થની વાત હોય તો એને વિખેરવાને બદલે એકત્ર કરી લોકોને સાચી દિશા બતાવો.

અત્યારે આપણે બે તથ્યોને આપણા મનની અંદર ઉતારવા જોઈએ (૧) જનમાનસનું શુદ્ધીકરણ કર્યા વગર વ્યક્તિ અને સમાજનું કલ્યાણ શક્ય નથી. એટલાં માટે આજે એના પર આપણે પૂરેપૂરું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. (૨) આટલું મોટું પ્રયોજન સંઘશક્તિ ભેગી કર્યા વગર અથવા જગાડયા વગર કોઈ પણ રીતે શક્ય નથી.વ્યક્તિગત જીવનનો સામાન્ય નિર્વાહ પણ જનસહયોગ વગર શક્ય નથી, તો પછી યુગપરિવર્તન જેવું મહાન પ્રયોજન તો એના વગર શક્ય જ ના બની શકે. ખરેખર જો લોકમંગળની, ઉજ્જ્વળ ભવિષ્યની ઇચ્છા હોય તો વિચારક્રાંતિ અભિયાનની  સાથે જોડાઈ એનું અંગ બનવું જોઈએ અને એના માટે સંઘશક્તિ એકત્રિત કરવામાં, જનસહયોગ એકત્રિત કરવા માટે ખરા મનથી જોડાઈ જવું જોઈએ. દરેક પરિજનને વિનંતી છે કે જો એને આ મિશન ખરેખર યોગ્ય લાગ્યું હોય તો એની સાથે સહમત રહેવા સુધી સંતુષ્ટ રહેવું જોઈએ નહિ, પણ એક કદમ આગળ વધીને એમાં સહયોગ આપવો જોઈએ, સંમતિને સક્રિયતાના પમાં વિકસિત કવરી જોઈએ. સમર્થનને યોગદાનના રૂપમાં એક કદમ આગળ વધારવું જોઈએ. આ સમય આત્મચિંતનનો છે.-અખંડજ્યોતિ, જુલાઈ-૧૯૭૫

## લોકમાનસનું શુદ્ધીકરણ જ યુગસાધના

વિચાર, શ્રદ્ધા, નિષ્ઠા અને ઇચ્છાઓ મનુષ્યના અંતઃકરણમાં રહેલું તત્વ છે અને એક જ તત્વનાં જુદા જુદા રૂપ છે. કોઈ ભાવ જ્યારે મનુષ્યની ચેતનાને સ્પર્શતો જોવા મળે તો એને આપણે વિચારના રૂપમાં જોઈએ છીએ. વિચાર વ્યકિતની ચેતના પર ખૂબ પ્રભાવ પાડે છે અને પ્રભાવ અનુકૂળ હોય તો શ્રદ્ધા પણ એવા પ્રકારની બની જાય છે અને માણસની શ્રદ્ધા જ એના કર્મ તથા ક્રિયાઓનું સંચાલન કરે છે. શ્રદ્ધા અને નિષ્ઠાને કારણે જ વ્યક્તિના કથન અને કર્મમાં અંતર જોવા મળે છે. એવું બને છે કે વ્યક્તિ વાતો તો મોટા મોટા આદર્શોની કરે છે, પણ એનું વર્તન જોઈએ તો એ આદર્શો સાથે દૂરનોય સંબંધ જોવા મળતો નથી. એવું એટલાં માટે થાય છે કે વાંચેલી કે સાંભળેલી વાતોને તે કહ્યા કરે છે. તે આદર્શો એની શ્રદ્ધા બનતી ની. જો આસ્થા એ સ્તરની હોય તો વ્યક્તિ આદર્શોની વાતો જ કરતી નથી, પણ એ આદર્શોને પોતાના આચરણમાં ઉતારવાનો પ્રયત્ન પણ કરે છે.

આદર્શને વિચાર દ્વારા શ્રદ્ધાના ક્ષેત્ર સુધી પહોંચાડવા માટે સદ્વિચારોના સાંનિધ્યમાં સતત રહેવું પડે. યુગનિર્માણ યોજનાએ એની જરૂરિયાતની પૂર્તિ માટે મોટા પ્રમાણમાં સદ્દસાહિત્ય પૂરું પાડયું છે. વિચારોના શુદ્ધીકરણ માટે સદ્દજ્ઞાનનું માખણ લઈને દર મહિને પહોંચતી પત્રિકાઓ 'યુગનિર્માણ યોજના', 'અખંડજ્યોતિ' તથા 'યુગશક્તિ ગાયત્રી' પોતાની વિશિષ્ટતાને લીધે બધા સામયિકોમાં આગળ પડતું સ્થાન ધરાવે છે.

લોકમાનસના શુદ્ધીકરણના વ્યાપક પ્રયાસોને યુગસાધનાનું નામ એટલાં માટે આપવામાં આવ્યું છે કે પરિજનો બધા કાર્યક્રમોને આધ્યાત્મિક સાધનાથી ઓછું મહત્વ ન આપે. આત્માના ઉત્કર્ષની સાથે સાથે પરિવારને સુસંસ્કારી બનાવવા અને સમાજને ઉંચો ઉઠાવવાનાં પોતાના પ્રયાસોને સાધનાથી જરાપણ ઓછું મહત્વ આપવું જોઈએ નહિ.

-અખંડજ્યોતિ, જાન્યુઆરી ૧૯૭૭

## સંસ્કાર એટલે વિચારો અને ક્રિયાનો સમન્વયે

આત્મિક પ્રગતિનું સ્વરૂપ છે પોતાની જાતનું શુદ્ધીકરણ અને વિસ્તાર, શુદ્ધીકરણનો અર્થ છે શ્રેષ્ઠ સદ્ગુણોથી પોતાના ચિંતન અને કર્મને વધારે ને વધારે સુસંપન્ન બનાવતા રહેવું. વિસ્તારનો અર્થ છે આત્મીયતાનો વ્યાપક ક્ષેત્રમાં ફેલાવો કરતા રહેવું. બંને કાર્યો સેવાધર્મ અપનાવવાની પરમાર્થ પરાયણતા દ્વારા જ શક્ય બની શકે છે. બંને પગે એક એક કદમ આગળ વધવાથી જ મંજિલ સુધી પહોંચી શકાય છે. આત્મશુદ્ધિ અને આત્મવિસ્તાર જ એ બે કદમ છે, જેમને વ્યવહારમાં ઉતારવાનો સતત પ્રયત્ન કરવાથી લક્ષ્યપૂર્તિની દિશામાં અગ્રેસર બની શકાય છે. એવી રીતે શ્રમ-વિશ્રામ, અન્ન જળ, ગ્રહણ-વિસર્જન , વ્યય-ઉત્પાદન વગેરે બંને પક્ષના પ્રયત્નોથી શરીરયાત્રા ચાલે છે. એવી જ રીતે આત્મશુદ્ધિ અને આત્મવિસ્તારનાં બંને પૈડાં આત્મિક પ્રગતિના રથને આગળ વધારે છે. જેઓ આ પ્રયત્નોથી જેટલા સફળ થઈ શકે એમણે આત્મિક પ્રગતિની મંજિલ સુધી પહોંચવામાં સફળતા મેળવી લીધી છે એમ માનવું જોઈએ.

પશુપ્રવૃતિઓથી છુટકારો મેળવવા અને દેવત્વની સત્પ્રવૃતિઓ અપનાવવા માટે સેવાધર્મ અપનાવવો એ જ એક માત્ર રસ્તો છે. એનાથી આત્મશુદ્ધિ અને આત્મવિસ્તારના બંને ઉદ્દેશ્યો પૂરા થાય છે. ગુણ, કર્મ તથા સ્વભાવમાં દૈવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવાથી જ પશુપ્રવૃત્તિઓનો નાશ થાય છે. આ કામ સેવાધર્મ માનીને પરમાર્થપરાયણનાં કાર્યો કરવાથી જ શક્ય બને છે. માત્ર સાધના કરવાથી અથવા વાંચવા કે સાંભળતા રહેવાથી સારા ઉદ્દેશ્યોની જાણકારી અને મહિમા જાણી શકાય છે, પણ તે આપણા સ્વભાવનું અંગ બની શકતા નથી. વિચારણા અને ક્રિયાના સમન્વયથી જ સંસ્કાર બને છે. શ્રેષ્ઠતાના સંસ્કારનું શુદ્ધીકરણ કરવાથી જ ગુણ, કર્મ તથા સ્વભાવનો સ્તર ઉંચો ઊઠી શકે છે, વ્યક્તિત્વ નીખરે છે. આ હેતુ સેવા કાર્યોમાં રચ્યાપચ્યા રહેવાથી જ શક્ય બને છે. જે રીતે સ્વાર્થ સાધનામાં અનેક પ્રકારનાં છળકપટ, ઉતારચઢાવ તથા રાગદ્વેષ રાખીને કામ કરવું પડે છે, એવી રીતે પરમાર્થનાં કાર્યો  કરવા માટે ડગલેને પગલે સદ્વિચારોની, સદ્ગુણોની તથા શ્રેષ્ઠ સ્વભાવની વ્યવહારમાં જરૂર પડે છે.  -અખંડજ્યોતિ, માર્ચ ૧૯૭૭ પૃષ્ઠ-૫

# નૈતિકતા આચરણમાં આવે તો જ શાંતિ સ્થપાય

સમાજમાં શાંતિ કેવી રીતે સ્થપાય એ પ્રશ્ન આજે ખૂબ ઝપડથી ઉઠાવવામાં આવ્યો છે. તે એટલો જ જટિલ અને ઉંડો છે. શાંતિ માટેના બધા જ પ્રયત્નો નિષ્ફળ જઈ રહ્યા છે કારણ કે આજે બાળકોના મગજમાં વ્યવસ્થિત કાર્યો અને વિચારસરણી પેદા કરવામાં આવતી નથી. આ કાર્ય દ્રઢ નૈતિક ઢાંચા દ્વારા કરી શકાય છે. સદ્વિચારોની ગેરહાજરીમાં અવ્યવસ્થિત કાર્યો જ થાય છે. તે પણ ધીરેધીરે થાય છે. શાંતિ સ્થાપવા માટે કોઈ ક્રિયાઓની જરૂર નથી. જો માણસ પોતાની નૈતિક ફરજનું પાલન કરે તો શાંતિ અને વ્યવસ્થા આપમેળે સ્થપાઈ જાય છે.

વિશ્વના સંતુલનનો આધાર એ વાત પર છે કે લોકો ન્યાય, વેપાર, વાણિજ્ય તથા ઉદ્યોગ વિજ્ઞાનની એકતામાં વિશ્વાસ કરે અને અપાતા શિક્ષણમાં મુખ્યરૂપે નૈતિકતાનો સમાવેશ કરવામાં આવે. વ્યક્તિગત નૈતિકતા એટલી શક્તિશાળી છે કે સ્વાસ્થ્ય, બુદ્ધિ અને શિક્ષણ વગેરેની ઉણપ હોવા છતાં પણ એના વિકાસને સંસારની કોઈ પણ શક્તિ રોકી શકતી નથી.

કર્મનો ઉદ્દેશય માણસને આંતરિક રૂપથી વિકસિત કરવાનો છે, જેનાથી તે નૈતિકતાપુર્વક વિચાર કરી શકે માત્ર શરીર અને મનથી વધારે શક્તિશાળી માણસનું અસ્તિત્વ વધારે સમય સુધી ટકી શકતું નથી. નીતિવાન માણસો મર્યા પછી પણ મનુષ્ય જાતિને પ્રેરણા અને પ્રકાશ આપતા રહે છે. એમની જીવનગાથાઓને આદરપૂર્વક વાંચવામાં અને આચરણમાં મૂકવામાં આવે છે. નૈતિક જીવન જ સમાજની મોટી પરંપરાઓ, પ્રથાઓ અને પંથોથી બચાવે છે અને કલ્યાણકારી માર્ગદર્શન આપવામાં સમર્થ હોય છે. બીજા કોઈ સામાન્ય લોકો આ કામ કરી શકતા નથી. તે નીતિવાળો માણસ કરી શકે છે.

નૈતિકતા એ બધા ગુણોનો સર્વતોમુખી વિકાસ છે. એની થોડી માત્રા પણ સુખ આપી શકે છે, પરંતુ અનીતિનો એક અંશ પણ માણસ અને સમાજને સંકટમાં નાખી દે છે. એટલાં માટે નીતિપરક સાધનોના વિકાસ અને સામંજસ્યની જરૂરિયાત આદિકાલથી રહી છે.

માણસ જો નૈતિકતાને નિષ્ઠાની ચરમ સીમા સુધી નિભાવવાનો સ્વીકાર કરી લે તો વ્યક્તિગત જીવનને જ નહિ, પરંતુ આખા સમાજને શાંતિપૂર્ણ બનાવીશ કે છે. આવી વ્યક્તિઓ મોટા પ્રમાણમાં તૈયાર થઈ જાય. જે નીતિના મામલામાં પોતાની કોઈ પણ મહત્વાકાંક્ષાને કચડી નાખવાની હિંમત રાખે તો આ ધરતી પર કંઈક જુદું જ દ્રશ્ય જોવા મળશે. એ સમયે આખી દુનિયામાં બધે જ સુખ અને શાંતિ જ હશે.    -અખંડજ્યોતિ, એપ્રિલ-૧૯૭૩

## ભાવનાની પૂંજીથી મહાનતા ખરીદી શકાય છે

ચિંતનમાં ઉત્કૃષ્ટતા અને આચરણમાં આદર્શવાદના પ્રવાહનો સમાવેશ કરવા માટે સમર્થ મનસ્વિતા અને તેજસ્વિતાની જરૂર પડ છે. જે એને જીવનમાં અપનાવવાનું શૌર્ય અને સાહસ બતાવી શકે એને ભાવનાશીલ કહી શકાય. બીજા શબ્દોમાં સદુદ્દેશ્ય માટે સાહસપૂર્ણ સંકલ્પ કરનાર અને એનું ચુસ્ત રીતે પાલન કરવા માટે મોટામાં મોટો ત્યાગ અને બલિદાન કરવાના સુદૃઢ નિશ્ચયને ભાવનાશીલ કહી શકાય છે. ઉદ્ભાવ સંપન્ન વ્યક્તિ ઉચ્ચસ્તરનું વિચારે છે અને ઉચ્ચકક્ષાનું આચરણ કરવા તત્પર હોય છે. જો આવું ન હોત તો ભાવનારૂપી ખાણમાંથી જ નરરત્નો, મહામાનવો પેદા થવાનું ક્યાંથી શક્ય બનત ? ઐતિહાસિક મહાપુરુષોમાંથી દરેક ભાવનાશીલ જ હતા. એમના અંતઃકરણમાં ઉચ્ચકક્ષાની આકાંક્ષાઓ કોલાહલ કરતી હોય છે. ધીરેધીરે એ એટલી પ્રખર બની જાય છે કે એમને તૃપ્ત કર્યા વગર ચેન પડતું નથી. આત્માનો પોકાર, અંતર્વેદના, ઈશ્વરની વાણી આને જ કહે છે. આ આત્મ પ્રેરણાના પ્રકાશમાં મનસ્વી લોકો આગળ વધવા સાહસિક પગલાં ભરે છે, માર્ગમાં આવતા અવરોધોની ઉપેક્ષા કરે છે અને ધીરે ધીરે પોતાના લક્ષ્ય તરફ આગળ વધે છે. આ ક્રમિક યાત્રા એ વ્યકિતને ઐતિહાસિક મહામાનવના પદ પર બેસાડી દે છે. જુદા જુદા દેશોમાં અને સમયમાં ઉત્પન્ન થયેલા મહામાનવોના બહારનાં કાર્યો ભલે જુદાં હોય, પણ એમનો આંતરિક વિકાસ એક જ સ્તરનો હોય છે. ભાવાની પૂંજી સિવાય બીજી કોઈ પણ રીતે મહાનતા મેળવી શકાતી નથી.

ભાવનાત્મક ઉત્કર્ષનો હૃદયપક્ષ છે - આદર્શવાદી કાર્યો. લોકમંગળ, જનકલ્યાણ, સમાજનું ઉત્થાન, સેવા, સાધના અને પરમાર્થના કાર્યક્રમોમાં આ તથ્યને ગતિશીલ રહેતું જોઈ શકાય છે. ભાવનાશીલ વ્યક્તિ સ્વાર્થ ભરેલી સંકુચિતતાની ખાઈમાં જીવજંતુઓની જેમ સંતુષ્ટ રહી શકતી નથી.

ભાવનાશીલ વ્યક્તિમાં વિવેક અને દૂરનું જોવાની કે વિચારવાની માત્રા અપેક્ષા કરતાં વધારે હોય છે. તે લોભમોહના, વાસના અને તૃષ્ણાનાં બંધનોને તોડવાની હિંમત બનાવી શકે છે અને યોગ્યને અપનાવવામાં આવતા અવરોધોનું સાહસપૂર્વક નિરાકરણ કરી શકે છે.

-અખંડજ્યોતિ, માર્ચ-૧૯૭૩

## અધ્યાત્મનો ઉદ્દેશ્ય-આત્માનો વિસ્તાર

આત્મવિકાસ માટે રાગ, દ્વેષ, મોહ, મત્સર, કામ, ક્રોધ, લોભ, અહંકાર વગેરેનો ત્યાગ કરવો ખૂબ જરૂરી છે. આ મનોવિકારો પર જયાં સુધી નિયંત્રણ કરવામાં નહિ આવે ત્યાં સુધીના તો આત્મબળ મળશે કે ના પૂજાઉપાસના ફળીભૂત થશે.

મનોવિકારો પર વિજય પ્રાપ્ત કરવાનો સરળ તથા સચોટ ઉપાય એ જ છે કે આપણે જનસેવાનો ભાવ રાખી કાર્ય કરીએ. સમાજમાં સક્રિય રીતે કાર્ય કરતી વખતે સુખ-દુખ, માન-અપમાન, હાનિ-લાભ, ક્રોધ-દ્વેષ વગેરેના અનેક અવસરો આવશે. અનેક મુશ્કેલીઓ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાંથી પસાર થવું પડશે. આ પ્રસંગો જ એનો માપદંડ છે, જેનાથી માણસની ઓળખ થાય છે. ક્રોધ, લોભ, મોહ વગેરેની પરિસ્થિતિઓ આવવા છતાં પણ મનોવિકારો મનને વ્યગ્ર ન બનવા દે ત્યારે સમજવું જોઈએ કે સાચા અર્થમાં આપણે  સંયમી બની ગયા છીએ.

મનોવિકારોને જીતીને જેમ જેમ મનુષ્ય જનસેવા તરફ આગળ વધે છે તેમ તેમ એના ગુણ, કર્મ અને સ્વભાવનું શુદ્ધીકરણ થતું જાય છે. તથા તેના આચાર અને વિચાર નિર્મળ બનતા જાય છે. આચારવિચાર પવિત્ર થવાથી આત્મવિકાસ તથા આત્મવિસ્તાર આપમેળે જ થઈ જાય છે અને ત્યારે આખો સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ એનો પોતાનો પરિવાર બની જાય છે તથા સાધક સચ્ચિદાનંદ પરમાત્માની પ્રાપ્તિ કરે છે. આ રીતે જનસેવાના મંગલમય માર્ગનો આધાર લેવાથી સ્વાર્થ અને પરમાર્થ બંનેની સાધના પૂરી થઈ જાય છે.

અધ્યાત્મનો મુખ્ય ઉદ્દેશ્ય છે - આત્માનો વિસ્તાર કરવો. આત્માના વિસ્તારનો અર્થ છે - બધાં પ્રાણીઓને ભગવાનનું રૂપ માનીને એમની સાથે સ્નેહ, સૌજન્ય અને મમતાભર્યો હિતકારી વ્યવહાર કરવો તથા પ્રાણીમાત્રની સેવામાં ઓતપ્રોત થઈ જવું.

ખરેખર જેટલાં પણ જપ, તપ, સંયમ, સાધના, અનુષ્ઠાન વગેરે કરવામાં આવે છે એમનો મુખ્ય હેતુ પણ એ જ છે કે -આત્માનો વિસ્તાર કરવામાં આવે, પરંતુ સામાન્ય રીતે લોકો માળાના મણકા ફેરવીને કે ભગવાનને ફૂલચોખા ચઢાવીને એવું વિચારે છે કે પૂજા પૂરી થઈ ગઈ, પરંતુ એ ખરેખર ભ્રમ જ છે. માળા ફેરવવાની ક્રિયા કરવાથી આધ્યાત્મિક પ્રગતિ કદાપિ થતી નથી.

-અખંડજ્યોતિ, જાન્યુઆરી-૧૯૭૩

## સંઘશક્તિનો મહિમા અપાર છે

જનશક્તિથી વધારે મોટી બીજી કોઈ શક્તિ આ સંસારમાં નથી. માણસ પોતે પરમેશ્વરનો એક અંશ છ. જો એમને ભેગાં થઈ જવાનો અવસર મળે અને શ્રેષ્ઠતાની દિશામાં આગળ વધે તો એવી કોઈ સંપત્તિ નથી, જે એમનાં ચરણોમાં આળોટતી જોવા ન મળે. માણસ ગરીબ કે દરિદ્ર નથી. એને સામાન્ય જીવજંતુના સ્તરનો ગણીને તેના પર દયા કરવાની એટલી જરૂર નથી, જેટલી એને આત્મજ્ઞાન કરાવીને પોતાના પગ પર ઊભા કરી દેવાની છે. પૈસા ઉઘરાવીને અનાજ, પાણી કે દવાઓ આપી લોકો પોતે દયાળુ છે એવું બતાવે છે, પણ એ ભૂલી જાય છે કે સમર્થ વ્યક્તિ જો પોતાની શક્તિને ઓળખી લે અને એનો સદુપયોગ કરવાનું શીખી લે, તો શરીરથી આંધળો કે અપંગ હોવા છતાં પણ પોતાનો અને બીજાઓનો ઉદ્ધાર કરી શકે છે. સંસારમાં જે કાંઈ અદ્ભુત, આકર્ષક, સુંદર અને સુખદ દેખાય છે એ બધું મનુષ્યની સૂઝસમજણ અને એની મહેનતથી ઉદભવે છે. કુરૂપને સૌંદર્યમાં, વસ્તુના અભાવને સંપત્તિમાં નિરાશાને ઉલ્લાસમાં તથા અંધકારને પ્રકાશમાં બદલવાની પૂર્ણ ક્ષમતા માણસમાં રહેલી છે. માણસના સમૂહનું નામ છે જનતા. જનતાની સત્તા અને મહત્વની શક્તિની કલ્પના કરવી સર્જનહાર માટે પણ મુશ્કેલ છે.

ભ્રષ્ટાચારને, અપરાધી દુષ્પ્રવૃતિઓને પોલીસ અને અદાલત રોકી શકતી નથી, પણ જો જાગૃત જનતા આ ગુંડાતત્વો વિરુદ્ધ આંખ કાઢે તો એ મુઠ્ઠીભર અત્યાચારીઓનું જીવવું પણ મુશ્કેલ થઈ જાય. અત્યાચારી આતંકવાદ એટલાં માટે જીવતો છે કે આ ગુંડાતત્વોની અસામાજિક પ્રવૃત્તિઓ વિરુદ્ધ આક્રોશ પેદા કરવામાં આવ્યો નથી. જે દિવસે જનશક્તિની ચંડી જાગશે એ દિવસે આ ધરતી પર અભાવ, અશક્તિ અને અજ્ઞાનરૂપી રાક્ષસોનું અસ્તિત્વ રહેશે નહિ. સંઘશક્તિનું બીજું નામ જ ચંડી છે.

-અખંડજ્યોતિ, જાન્યુઆરી-૧૯૭૪

## આત્મીયતાનો વિસ્તાર

પોતાનાપણું જ સૌથી પ્રિય હોય છે. આત્મબોધથી જ જીવન અને સંસારનાં રહસ્યો પરથી પડદો ઉઠાવી શકાય છે. આત્માની જાગૃતિ જ દિવ્ય જીવનમાં પ્રવેશવાનું દ્વાર છે. આત્મવિશ્વાસથી હિંમત વધે છે અને પ્રબળ પુરુષાર્થ કરીને મોટામાં મોટી સફળતા પ્રાપ્ત કરવાનું શક્ય બને છે. આત્મતૃપ્તિ માટે દોડાદોડ ચાલી રહી છે. આત્મસંતોષ મેળવવા માટે મોટામાં મોટા કષ્ટો સહન કરી શકયા છે. આત્મ શુદ્ધિની સાથે દેવત્વની બધી જ સિદ્ધિઓ જોડાયેલી છે. જીવનનું લક્ષ્ય છે. - આત્મકલ્યાણ. આત્માથી વધારે શ્રેષ્ઠ બીજું કશું નથી. વિકસિત આત્માને જ બીજા શબ્દોમાં પરમાત્મા કહી શકાય છે.

વૈભવની વ્યાખ્યા આત્મવિસ્તારના રૂપમાં કરવામાં આવે છે. જે વસ્તુ પર આપણો અધિકાર છે, મોહન છે, સંબંધ છે એ જ વહાલું લાગે છે. અહીં જ પારકું છે, બંધુ જ કદરૂપું છે. જે આપું છે એ જ પ્રિય છે, એ જ સુંદર છે. પંચતત્વોથી બનેલા, નિર્જીવ પદાર્થો અને મળમૂત્રથી ભરેલા શરીરમાં વહાલું લાગવા જેવું શું છે ? જેને આપણે સુંદર રહીએ છીએ અને પ્રિય માનીએ છીએ એ પોતાનું માનવાના કારણે જ એવું લાગે છે.

જો આપણે આ સંસારમાં વધારે પ્રિય પદાર્થોનો સંગ્રહ કરવો હોય અને વધારે પ્રિયજનો સાથે રહેવું હોય, તો આત્મીયતાનો વધારેમાં વધારે વિસ્તાર કરવો જોઈએ. જે વસ્તુ કે વ્યક્તિ પર આત્મીયતાનો ભાવ જેટલા પ્રમાણમાં વધારે રાખીશું તે એટલું જ પ્રિય, સુંદર અને સુખદ લાગશે. જો આત્મીયતાનો વિસ્તાર સમસ્ત સંસારમાં કરી દેવામાં આવે તો સર્વત્ર આનંદનો જ અનુભવ અને અસીમ સૌંદર્યનું દર્શન દરેક ઘડીએ થતું રહેશે.

પ્રગતિના માર્ગે આગળ વધવા માટે આત્મવિશ્વાસ તથા સાહસની જરૂર છે. એને મેળવી લેવાથી આગળની સિદ્ધિ મેળવવાનું સરળ બની જાય છે. સાહસિક વ્યક્તિ કોઈ માર્ગને પસંદ કરતાં પહેલાં એના બધાં જ પાસાને ચકાસી જુએ છે, પણ જ્યારે નિર્ણય કરી લે છે કે આ કાર્ય કરવાનું છે, તો પછી તત્પરતાપૂર્વક તેની પાછળ પડી જાય છે. નદીઓ એના માટે રસ્તો આપે છે, પરાક્રમથી ભરેલો પુરુષાર્થ પહાડો પર રસ્તો બનાવે છે. સાધના તેને મદદ કરે છે અને ઘણા બધાનો સહયોગ પ્રાપ્ત થાય છે. સાહસરૂપી ચુંબન સાધનોરૂપી લોખંડના કણોને સરળતાથી ખેંચીને ભેગાં કરી લે છે. સફળતા પણ આવી જ રીતે મનસ્વી વ્યક્તિઓના ચરણ ચૂમે છે. -અખંડજ્યોતિ, ડિસેમ્બર-૧૯૭૫

## ભક્ત ભગવાનની ઇચ્છાનુસાર નાચે છે

યોગનો અર્થ છે પોતાની ઇચ્છાઓ, તૃષ્ણાઓ,વાસનાઓ, લાલચ બધું જ ઈશ્વર રૂપી સમષ્ટિ માટે, ઉત્કૃષ્ટ આદર્શવાદ માટે સમર્પિત કરી દેવું, વ્યક્તિવાદને સમૂહવાદમાં બદલી નાખવો, તૃષ્ણાના અણઘડ લોખંડને સંયમ અને અપરિગ્રહના અગ્નિમાં તપાવીને બહુમૂલ્ય લોહભસ્મ બનાવી દેવી. મનોકામનાઓને પૂરી કરવા માટે, એમને નષ્ટ અથવા શુદ્ધ કરવા માટે અધ્યાત્મની મદદ લેવી પડે છે. તૃષ્ણાઓ અનંત છે. એક વ્યક્તિની ઇચ્છાઓ બધાય દેવો ભેંગા થઈને પણ પૂરી કરી શકતા નથી.

સંસારમાં જેટલી પણ સામગ્રી છે તે એક વ્યક્તિની ઇચ્છાઓ પૂરી કરવા માટે ઓછી પડ. એક ઇચ્છા પૂરી થાય ત્યાં બીજી હજાર ઇચ્છાઓ ઊભી થઈ જાય છે. એમને મેળવવી જ નહિ, પરંતુ એમની સુરક્ષા કરવી  પણ ખૂબ કષ્ટસાધ્ય છે. આ જંજાળ એટલી મોટી છે કે એમાં પડેલો માણસ જીવનના લક્ષ્ય તરફ જઈ શકતો નથી. તે પોતાની વ્યસ્તતાને લીધે એ દિશામાં કંઈક વિચારી પણ શકતો નથી.

તેથી આત્મકલ્યાણની ઇચ્છાવાળી વ્યક્તિએ પહેલું પગલું ઓછી વસ્તુઓ અને ઓછા સાધનામાં સંતુષ્ટ રહેવાનું અને વધેલી શક્તિ અને ઉદ્ભાવનાને સત્પ્રવૃતિઓ વધારવા માટે વાપરવાનું છે. અધ્યાત્મની સફળતા કામનાઓ પૂરી કરવામાં નહિ, પણ બિનજરૂરી જંજાળમાંથી મુક્તિ મેળવવામાં રહેલ ી છે. આવા લોકો જ કુશળ મહામાનવ કહેવાય છે. એમને પોતાની દિવ્યતા વિકસિત કરવાનો, અંતરાત્માને નિર્મળ બનાવવાનો અવસર મળે છે. એવા લોકો જ પોતાની અંદર ઈશ્વરના દર્શન કરી શકે છે. તેઓ જ પોતાનું અને બીજાઓનું કલ્યાણ કરી શકવામાં સક્ષમ બને છે.

-અખંડજ્યોતિ, જાન્યુઆરી-૧૯૭૫

## અહંકાર નિંદાને પાત્ર-સ્વાભિમાન અભિનંદનને પાત્ર

સ્વાભિમાન જરૂરી છે, પણ અહંકાર નુકસાનકારક છે. આત્મગૌરવની રક્ષાનો અર્થ છે વ્યક્તિગત શ્રેષ્ઠતા, જેની સામે કોઈ આંગળ ઉઠાવી ના શકે એને આત્માને દુખ થાય એવી યાતના સહેવી ના પડે.

અહંકાર ગુણોનો નહિ, વસ્તુઓનો હોય છે. સંપત્તિનું, રૂપનું, બળનું, હોદ્દાનું, વિદ્યાનું અભિમાન કરવું એનો અર્થ એ છે કે એ વ્યક્તિની સમજશક્તિ આ સાંસારિક પદાર્થોને મહત્વ આપવા સુધી જ સીમિત છે અથવા આ ભૌતિક પરિસ્થિતિઓ જ સર્વસ્વ છે કે જેમને અસ્તિત્વનું કોઈ ઠેકાણું નથી.

અહંકારનો ઉદ્દેશ્ય એ છે કે સામેવાળાને એ અનુભવ કરાવવો કે તે અહંકારીની સરખામણીમાં બહુ નાનો છે. સંસ્થામાં મહત્વપૂર્ણ હોદ્દો મેળવીને ઉદ્ધત આચરણ અને અહંકારનું પ્રદર્શન કરનારની પણ દુર્ગતિ જ થાય છે. એમના વિરોધીઓ પેદા થઈ જાય છે અને હોદ્દાને છીનવી લેવાનાં કુચક્રો ચલાવે છે. એ સંસ્થાને નુકસાન થાય છે અને જે ઉદ્દેશ્ય માટે તે સંસ્થા બનાવી હતી એ પણ નષ્ટ થઈ જાય છે.

વિદ્વાન, ગુણવાન, કલાકાર અથવા એમના જેવી વિશિષ્ટ વ્યક્તિઓ ત્યારે જ સન્માનને પાત્ર બને છે, જ્યારે એમનામાં જરૂરી માત્રામાં સૌજન્ય જળવાઈ રહે છે. જ્ઞાનનો અહંકાર સૌથી નીચ કક્ષાનો છે. ધન, બળ, રૂપ વગેરે ભૌતિક પદાર્થોના લીધે થતા અહંકારની તો એવું વિચારીને ઉપેક્ષા કરવામાં આવે છે કે આ તો વાંદરાના હાથમાં તલવાર આવી ગઈ. વિદ્વાનનો અહંકાર ક્ષમાને યોગ્ય નથી. જ્ઞાનની સાથે તો સજ્જનતા અને શાલીનતા જોડાયેલી છે. જો વિદ્વાન, જ્ઞાની કે સંત ઘમંડી હોય તો પછી નમ્રતા અને વિનયશીલતાનું અનુકરણીય આચરણ ક્યાંથી શીખી શકાય ?

અહંકારના પ્રદર્શનમાં ઈર્ષ્યા, દ્વેષ, ઘૃણા, વિરોધ, વિદ્રોહ ઠગવું, બહેકાવવા જેવા અનેક ખતરા રહેલા છે, જેને જોતા જ જ્ઞાની વ્યકિત એ નિર્ણય પર પહોંચે છે કે આવી મૂર્ખતાથી જેટલો જલદી છુટકારો મળે એ જ ઉત્તમ છે. નિંદા અહંકારથી થાય છે, સ્વાભિમાનની નહિ, નિયમિતતા, સમયનું પાલન કરવું, પ્રામાણિકતાનું આચરણ, સજ્જનોચિત સદ્‌વ્યવહાર, ન્યાયાનુસાર નિષ્પક્ષ ચિંતન, ઉચ્ચ દૃષ્ટિકોણ ઉદાર વ્યવહાર જેવી વ્યક્તિગત વિશેષતાઓનું સંરક્ષણ અને વૃદ્ધિ જેવી વિભૂતિઓ નષ્ટ થઈ જાય તે મોટા સુરક્ષાત્મક મનોબળ અંતઃકરણમાં રહેલું હોય છે. એને સ્વાભિમાન કહે છે. સ્વાભિમાનને પરિપુષ્ટ કરવું અને અહંકારને નાબૂદ કરવો જ શ્રેયસ્કર છે.-અખંડજ્યોતિ, જૂન-૧૯૭૪

## જાગ્રત આત્માઓ યુગધર્મ નિભાવે

અત્યારે આપણે જીવન જીવી રહયા છીએ એ વિશિષ્ટ સમય છે. એમાં માનવજાતની દુર્ગતિનું ઉદ્ધતિમાં પરિવર્તન કરવાનો પ્રયાસ થઈ રહયો છે. બીજા શબ્દોમાં એને મનુષ્યના ભાગ્યનિર્માણનો, વિશ્વના ભવિષ્યના ઘડતરનો સમય કહેવો જોઈએ. આવા સંધિકાળમાં ઈશ્વરના વિશેષ પ્રતિનિધિના રૂપમાં જાગૃત આત્માઓને પોતાની વિશિષ્ટ ફરજ બજાવવી પડે છે. મુશ્કેલીમાં સામાન્ય નિયમો ચાલતા નથી.

વ્રજના ગોવાળિયા, કિષ્કિંધાઓનાં રીંછવાનર, ઈન્દ્રપ્રસ્થના પાંડવો, બુદ્ધના પરિવ્રાજકો તથા ગાંધીજીના સત્યાગ્રહીઓ યુગધર્મને સમજી શકયા હતા. એમણે ઈશ્વરીય આહ્વાનને સાંભળ્યું હતું. એ પ્રમાણે એમણે એમના વિશેષ સ્તરને ઓળખ્યો હતો. વિશેષ જવાબદારીનો અનુભવ કર્યો અને લોભ મોહને છોડીને મહામાનવોની પરંપરા અપનાવીને યુગધર્મનું પાલન કર્યું. ચાલાક માણસોએ એમાં નુકસાન બતાવ્યું, પરંતુ ભાવનાશીલોએ સમયની માંગને ઈશ્વરનું આમંત્રણ માન્યું અને એ મૂર્ખાઓની મંડળીમાં સામેલ થઈ ગયા. ઇતિહાસ સાક્ષી છે કે એ સમયની એમની મૂર્ખતા પાછળથી ઉચ્ચસ્તરની દીર્ઘદૃષ્ટિ સાબિત થઈ. તેઓ ધન્ય બની ગયા. ભગવાનને વહાલા લાગ્યા. કેટલાક લોકોએ એમનું અનુકરણ કર્યું. ઇતિહાસે એમની પ્રશંસા કરી. એમનો યશ અમર બની ગયો. પાછલી પેઢીઓ એમનાં ચરણોમાં શ્રદ્ધાંજલિ ચઢાવતી રહી. આ બધું મેળવવા માટે એમણે લોભ અને મોહનો ત્યાગ કરવો પડયો હતો. મહામાનવોએ હંમેશાં આવા સાહસભર્યા નિર્ણયો લેવા પડે છે. પરિસ્થિતિઓ સારી નથી એવું રટણ કરનારાઓને અનુકૂળતા ક્યારેય મળતી નથી કે મળે પણ નહિ. સારા માર્ગ પર ચાલવામાં પરિસ્થિતિઓની પ્રતિકૂળતા નહિ, પણ મન પર છવાયેલી આળસ, બીક અને અકર્મણ્યતા સૌથી મોટી અડચણ હોય છે. જે એમને દૂર કરી શકે તેઓ જ આ રીતે યુગધર્મનું પાલન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. જાગૃત પરિજનોને સમયે અત્યારે પોકાર્યા છે. અરુણોદયે જાગૃતિનો સંદેશ મોકલ્યો છે. સૂર્યનાં પહેલાં કિરણો કહે છે કે પાસાં બદલ્યા કરવાને બદલે એકદમ ઊભા થઈ જાઓ. આ પુણ્ય સમયમાં અસામાન્ય આત્માઓને સામાન્ય માણસોની જેમ સમય વિતાવવાનો નથી. મહાન આત્માઓને તુચ્છ પ્રાણીઓ જેવી ક્રિયાઓ કરવાની નથી.

નવયુગની ચેતના ઘેરેઘેર પહોંચાડવા અને લોકોને જાગૃતિનો સંદેશ સંભળાવવાનો બરાબર આ જ સમય છે. આ સમયે આપણી ભૂમિકા યુગદૂતો જેવી હોવી જોઈએ. આ દિવસોમાં આપણો પ્રયાસ સંસ્કૃતિ રૂપી પુલ બાંધનારા નલ અને નીલ જેવો હોવો જોઈએ. ખાઈ કૂદનાર અંગદની જેમ, પર્વત ઊંચકી લાવનાર હનુમાનની જેમ કદાચ વધારે પુરુષાર્થ ન કરી શકીએ, તો પણ ગીધ અને ખિસકોલીની જેમ પોતાની થોડીક કાર્યશક્તિને મહાન કાર્યમાં સમર્પિત કરવાની શક્યતા રહેલી છે. ગોવર્ધન ઊંચકતી વખતે જો આપણી લાકડી સહકાર માટે ના ઉઠાવીએ, તો પણ ઈશ્વરનું પ્રયોજન પૂરું થતાં અટકાવવાનું નથી. પ્રસ્તાવાનું નુકસાન આપણે જ સહન કરવું પડશે.

## જાગ્રત આત્માઓનો ભાવભર્યો સહકાર જોઈએ

રાજક્રાંતિનું કામ સાહસ અને શસ્ત્રબળથી ચાલી જાય છે. આર્થિક ક્રાંતિ સાધનો અને સૂઝસમજણથી થઈ જાય છે. આપણે તો બૌદ્ધિક, નૈતિક અને સામાજિક ક્રાંતિની ત્રિવેણિના મૂળ શોધવાનાં છે અને સંગમસ્થાન બનાવવાનું છે. એના માટે ચારિત્ર્ય, શ્રદ્ધા અને પ્રતિભાના સ્વામી એવા દધિચિના વંશજોએ જ આગળ આવવું પડશે અને મોરચો સંભાળવો પડશે. મકાન, પુલ, કારખાનાં વગરે બનાવવામાં વાસ્તુ શિલ્પીઓ પોતાના શિક્ષણની મદદથી સફળ બને છે. આપણે નવી વ્યક્તિ, નવો સમાજ અને નવા યુગનું ઘડતર કરવાનું છે. જાગૃત આત્માઓના ભાવભર્યા સહકારથી જ આ પ્રયોજન પૂરું થઈ શકશે. શું આ કાર્ય માટે બીજા પાસે મદદ માંગવા જવાય ? જેમની પાસે ભાવના જ નથી, જે કંજૂસો પોતે જ લોભમોહમાં ફસાયેલા છે એવા દીનહીન લોકો પાસે શું મદદ માંગવાની ? કર્ણ જેવી ઉદાર વ્યક્તિઓ જ પોતાનું સર્વસ્વ આપી દેતી હોય છે. પરિશ્ચંદ્ર જ પોતાની પત્ની તથા બાળકને વેચી શકે. લોભીઓને પોતાની ઇચ્છાપૂર્તિમાંથી જ ફુરસદ મળતી નથી. આપવાનો સમય આવે તો એમનું હૃદય જ ધબકતું બંધ થઈ જાય છે.

વ્યક્તિ, પરિવાર અને સમાજની નવી રચના માટે સાધનોની જરૂર નથી કે પરિસ્થિતિ અનુકૂળ થવાની પણ જરૂર નથી. એના માટે એવી પ્રખર પ્રતિભાઓ જોઈએ, જેમની નસોમાં ભાવભર્યું લોહી દોડતું હોય. ચાલાકીની દૃષ્ટિએ કાગડાને સૌથી ચતુર માનવામાં આવ છે. શિયાળ એની લુચ્ચાઈ માટે પ્રખ્યાત છે. ધનની રખેવાળી કરવા માટે સાપ જાણીતો છે. ભાવનાત્મક સર્જન માટે તો બીજી ધાતુમાંથી બનેલાં હથિયારોની જરૂર છે. આદર્શો પ્રત્યે અતૂટ શ્રદ્ધાની ભઠ્ઠીમાં જ અષ્ટધાતુ તૈયાર થાય છે. જરૂર એવી જ વ્યકિતઓની છે, જે અષ્ટધાતુમાંથી તૈયાર થઈ હોય. લોકસેવાનું ક્ષેત્ર બહુ મોટું છે. એમાં એવા કેટલાય છેતરનારા લૂંટારાઓ ધાપ મારવાની તક જોઈને બેઠાં હોય છે. પણ એવા લોકોથી કામ થતું નથી. પ્રકાશ તો સળગતા દીવાથી જ પ્રગટે છે.

યુગનિર્માણ પરિવારના એવા જાગૃત આત્માઓની કમી નથી, જેમની પાસે સુસંસ્કારોનો ભંડાર મોટા પ્રમાણમાં ભરેલો છે. ભાવના, નિષ્ઠા અને પ્રતિભાની પણ એમનામાં ખોટ નથી. પરિસ્થિતિઓ પણ એટલી પ્રતિકૂળ નથી કે યુગના પોકાર માટે તેઓ સહકાર આપી ન શકે. મુશ્કેલી એક જ છે - કૃપણ સ્વભાવ હોવો. તેનો બોજ એટલો લાદેલો છે કે એને ઉતારવો જરા કાઠો પડે છે. આ મુશ્કેલી અવાસ્તવિક છે, જેમ કે નાના મોંવાળા ઘડામાંથી ચણા કાઢવા માટે વાંદરો મુઠ્ઠી વાળી લે છે અને પછી એવું વિચારે છે કે ઘડાએ મારો હાથ પકડી લીધો છે. મનની સ્થિતિ બદલાય તો પરિસ્થિતિ અનુકૂળ થવાના રસ્તા શોધી લે છે. શોધનારા તો ઈશ્વરનેય શોધી લે છે, પછી યુગની જરૂરિયાત પ્રમાણે કાર્ય કરી શકવાનો રસ્તો ન મળે એવું કેવી રીતે બને ?

## ભારતીય સંસ્કૃતિના આદર્શો અપનાવો

ભારતીય સંસ્કૃતિ અને દર્શનનો મૂળ આદર્શ છે કે વ્યક્તિ પોતાની અંગત ઇચ્છાઓ, જરૂરિયાતો અને સુખસગવડોને જેટલી વધારે ઘટાડી શકાય, એટલી ઘટાડે અને લોકકલ્યાણ માટે જેટલો વધારે ત્યાગ કરી શકે એટલો કરે. જયાં સુધી આપણા દેશવાસીઓ આ આદર્શોને સાચી રીતે સમજયા અને અપનાવતા રહ્યા ત્યાં સુધી આ દેશ સમર્થતા અને સમૃદ્ધિના ઉચ્ચ શિખર પર રહ્યો. અત્યારે બધા એ આદર્શોને ભૂલી ગયા છે અને અધોગતિની ખાઈમાં દિવસે દિવસે ખૂંપતા જાય છે. રાષ્ટ્રીય પતનનું એક જ કારણ છે કે એના પ્રજાજનો પોતાની અંગત સુવિધાઓ, ઇચ્છાઓ, આકાંક્ષાઓ, વાસના તથા તૃષ્ણાઓમાં રચ્યાપચ્યા રહે છે, બધાના ઉત્કર્ષની ઉપેક્ષા કરે છે અને જ્યારે લોકમંગળના કાર્યો માટે ત્યાગ કરવાનો આવે ત્યારે બગલો ઉંચી કરી દે છે. આવા લોકો મનુષ્યના રૂપમાં જન્મ્યા હોય તો પણ ખરેખર મનુષ્ય કહેવાને યોગ્ય નથી. જેમનું લક્ષ્ય સંકુચિત સ્વાર્થીવૃત્તિ સુધી જ સીમિત હોય છે, જે લોકમંગળ તરફ ધ્યાન આપતા નથી એમને નિમ્ન કોટિનાં પ્રાણીઓ જ કહેવા જોઈએ. આવા નિમ્નકોટિના પ્રાણીઓ જે દેશમાં વસતાં હોય એમાં દુર્બળતાનું જ સામ્રાજય રહે અને કદાચ કોઈ બહારનો શત્રુ એના પર આક્રમણ ન કરે, તો પણ આંતરિક દુર્બળતા અને વિકૃતિઓ એમને દુખમાં, ગરીબાઈમાં કંકાસ તથા દ્વેષમાં અને દુર્ગતિમાં નાખીને હંમેશ માટે બાળીને નષ્ટ કરી દે છે.

આપણે આપણા દેશના દરેક નાગરિકમાં રાષ્ટ્રીયભાવના, દેશભક્તિ, સમાજ પ્રત્યે નિષ્ઠા અને લોકસેવાની ભાવના જગાડવી જોઈએ. આ ભાવનાનું શાસ્ત્રીય નામ ધાર્મિકતા એટલે કે અધ્યાત્મિકતા છે. લાલચું, લોભી, હરામી, સ્વાર્થી અને અહંકારી લોકો નાનાં મોટા કર્મકાંડ કરતા હોવાને કારણે કોઈએ એમને ધાર્મિક અથવા આધ્યાત્મિક ભલે કહ્યા હોય, પરંખુ ખરેખર એવું હોતું નથી. કોઈના આત્મામાં જો ધર્મ અથવા અધ્યાત્મનો એક કણ પણ રહેલો હોય તો તે લોકમંગળની ભાવાથી ઓતપ્રોત થયા વગર તથા એ દિશામાં કોઈ ત્યાગ કે બલિદાન આપયા વગર રહી શકતો નથી. જપ અને ધ્યાન જરૂરી છે, પણ એ ન ભૂલવું જોઈએ કે એણે સાધનાના મર્મને સમજી લીધો છે. એમાં માટે લોકસેવા ઈશ્વરભક્તિનું એક સર્વોપરી માધ્યમ બની ગયું હશે.

જેના પથ્થર જેવા મનમાં આ પ્રકારની ભાવનાઓ પેદા થતી નથી તેણે સમજવું જોઈએ કે એ પથરાળ જમીનમાં અધ્યાત્મની અમૃતવર્ષા થઈ જ નથી. જપ તથા ધ્યાનના બહાને એ જરૂર કંઈક તાણાવાણા વણી રહ્યો છે, પણ માત્ર એ ક્રિયાથી એને કશો જ લાભ મળતો નથી, જયાં સુધી એની પાછળ સેવાની ભાવના જોડાયેલી ના હોય. ભગવાનને લૂંટવા માટે  મંત્રતંત્રની લાંચથી કામ ચલાવવાની વૃત્તિવાળા લોકો અધ્યાત્મવાદી હોઈશ કે નહિ. આ ત્યાગી અને બલિદાનીઓનો માર્ગ છે, લૂંટારાઓનો નથી. જે ઈશ્વરની વાત વિચારશે એણે ભૌતિક કામનાઓની જંજાળથી મુક્ત રહીને ઈશ્વરની ઇચ્છા મુજબ તેમના આજ્ઞાંક્તિ થઈને લોકમંગળ માટે કામ કરવાની ભાવના પેદા કરવી પડશે. ઈશ્વરની પ્રસન્નતા અને સામીપ્ય આંતરિક ઉત્કૃષ્ટતાના આધારે જ મળી શકે છે. અત્યારે અને ભવિષ્યમાં પણ આ જ એકમાત્ર માર્ગ રહેશે. - અખંડજ્યોતિ, નવેમ્બર-૧૯૬૫

## જનજાગરણની જરૂરિયાત સમજવામાં આવે

લોકો ઉદાર, સચ્ચરિત્ર, વિવેકવાન અને આદર્શવાદી બને એના માટે સાહિત્ય અને વાણી દ્વારા એમને શક્ય હોય એટલી પ્રેરણા આપવી જોઈએ. જે એની આવશ્યકતા અનુભવે, આપણી સાથે સમંત હોય એમને એવા કાર્યોમાં જોડવા જોઈએ, જે લોકમંગળ માટે જરૂરી હોય. સમય, શ્રમ અને ધનનો એક અંશ જ્યારે લોકો કોઈ કાર્યમાં વાપરે છે ત્યારે એમની ભાવના જાગે છે અને પછી પરિપકવ થાય છે. વિચારોનું મૂલ્ય ત્યારે જ છે, જ્યારે કર્મરૂપે તે ફળીભૂત થાય છે. ગાયત્રી પરિવારના સભ્યોએ તો નવનિર્માણનાં રચનાત્મક કાર્યો કરવાનાં છે અને પોતાના પ્રભાવક્ષેત્રના બીજા લોકને પણ એમાં જોડવાના છે.

-અખંડજ્યોતિ, નવેમ્બર-૧૯૬૫